વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૫૦મું
મે : ૨૦૨૫
અંક : ૫૬૪

મંગલ મંદિર ● મે-૨૦૨૫ ● ૧
(કુલ પાના : ૭૨)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)**

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005

Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

**મુખ્ય વાસ્તવિકતાઓ**

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850** + શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
- **1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રેડિટેશન
- **3300** + જોશીલા વ્યાવસાયિકો

V-TRANS®
Driving Excellence

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

Other Divisions: V-Xpress | V-Logis


JIVRAJ
DR. JIVRAJ MEHTA SMARAK HEALTH FOUNDATION
BAKERI MEDICAL RESEARCH CENTRE
NABL
સાચી અને સારી સારવાર ની ચિંતા ના કરતા
આધુનિક જીવરાજ છે ને
24 x 7 EMERGENCY DEPARTMENT
1 Lac+ Operations
20 Lac+ Patients Treated
200+ Hospital Beds
350+ Doctors
Celebrating 35 Years
079 2663 6363
jivrajhealthcare.org
info@jivrajhealthcare.org
ડૉ. જીવરાજ મહેતા હોસ્પિટલ, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭

તંત્રી લેખ

# બ્રહ્માંડની સફર કરાવતી ઓબ્ઝર્વેટરી

અશોક મહેતા

તાજેતરના વર્તમાનપત્રોના સમાચાર અનુસાર વર્ષ ૨૦૨૩ સુધી શનિના ૧૪૬ ઉપગ્રહ શોધાયા હતા. ત્યારબાદ હાલના સંશોધન અનુસાર ઈન્સ્ટિટ્યૂટ ઑફ એકેડેમિયા સિનિકા (તાઈપેન, તાઈવાન)ના સિનિયર ખગોળશાસ્ત્રી ડૉ. એડવર્ડ એશ્ટોનેટના નેતૃત્વમાં કેનેડા, અમેરિકા અને ફ્રાંસના ખગોળશાસ્ત્રીઓએ સહિયારુ સંશોધન કરી સૌર મંડળમાં શનિના વધુ ૧૨૮ ચંદ્ર શોધી કાઢ્યા છે. આ રીતે કુલ ૨૭૪ ઉપગ્રહો સાથે શનિ 'કિંગ ઓફ સેટેલાઈટ' કહેવાશે.

જો કે આપણા માટે ગૌરવની વાત એ છે કે શનિના હજી સુધી નહીં શોધાયેલા ઉપગ્રહોની સંખ્યા ૧૨૮ છે એવો સમગ્ર વિશ્વમાં સૌથી પહેલો નિર્દેશ ભારતના વિશ્વપ્રસિદ્ધ ખગોળશાસ્ત્રી અને ધી ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી - મુંબઈના ઉદ્‌ગમકાળ એટલે કે વર્ષ ૨૦૦૦થી અત્યાર સુધી રહેલા અધ્યક્ષ ડૉ. જે. જે. રાવલે છેક ૧૯૮૭માં આપેલ હતો.

ડૉ. જે. જે. રાવલ વિશ્વવિખ્યાત ખગોળશાસ્ત્રી છે અને તેમણે આ હેતુસર અનેક દેશોની મુલાકાત લીધેલ છે. તેઓએ ભારતભરમાં બ્રહ્માંડના દર્શન કરવા વગેરે માટે અનેક પ્લેનેટરી સોસાયટી, ઓબ્ઝર્વેટરી, વેધશાળા વગેરેની સ્થાપના કરાવેલ છે.

આ પ્રકારના વિશ્વવિખ્યાત ખગોળશાસ્ત્રી ડૉ. જે. જે. રાવલે તાજેતરમાં જ શ્રી કચ્છી જૈન ભવન પર તેના પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડ અને પૂર્વપ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા સાથે એક મીટિંગ કરી, ભુજમાં આવેલ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની એક એકર જમીન પર બ્રહ્માંડની સફર કરાવતી ઓબ્ઝર્વેટરી, એસ્ટ્રોનોમિકલ એન્ડ સાયન્સ એક્ઝીબિશન સેન્ટર, સૂર્ય વેધશાળા, તારા વેધશાળા વગેરે પ્રકારની વિવિધ ઓબ્ઝર્વેટરીઓ બનાવી આપવામાં અને ત્યારબાદ તેને ચલાવવામાં પૂરેપૂરો સહયોગ આપવાની ખાતરી ઉચ્ચારેલ હતી. આ પ્રોજેક્ટની કિંમત અંદાજે રૂા. આઠ કરોડ જેટલી થાય તેવી વિગત પણ તેમણે આપેલ હતી. ત્યારબાદ તેઓશ્રીએ આ પ્રોજેક્ટની કમ્પ્લીટ ફાઈલ પણ મોકલી આપેલ છે.

આ એક અદ્વિતીય પ્રકારના પ્રોજેક્ટને અગર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ સંયુક્તપણે આગળ ધપાવી તેને સફળતાપૂર્વક પાર પાડી શકે તો તેની આ સંસ્થા માટે એક અદ્વિતીય કાર્ય તરીકેની ભવિષ્યમાં ગણના કરવામાં આવશે.

બંને સંસ્થાના માંધાતાઓ આ માટે જરૂરી નિર્ણય લે એ હિતાવહ બની રહેશે.

૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,
બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦

છેલ્લા ૪૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું

મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯
- **પ્રભુલાલ કપૂરચંદ સંઘવી – સભ્ય**
  મો. ૯૯૭૯૮ ૮૧૭૨૦

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

## ભાગ-૧ : સંસ્થા સમાચાર તથા અન્ય

### તંત્રી લેખ

- બ્રહ્માંડની સફર કરાવતી ઓબ્ઝર્વેટરી ........ **અશોક મહેતા**....... ૪
- સંઘર્ષમાંથી સફળતા સુધી : રીતુ પાટીદારની પ્રેરણાદાયી યાત્રા ........ **હિરેન શાહ**....... ૭
- સરનામા ફેરફાર ● અવસાન નોંધ ● સાભાર સ્વીકાર ........ ૮
- શૈક્ષણિક સહાય (લોન) કેળવણી સહાય ફંડ ........ ૮
- ઉડતી નજરે ........ ૯
- શું તમે નવી કલાઓ શીખવા માંગો છો? – એ પણ તદ્દન ફ્રી માં ........ ૧૦
- 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી ........ ૧૦
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........ ૧૧
- 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવતી જાહેરાતના માસિક દરો ........ ૧૪
- *Nano Nine* શબ્દ રમત-૨૧૮ ........ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૧૫
- *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૭૬) ........ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૧૭
- અતીતના ઓવારેથી : મણકો-૨૧ ........ ૧૮
- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૨૫ ........ **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી**..... ૨૭
- પ્રતિભાવ ........ ૨૯
- અન્ય સંસ્થાના સમાચાર ........ ૩૦
- દેશ - વિદેશ ........ **ચૌલા કુરૂવા**..... ૩૨
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ........ **સંકલન : રસીક ખીમજી મહેતા**..... ૩૫

## ભાગ-૨ : લેખ વિભાગ તથા અન્ય

### પ્રેરણાત્મક પ્રસંગો

- મણકો-૩૦ : ક્ષમા – પીડાદાયક ભૂતકાળમાંથી મુક્તિ
  મણકો-૩૧ : પોતાની જાત પરનો ભરોસો ........ **સંકલન : ડૉ. આશિષ ચોકસી**..... ૩૭

### સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો

- મણકો-૧૭ : મૅડમ ભીકાઈજી કામા ........ **રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ**..... ૩૮

### એરિસ્ટોક્રેટ્સ

- પ્રકરણ-૧૪ : ઓસવાલ શ્રેષ્ઠી – ૭ ........ **દેવેન્દ્ર પટેલ**..... ૩૯

### ચીનની વધતી તાકાત

- ટેરીફ વૉર નહીં, ચીનની વધતી તાકાત ચિંતાજનક ........ **ભવેન કચ્છી**..... ૪૨
  **'ગુજરાત સમાચાર'ના સૌજન્યથી**

### વિદેશ

- ડોનાલ્ડ ટ્રમ્પનું વ્યાપારયુદ્ધ ........ **પ્રવીણ ક. લહેરી**..... ૪૪
  **'વિશ્વ વિહાર'ના સૌજન્યથી**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી દેવેશ દિલીપ દંડ
મો. ૯૩૨૭૯ ૧૮૫૭૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## વર્તમાન

● અમેરિકા અને આપણે ........ **ડૉ. સુધીર શાહ, એડવોકેટ**..... ૪૬
**'વિશ્વ વિહાર'ના સૌજન્યથી**

## ઇમિગ્રેશન

● લોકસભામાં રજૂ થયું ઈમિગ્રેશન બિલ ૨૦૨૫ ........ **ડૉ. મિહિર એમ. વોરા**..... ૫૦

## જીવન જીવવાની મજા

● ૮-એસ નો સરવાળો એટલે ૬૫ વર્ષ પછી જીવન જીવવાની મજા ....... **ડૉ. કમલેશ એન. શાહ**..... ૫૨

## જૈન ધર્મના સિદ્ધાંતો

● તમારી દૃષ્ટિએ કોણ શ્રેષ્ઠ? ........ **મહેન્દ્ર લખમશીભાઈ મોતા**..... ૫૩

## વ્યક્તિ વિશેષ

● અરવિંદ પટેલ : જીવદયાના મશાલચી ........ **વસંત મારૂ**..... ૫૬

## તંદુરસ્તી

● માનસિક સ્ટ્રેસની શરીર પર અસર : ૪ ........ **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક**..... ૫૭
**ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
● ડાયાબિટીસ નેફ્રોપથી (Nephropathy) ........ **ડૉ. કમલેશ એન. શાહ**..... ૫૮

## ચકલી બચાવ અભિયાન

● એક હતો ચકો અને એક હતી ચકી વાર્તાનું વિસરાતું મહાત્મ્ય ........ **મનીષ જોશી 'મૌન'**..... ૬૦

## વાર્તા

● કચ્છ સ્પેશિયલ : માણસાઈનું ઋણ ........ **ધીરજલાલ ડી. તન્ના**..... ૬૧

## બોધકથા

● ચાલોને, આજે ફરી એક બારણું ખખડાવીએ ........ **પ્રેષક : નવનીત પટેલ**..... ૬૪
● બે 'પેઢી' વચ્ચેની સરખામણી ........ **પ્રેષક : નવનીત પટેલ**..... ૬૫

## તીર્થ દર્શન

● દર્શન-૭૬ : શ્રી જેસલમેર તીર્થ (શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન)
● દર્શન-૭૭ : શ્રી જમ્મુ તીર્થ (શ્રી મહાવીર ભગવાન) ........ **પ્રેષક : કે.ડી. શાહ**..... ૬૬

● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
શૈક્ષણિક સહાય અરજી : ભરવાનું ફોર્મ ........ ૬૭

## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો

● થેલાવાળો ફકીર ........ **દેવચંદ ગાલા**..... ૪૧
● હાઈકુ ........ **હસમુખ રામદેપુત્રા**..... ૬૦
● મોટા ભાગે ........ **અરવિંદ સૌમૈયા**..... ૬૬

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

# સંઘર્ષમાંથી સફળતા સુધી : રીતુ પાટીદારની પ્રેરણાદાયી યાત્રા

હિરેન શાહ

અમદાવાદના ત્રણ દરવાજાની રહેવાસી, રીતુ પાટીદારે પોતાનું ૧૨મું ધોરણ પૂર્ણ કર્યું. પરંતુ યોગ્ય નોકરી શોધવા માટે સંઘર્ષ કરી રહી હતી. આ સમયે, તેણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ અને અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા ઑફર કરાયેલા જનરલ ડ્યુટી સહાયક તાલીમ કાર્યક્રમ વિશે જાણ્યું.




● **આરંભમાં સંશય, પછી સમર્થન**

શરૂઆતમાં, રીતુના પિતા તેના આ કોર્સમાં જોડાવા અંગે અચકાતા હતા. તેમ છતાં, તાલીમ કેન્દ્રની મુલાકાત લીધા પછી, તેઓ ત્યાંની આધુનિક સુવિધાઓ અને પ્રેક્ટિકલ લેબ જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા. શીખવા માટે શ્રેષ્ઠ માહોલ અને જરૂરી સાધનો જોઈને, તેમણે રીતુને કોર્સમાં જોડાવા માટે મંજૂરી આપી.

● **શિક્ષણ અને આત્મવિશ્વાસનું વધવું :**

રીતુને હોસ્પિટલ ક્ષેત્રમાં કામ કરવાની પ્રબળ ઈચ્છા હતી. તેણે તાલીમ દરમિયાન સક્રિય ભાગ લીધો અને મહેનત અને ઉત્સાહથી નવી સ્કીલ્સ શીખી. તાલીમ દરમિયાન, માત્ર ટેક્નિકલ જ્ઞાન જ નહીં, પણ નરમ કુશળતા (soft skills), જાહેર બોલવાની કલા, પેશન્ટની સાર સંભાળ, તેમને સાચવવું અને વ્યવસાયિક શિષ્ટાચાર વિશે પણ મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન મળ્યું.

● **સફળતાના શિખર તરફ યાત્રા :**

રીતુએ ત્રણ મહિનામાં બધું જ પ્રેક્ટીકલ અને થિયરીકલ નોલેજ સારું ગ્રહણ કર્યું અને તેને પ્રેક્ટીકલની અંદર હોસ્પિટલમાં એક મહિનો મૂકવામાં આવી હતી. ત્યાં તેનું પરફોર્મન્સ ખૂબ જ સારું હતું અને તે પોતે ત્યાં સિલેક્ટ થઈ ગઈ અને અત્યારે તે ત્યાં સિમ્સ હોસ્પિટલમાં મહિનાના રૂા. ૧૫,૦૦૦/- પગારમાં કામ કરે છે. તે ખૂબ જ ખુશ છે. ત્યાં આઈસીયુના પેશન્ટની સંભાળ રાખે છે.

● **પરિવાર માટે ગૌરવની ક્ષણ :**

રીતુ એક મધ્યમવર્ગીય પરિવારમાંથી આવે છે, જ્યાં તેના પિતા દર મહિને માત્ર રૂા. ૧૦,૦૦૦/- કમાતા હતા. તેમની આર્થિક પરિસ્થિતિમાં સુધારો લાવવાનો તેણે સંપૂર્ણ પ્રયત્ન કર્યો. હવે, તે પરિવારને નાણાંકીય સહાય કરી શકે છે, જે માટે તેને ગર્વ અનુભવાય છે.

● **કૃતજ્ઞતા અને નવી આશાઓ**

આજે રીતુ ખુશીથી કહે છે કે, શ્રી કચ્છી જૈન સેવા સમાજ અને અદાણીનો તાલીમ કાર્યક્રમ મારા માટે જીવન બદલવાનો સોનાનો અવસર સાબિત થયો છે. હું તેમની દિલથી આભારી છું.

આવા ટ્રેનિંગ પ્રોગ્રામ્સ દ્વારા અનેક યુવાનોને આત્મનિર્ભર થવાની તક મળી રહી છે. રીતુની આ પ્રેરણાદાયી યાત્રા દરેક માટે એક ઉદાહરણરૂપ છે કે મહેનત અને યોગ્ય માર્ગદર્શન દ્વારા કેવા ઉત્તમ પરિણામો મેળવી શકાય...

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

| | | |
|---|---|---|
| ■ *ખાતાનું નામ* | : | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ<br>**[Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]** |
| ■ *બેંક* | : | કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ<br>**[Canara Bank, Paldi Branch - Ahmedabad]** |
| ■ *એકાઉન્ટ નંબર* | : | ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ **[70072010016032]** |
| ■ *IFSC કોડ* | : | **CNRB0017007** |

## સરનામા ફેરફાર

- **નારાણજી નરશી દામજી મૈશેરી**
  ૧૦૨, સ્વરા સ્કાયડેક,
  ૧૫, મહાદેવનગર સોસાયટી,
  સરદાર પટેલ બાવલા પાસે,
  સરદાર પટેલ સ્ટેડિયમની પાછળ
  નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
  મો. ૯૮૭૯૦ ૮૩૦૩૩, ૯૬૬૨૧ ૧૩૧૦૦
- **કાંતિલાલ ગોવિંદલાલ જગશીભાઈ શાહ (કોરડિયા)**
  ૩૦૨, ત્રીજો માળ, શાશ્વત એપાર્ટમેન્ટ,
  શૈવલ એલિગન્સની બાજુમાં,
  સુવિધા શોપીંગ સેન્ટરની પાછળ, સુખીપુરા રોડ,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૯૭૯૫ ૫૫૯૫૫, ૯૮૨૫૩ ૨૬૨૦૨
- **ધનરાજ રામજી રતનશી દેઢિયા**
  ઈ-૫૦૩, સ્મરણ એપાર્ટમેન્ટ, ટોરેન્ટ પાવરની સામે,
  બકેરી સિટી, વેજલપુર, અમદાવાદ-૩૮૦ ૦૫૧.
  મો. ૮૯૮૦૦ ૪૮૮૩૪
- **જયેશ ભવાનજીભાઈ પાશવીર નાગડા**
  એ-૯૦૧, રત્નદીપ ફ્લોરા, ૯મો માળ,
  એસ.વી. સ્ક્વેરની સામે, ખોડિયાર મંદિર રોડ,
  ન્યુ રાણીપ, અમદાવાદ-૩૮૨ ૪૭૦.
  મો. ૯૭૨૭૭ ૦૦૧૦૪

## અવસાન નોંધ

- *મંગળવાર, તા. ૧૫-૪-૨૦૨૫*
  **ગં.સ્વ. સુશીલાબેન ગુલાબચંદ સંઘવી (અમદાવાદ - માંડવી)** (ઉં.વ. ૯૫)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- *શનિવાર, તા. ૧૯-૪-૨૦૨૫*
  **વિજયભાઈ ભાણજી છાડવા (અમદાવાદ - બાડા)** (ઉં.વ. ૯૦)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.

*સદ્‌ગતશ્રીઓના આત્માને*
*પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે એ જ અભ્યર્થના.*

## ભારતમાં એ.સી.નું વેચાણ

*હાલે ભારતમાં દર ૧૫ સેકન્ડે ૧ એ.સી. વેચાય છે. આગામી ૩૦ વર્ષમાં દર સેકન્ડે ૧૦ નવા એ.સી. વેચાશે.*

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર

રૂા.૪૦,૦૦,૦૦૦/- નવનીત ફાઉન્ડેશન - અમદાવાદ

### જનરલ ડોનેશન

રૂા. ૨૦,૦૦૦/- શ્રીમતી અનુજા રાજન અરોઠે - વડોદરા
રૂા. ૫,૦૦૦/- શ્રી ભાઈચંદભાઈ શાહ - અમદાવાદ
રૂા. ૧,૧૨૦/- શ્રી જૈનમ ફુરિયા - મુંબઈ

### મેડિકલ રીલીફ ફંડ

રૂા. ૧૧,૦૦૦/- શ્રી જ્યોતિન્દ્ર બાબુલાલ વ્યાસ - અમદાવાદ તરફથી વસુમતિબેન બી. વ્યાસના સ્મરણાર્થે
રૂા. ૫,૦૦૦/- શ્રી રાજેન્દ્ર વાડીલાલ મહેતા - અમદાવાદ

### જલારામ અન્નક્ષેત્ર યોજના

રૂા. ૫,૦૦૦/- પ્રીતિ જીગર છેડા (ફરાદી, મુંબઈ)
રૂા. ૧,૧૦૦/- જયતા મહેશ ઠક્કર - કોટડા રોહા (કચ્છ)
રૂા. ૧,૦૦૦/- શ્રીમતી મધુરીબેન કાંતિલાલ છેડા - ફરાદી (કચ્છ)

### વૈયાવચ્ચ ફંડ

રૂા. ૫,૦૦૦/- સુશ્રી ચૌલાબેન કુરૂવા - અમદાવાદ
રૂા. ૧,૦૦૦/- શ્રીમતી સરોજબેન વસંતભાઈ શાહ - ગાંધીધામ

### સાધર્મિક સહાય યોજના

રૂા. ૧,૧૦૦/- શ્રી શેરડી મહાજન એન્ડ દેરાસર - માંડવી

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી બિપીનચંદ્ર કાનજી રવજી (નાની ખાખરવાલા) શૈક્ષણિક સહાય (લોન) કેળવણી સહાય ફંડ

આથી સર્વે સભ્યોને જણાવવાનું કે આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે પોતાના પાલ્યની લોન - સ્કોલરશીપના ફોર્મ્સ પૂરેપૂરી વિગતો ભરીને **તા. ૧૫-૦૭-૨૦૨૫ સુધીમાં** શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે પરત કરવાના રહેશે. જે લોકોની ફી ભરવાની બાકી હોય તેમણે પણ તેમના ફોર્મ રસીદ વગર પણ અંતિમ તારીખ સુધીમાં જમા કરાવી દેવા. ત્યાર પછી આવેલ અરજી ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં.

*ફોર્મ પાના નં.-૬૯ ઉપર છાપવામાં આવેલ છે.*

**મનીષ આણંદજી વીરા**
*કન્વીનર - શૈક્ષણિક સહાય સમિતિ*

## ઉડતી નજરે.... માસ માર્ચ-૨૦૨૫ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –*<br>● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ ૯૫૩<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ ૮૫<br>● બોડી ચેક-અપ ........ ૫૩૫<br>● સોનોગ્રાફી ........ ૧,૨૫૦<br>● ટી.એમ.ટી. ........ ૪૫<br>● ઑપરેશન ........ ૧૨<br>● ઈકો ........ ૩૭૭<br>● અન્ય ........ ૭,૮૧૬ | ૧૧,૦૭૩ |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –*<br>● પુરુષો ........ ૩૦૯<br>● સ્ત્રીઓ ........ ૨૨૨<br>● બાળકો ........ ૧૩<br>● કેન્ટીન ........ ૩,૭૧૦ | ૪,૨૫૪ |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –*<br>● પુરુષો ........ ૧૧૧<br>● સ્ત્રીઓ ........ ૪૧<br>● બાળકો ........ ૬ | ૧૫૮ |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૧૪૭ |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –*<br>● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ........ ૧,૮૮૦<br>● મ્યુઝિયમ ........ ૯૧૦<br>● કેન્ટીન ........ ૩,૬૫૦<br>● જલારામ અન્નક્ષેત્ર ........ ૩૬૦<br>● ડિસ્પેન્સરી ........ ૮૧ | ૬,૮૮૧ |
| ૬. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૫૭૬ |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર *તથા* દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –*<br>● બોડી ચેક- અપ ........ ૩૦૦<br>● સોનોગ્રાફી ........ ૨૮૩<br>● ઑપરેશન ........ ૧૫<br>● માઈનોર ઓ.ટી. ........ ૫<br>● ફિઝિયોથેરાપી ........ ૧,૯૪૮<br>● અન્ય ........ ૫,૭૦૩ | ૮,૨૫૪ |

| | | |
|---|---|---|
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | **૨૮૭** |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી* – • એક્સ-રે ........ ૭૮<br>• સોનોગ્રાફી ........ ૩૧<br>• બોડી ચેક-અપ ........ ૧૬૧<br>• ઈકો ........ ૪<br>• અન્ય ........ ૭૩૨ | **૧,૦૦૬** |
| ૧૦. | **નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી* – • એક્સ-રે ........ ૩૮૧<br>• સોનોગ્રાફી ........ ૧૭૭<br>• ફિઝિયોથેરાપી ........ ૬૯૩<br>• ડેન્ટલ ........ ૨૬૨<br>• બોડી ચેક-અપ ........ ૮૩<br>• 2-D ઈકો ........ ૩૧<br>• પેથોલોજી ........ ૩૩૯<br>• ઈ.સી.જી. ........ ૧૦૦<br>• ટી.એમ.ટી. ........ ૪૯<br>• ઑપરેશન ........ ૧૦<br>• અન્ય ........ ૮૯૩ | **૩,૦૧૮** |
| | *માસ માર્ચ – ૨૦૨૫ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ* ........ | **૩૫,૬૫૪** |

## શું તમે નવી કલાઓ શીખવા માંગો છો...?

### એ પણ તદ્દન ફ્રી માં....?

*અમદાવાદમાં તમારા માટે એક સુવર્ણ તક લઈને અમે આવ્યા છીએ... નિઃશુલ્ક કલા વર્ગો...*

૧. મડ મિરર વર્ક (Mud Mirror Work) / લીંપણ વર્ક – આપણી સંસ્કૃતિની અનોખી કળા. માટી અને કાચથી બનાવો અદ્‌ભુત કલાકૃતિઓ.

૨. ઓરીગામિ (Origami) : કાગળમાંથી અવનવી આકૃતિઓ બનાવવાની જાદુઈ કળા.

૩. કેલિગ્રાફી (Calligraphy) : સુંદર હસ્તાક્ષર - જે દરેકને પ્રભાવિત કરશે.

૪. ક્વિલીન્ગ (Quilling) – અને ઘણું બધું.

*સંપર્ક :* **શ્રીમતી અલ્પાબેન મૂલચંદ મારૂ**
૨૦૨, સમુત્કર્ષ રેસિડેન્સી, ૧૯, શ્રીનિવાસ સોસાયટી,
શારદા મંદિર રોડ, સુખીપુરા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
**મો. ૯૦૯૯૦ ૬૪૮૦૦**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**તા. ૧૫-૦૩-૨૦૨૫થી તા. ૧૫-૦૪-૨૦૨૫ સુધી**
**'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી**

**૨ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી**

| | | | |
|---|---|---|---|
| ૧. | આશિષ ધીરૂભાઈ શાહ | અમદાવાદ | ૨૨-૦૩-૨૫ |

**૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી**

| | | | |
|---|---|---|---|
| ૧. | બિપીન રતનશી સાયા | અમદાવાદ | ૧૮-૦૩-૨૫ |

**૧૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી**

| | | | |
|---|---|---|---|
| ૧. | બીરેન વેલજી માલદે | મુંબઈ | ૧૯-૦૩-૨૫ |
| ૨. | કલ્પેશ માણેકજી મોતા | મુંબઈ | ૦૩-૦૪-૨૫ |

*પ્યાર અને સન્માન બે એવી ભેટ છે*
*કે તે આપવા લાગશો તો પણ વ્યક્તિ ઝૂકી જશે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## નવનીત મેડિકલ સેન્ટર - પાલડી

**તા. ૨૬-૦૩-૨૦૨૫**

- આજ રોજ તબીબી સેવા સમિતિની મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કોન્ફરન્સ રૂમમાં મળેલ હતી. જેમાં સેક્રેટરી શ્રી રજનીભાઈ પારેખે પત્ર લખેલ હતો. જેમાં અત્યાર સુધી સમાજના સભ્યને દર વર્ષે એપ્રિલથી માર્ચમાં એક વખત રૂા. ૨૮૦૦/- વાળી બોડી ચેક-અપની સ્કીમ ફ્રી માં આપવામાં આવે છે તેના બદલે તા. ૧-૪-૨૦૨૫થી રૂા. ૩૬૦૦/- વાળી સ્કીમ આપવી. તે સ્કીમમાં સમાવેશ કરવામાં આવેલ HBA1C (ડાયાબિટીસ માટેની ત્રણ મહિનાની સુગર એવરેજ) જેમને ડાયાબિટીસ હોય તેમને અથવા ડૉક્ટર સજેસ્ટ કરે તો આ ટેસ્ટ કરવો.
- અત્યારે દોઢ કલાકના સમયમાં આવનારા એમ.ડી. કક્ષાના ડૉક્ટરને પ્રતિ કલાક રૂા. ૪૦૦/- કન્સલ્ટેશન કરવા આવવા માટે આપીએ છીએ તેના પ્રતિ કલાક રૂા. ૫૦૦/- કરવા. ટ્રસ્ટ મંડળે આ દરખાસ્ત મંજૂર કરેલ છે. (દર ત્રણ વર્ષે ડૉક્ટર્સના કન્સલ્ટેશન ચાર્જિસ વધારવામાં આવે છે.) સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર્સને કલાકના રૂા. ૬૦૦/-ના બદલે રૂા. ૭૫૦/- આપવા એમ નક્કી થયું.

**તા. ૨૭-૩-૨૦૨૫**

- ડૉ. દેવલ શાહ દ્વારા રૂા. ૧૦,૦૦૦/-વાળા બે અને ડૉ. આકાશ પટેલ દ્વારા રૂા. ૨૪૦૦૦/- અને રૂા. ૧૫૦૦૦/- વાળા મોતિયાના ઑપરેશન્સ કરવામાં આવ્યા.

**તા. ૦૨-૦૪-૨૦૨૫**

- એક સદ્‌ગૃહસ્થશ્રી મેડિકલ સેન્ટરમાં આવ્યા હતા. તેમના દ્વારા રૂા. ૫,૦૦૦/-નું ડોનેશન આપવામાં આવ્યું.

**તા. ૯-૪-૨૦૨૫**

- પાલડી મેડિકલ સેન્ટરના સ્પિરીટનું લાઈસન્સ પાંચ વર્ષ માટે રીન્યુ કરવા માટેની ઓનલાઈન પ્રોસીજર કરવામાં આવી.

**તા. ૧૪-૪-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે પાલડી મેડિકલ સેન્ટરની મુલાકાત લીધેલ હતા. દાંતના ડૉક્ટર માધુરી ગાંધી ટૂંક સમયમાં અન્યત્ર જોઈન થવાના છે એ જાણકારી બાદ નવા ડેન્ટીસ્ટની નિમણુંક માટે તેમને જણાવવામાં આવ્યું.

## નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

**તા. ૧૫-૩-૨૦૨૫**

- આજ રોજ ડૉ. જયનીલ શાહ (ગાયનેકોલોજિસ્ટ) દ્વારા અઠવાડિયામાં ત્રણ દિવસ સવારે ૮ થી ૯.૩૦ ઓ.પી.ડી. શરૂ કરેલ છે.

**તા. ૨૭-૩-૨૦૨૫**

- આજ રોજ ડૉ. ધ્રુવ પટેલ (Psychiatrist) દ્વારા દર ગુરૂવારે સવારે ૯ થી ૧૦ ઓ.પી.ડી. શરૂ કરેલ છે.

**તા. ૨૪-૩-૨૦૨૫**

- આજ રોજ બોપલ તથા નજીકના વિસ્તારોમાં સેન્ટરની માહિતી આપતા બ્રોશર્સનું વિતરણ કરાવવામાં આવ્યું.

**તા. ૨૮-૩-૨૦૨૫**

- આજ રોજ નવનીત ડાયાલિસિસમાં PMJAY તરફથી ઈન્સ્પેક્શન આવેલ હતું.

**તા. ૧-૪-૨૦૨૫**

- આજ રોજ ડૉ. જ્યોતિન શાહ (M.D. Physician) દ્વારા સોમથી શનિ રોજ સવારે ૧૧ થી ૧૨.૩૦ની ઓ.પી.ડી. શરૂ કરવામાં આવી.
- આજ રોજ માર્ચ મહિનાનો મંથલી રીપોર્ટ ડૉ. હિતેન્દ્ર શાહને આપવામાં આવેલ હતો. જેમાં ટોટલ ૮,૨૫૪ જેટલા દર્દીઓએ સારવાર લીધેલ હતી. ટોટલ ૨૮૭ જેટલા ડાયાલિસિસ કરવામાં આવેલ છે.

**તા. ૪-૪-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે ડૉ. સાગર જીવનાની (રેડિયોલોજિસ્ટ) સાથે વાતચીત કરી બોપલ ખાતે જોડાયેલ હતા. ડૉ. સાગર જીવનાની રોજ સવારે ૧૦.૩૦થી ૧૨ વાગ્યા સુધી સેવા આપશે.
- આજ રોજ ડૉ. રીદ્ધિએ ડૉ. મેહુલ મજમુદાર સાથે વાતચીત કરી દર સોમવારે સાંજે ૫ થી ૬માં ઓ.પી.ડી. શરૂ કરાવેલ હતી. જેની જાણ ડૉ. હિતેન્દ્ર શાહને કરેલ હતી.

**તા. ૧૨-૪-૨૦૨૫**

- આજ રોજ શ્રી પ્રતાપભાઈ દંડ અને ડૉ. હિતેન્દ્ર શાહે મેડિકલ સેન્ટર તથા ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લીધેલ હતી.

## પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર

**તા. ૧૯-૩-૨૦૨૫**

- આજરોજ પીરામલ સોલ્યુશન કંપનીના મેનેજર શ્રી જીતુભાઈ પરમારે સેન્ટરની મુલાકાત લીધી. તેમની કંપનીના ૨૫ કર્મચારીના મેડિકલ ફિટનેસ તેમજ બ્લડ રીપોર્ટ કરાવવાના ક્વોટેશન આપવામાં આવ્યા.

**તા. ૨૦-૩-૨૦૨૫**

- આજ રોજ હર્ષા એન્જિનિયરીંગ ઇન્ટરનેશનલ લિ. કંપની - ચાંગોદર ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવેલ હતો. ત્યાં મુલાકાત લેવામાં આવી અને સેન્ટરના પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવ્યું અને સંપૂર્ણ માહિતી આપવામાં આવેલ હતી.

**તા. ૨૧-૩-૨૦૨૫**

- આજ રોજ મોરૈયા ગ્રામ પંચાયતની મુલાકાત લીધી હતી અને ફેબ્રુઆરી-૨૦૨૫ના સ્ટાફનો પ્રોફેશનલ ટેક્સનો ચેક જમા કરાવીને જાન્યુઆરી-૨૦૨૫ની રસીદ મેળવેલ હતી.

**તા. ૨૫-૩-૨૦૨૫**

- આજ રોજ ટ્રાયો એજિન્સ કંપનીમાંથી ટેકનિશિયન આવેલ હતા અને સેન્ટરના તમામ એર કન્ડિશનરોની સર્વિસ કરવામાં આવેલ હતી.

**તા. ૨૬-૩-૨૦૨૫**

- આજ રોજ હેમસ્ટાર ફિલામેન્ટ્સ, હેમટેક ઇન્ડસ્ટ્રીઝ, હેમા રેમેડાઈઝ કંપનીમાં મુલાકાત લીધી હતી અને ફેબ્રુઆરી-૨૦૨૫ના બીલ આપી તેના પેમેન્ટ મેળવેલ હતા.

**તા. ૨૮-૩-૨૦૨૫**

- આજ રોજ ફિટવેલ ફાર્માસ્યુટીકલ પ્રા.લિ. અને ફાર્મા લાઇફ સાયન્સ – આ બંને કંપનીમાંથી ૮ કર્મચારીઓના મેડિકલ ફિટનેસ કરવામાં આવ્યા.
- આજ રોજ સુમિપ કોમ્પોસાઇટ્સ કંપની (ડૉનર)ના એચ.આર. શ્રી સચીનભાઈ કંપનીના કર્મચારીને લઇને સેન્ટર પર આવેલ હતા અને તેમની પ્રાથમિક સારવાર કરવામાં આવી હતી.

**તા. ૩-૪-૨૦૨૫**

- આજ રોજ શ્રી હિતેન્દ્ર શાહ સેન્ટરની મુલાકાતે આવ્યા. તેમણે ડૉ.કિશન માળી અને પ્રતીક વ્યાસ સાથે મીટિંગ કરી. સેન્ટરમાં પેશન્ટ કઈ રીતે વધારવા તેમજ અગાઉ મીટિંગમાં સેન્ટરને રાત્રિ દરમિયાન ચાલુ કરવા બાબતે (24 X 7) જે ચર્ચા થઈ હતી તેના માટે પણ ચર્ચા કરી.

**તા. ૨-૪-૨૦૨૫થી ૪-૪-૨૦૨૫**

- આ દિવસ દરમિયાન ૧૮ કંપનીના માર્ચ-૨૦૨૫ના બીલ આપવાનું કામ પૂરું કરેલ.
- લાલ દરવાજા PNDT ડિપાર્ટમેન્ટમાં થયેલ માર્ચ ૨૦૨૫ના મહિનામાં એન્ટીનેટલ સોનોગ્રાફીના ચાર ફોર્મ જમા કરાવવામાં આવ્યા.

**તા. ૨-૪-૨૦૨૫**

- આજ રોજ ક્રિએટીવ પ્રિન્ટર્સ પ્રા.લિ. કંપનીનાં પાંચ કર્મચારીઓનાં આંખોનું ચેક-અપ આંખના ડૉક્ટર પ્રકૃતિ ખેતાન દ્વારા કરવામાં આવેલ.

**તા. ૭-૪-૨૦૨૫**

- આજ રોજ હેતરો એન્લાયટીકલ પ્રા.લિ. કંપનીના કર્મચારીનું મેડિકલ ફિટનેસ સેન્ટર ઉપર કરવામાં આવ્યું.

**તા. ૧૫-૪-૨૦૨૫**

- આજ રોજ એમનીલ ફાર્માસ્યુટીકલ કંપનીનાં ૯ કર્મચારીએ સેન્ટર ઉપર આવીને મેડિકલ ફિટનેસ કરાવેલ છે.

**તા. ૧૬-૪-૨૦૨૫**

- આજ રોજ શ્રી જયેશભાઈ મજમુદારે સેન્ટરની મુલાકાત લીધેલ અને તેમણે ડૉ. કિશન માળી અને પ્રતીક વ્યાસ સાથે તા. ૧-૩-૨૦૨૫ના રોજ મીટિંગ દરમિયાન જે ચર્ચા થઈ હતી તેનું કામ કેટલું આગળ વધ્યું અને પેશન્ટ વધે તે બાબતે ચર્ચા કરી.

## નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર

**તા. ૨૪-૩-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાના બે સફળ ઑપરેશન થયા.
- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના મેડિકલ સેન્ટરના મેડિકલ ઓફિસર ડૉ. દક્ષાબેન રામાવત, એચ.આર. ખુશ્બુબેન શાહ તથા કિન્નરીબેને જશોદાનગર મેડિકલ સેન્ટરની મુલાકાત લીધી.
- એચ.આર. ખુશ્બુબેન શાહે સેન્ટરના સ્ટાફ સાથે મીટિંગ કરી અને સ્ટાફને કેમ્પ સફળ થયો એના માટે અભિનંદન આપ્યા અને એમની સાથે કામ અંગે ચર્ચા કરી.

**તા. ૨૫-૩-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી અને સેન્ટરની કાર્યવાહી વિશે ચર્ચા કરી.
- આજ રોજ SBI પેન્શનર ગ્રુપ - ઘોડાસર અને સિનિયર સિટીઝન ગ્રુપના પ્રમુખ વિનાયકભાઈ પાઠકે જશોદાનગર સેન્ટરની મુલાકાત લીધી.

**તા. ૩-૪-૨૦૨૫**

- આજ રોજ ઘોડાસર જોગર્સ પાર્ક સિનિયર સિટીઝન ગ્રુપના પ્રમુખ હરેશ જૈન અને કુંજબિહારી શાહે સેન્ટરની મુલાકાત લીધી.

**તા. ૪-૪-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી.

**તા. ૧૦-૪-૨૦૨૫**

- ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી અને રેડિયોલોજિસ્ટ ડૉ. નીલ ચોક્સી સાથે કામની ચર્ચા કરી.
- આજ રોજ સેન્ટરના મેડિકલ ઓફિસર ડૉ. કોમલ દવે તથા એડમિન સ્નેહલભાઈ ભાવસારે નિરામય વૃદ્ધાશ્રમ - ઘોડાસરની મુલાકાત લીધી.

**તા. ૧૧-૪-૨૦૨૫**

- આજ રોજ નવનીત ફાઉન્ડેશન તરફથી શ્રી રાજશ્રીબેન રાવલે સેન્ટરની મુલાકાત લીધી. એમણે સેન્ટરના મંથલી પેશન્ટની વિગતો તથા ડેટા વિશે વિસ્તૃત ચર્ચા કરી.

**તા. ૧૪-૪-૨૦૨૫**

- આજ રોજ સેન્ટર ખાતે ડૉ. કાર્તિક વાલાને નિયુક્ત કરવામાં આવ્યા. જે સેન્ટર ઉપર સવારે ૯ થી ૧૦.૩૦ દરમિયાન આવશે.

## સુધારો

'મંગલ મંદિર'ના એપ્રિલ-૨૦૨૫ના અંકમાં વયસ્ક સમિતિના એક દિવસીય પિકનીકના પ્રવાસના અહેવાલમાં સ્પોન્સરશિપમાં "શ્રી નીતિન હરિલાલ સંઘવી"ના નામની જગ્યાએ **"શ્રી નરેન્દ્ર હરિલાલ સંઘવી"** – તેમ સુધારીને વાંચવું.

## વકફ બોર્ડ શું છે?

વકફનો અર્થ થાય છે "અલ્લાહના નામે." એવી જમીનો કે જે કોઈ વ્યક્તિ કે સંસ્થાના નામે નથી અને તેથી તે મુસ્લિમ સમાજની છે. આ વકફ જમીનમાં મસ્જિદો, મદરેસા, કબ્રસ્તાન, ઈદગાહ, કબરો, પ્રદર્શન સ્થાનો વગેરેનો સમાવેશ થાય છે.

મુસ્લિમ સમુદાયની જમીનો પર નિયંત્રણ કરવા, વકફ જમીનોના દુરુપયોગને રોકવા અને જમીનોના ગેરકાયદે વેચાણને રોકવા માટે વકફ બોર્ડની રચના કરવામાં આવી હતી.

વકફ કાયદો પહેલીવાર લોકસભામાં ૧૯૫૪માં પસાર થયો હતો. જો કે બાદમાં તેને રદ કરવામાં આવ્યો હતો.

આ પછી ૧૯૯૫માં સંસદમાં નવો કાયદો પસાર કરવામાં આવ્યો. આ વખતે વકફ બોર્ડને ઘણી સત્તાઓ આપવામાં આવી હતી. આ પછી ૨૦૧૩માં તેમાં ઘણા સુધારા કરવામાં આવ્યા હતા અને વકફ બોર્ડને સ્વાયત્તતા આપવામાં આવી હતી.

૧૯૯૫નો વકફ અધિનિયમ કહે છે કે જો વકફ બોર્ડને લાગે કે આ જમીન વકફની મિલ્કત છે તો તેને કાયદાનુસાર સાબિત કરવાની જવાબદારી વકફ બોર્ડ પર નથી પરંતુ તે જમીનના વાસ્તવિક માલીકની છે કે તે સમજાવે કે તેની જમીન વકફની કઈ રીતે નથી.

જો તમારી મિલ્કતને વકફ મિલ્કત તરીકે જાહેર કરવામાં આવે તો તમે તેની સામે કોર્ટમાં જઈ શકતા નથી. તમારે વકફ બોર્ડને જ અપીલ કરવાની રહેશે. વકફ બોર્ડનો નિર્ણય તમારી વિરુદ્ધ આવે તો પણ તમે કોર્ટમાં જઈ શકતા નથી. પરંતુ તમે વકફ ટ્રીબ્યુલમાં જઈ શકો છે. વકફ ટ્રીબ્યુલના નિર્ણયને હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટમાં પણ પડકારી શકાતો નથી.

**૧૯૯૫ અને ૨૦૧૩માં પસાર કરાયેલા કાયદાનુસાર આ છે વકફ બોર્ડની વાસ્તવિકતા કે જેમાં વર્ષ ૨૦૨૫માં ભારતની પાર્લામેન્ટમાં જરૂરી સુધારા-વધારા કરવામાં આવ્યા છે.**

*દરેક જલતા દીપકની નીચે અંધારું હોય છે, દરેક રાતની પાછળ સવાર આવતી હોય છે.*
*લોકો મુસીબતને જોઈને ગભરાઈ જાય છે*
*પરંતુ દરેક મુસીબતની પાછળ સત્યની સવારી આવતી હોય છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવતી જાહેરાતના માસિક દરો

| ક્રમ | વિગત | કલર | આખું પાનું | અડધું પાનું | પા પાનું |
|---|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં.-૪ | મલ્ટી કલર | રૂા. ૭,૦૦૦ | — | — |
| ૨. | કવર પેજ નં. ૨ | મલ્ટી કલર | રૂા. ૬,૫૦૦ | — | — |
| ૩. | કવર પેજ નં. ૩ | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | — | — |
| ૪. | કવર પેજ નં. - ૨ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | | |
| ૫. | કવર પેજ નં. - ૩ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૫૦૦ | | |
| ૬. | અંદરનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૦૦૦ | | |
| ૭. | અંદરનું પાનું | સીંગલ કલર | રૂા. ૪,૦૦૦ | | |
| ૮. | અંદરનું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૨,૦૦૦ | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ |
| ૯. | સાદા પાનાની નીચે ૧" સાઇઝની બોટમ પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૫૦૦ | | |

*જાહેરાતના અત્રે દર્શાવેલ દરમાં ૫% લેખે GST અલગથી લાગશે.*

**નોંધ :** એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

**જાહેરાતની સાઈઝ :** (૧) ફુલ પેજ : ૧૮.૦ X ૨૩.૬ સે.મી. | (૨) હાફ પેજ : ૧૮.૦ X ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ X ૧૧.૬ સે.મી. | (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ X ૨.૫૪ સે.મી.

**વિઝીટીંગ કાર્ડ સાઈઝ જાહેરાત : ૧૨ મહિનાના ભાવ**

*જાહેરાતના અત્રે દર્શાવેલ ભાવમાં ૫% લેખે GST અલગથી લાગશે.*

| ક્રમ | વિગત | કલર | સાઇઝ | એમાઉન્ટ |
|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં – ૪ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૫,૦૦૦ |
| ૨. | કવર પેજ નં – ૨ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૦,૦૦૦ |
| ૩. | કવર પેજ નં – ૩ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૧૫,૦૦૦ |

*નોંધ : દરેક વિઝીટીંગ કાર્ડ સાઈઝના જાહેરાતના ૧૨ મહિનાના ડિસ્કાઉન્ટ સાથેના ભાવ છે.*

*કદમ બઢાતા રહો, કિનારો જરૂરથી મળશે. અંધકારથી લડતા રહો, સવાર જરૂરથી ખીલી ઉઠશે.*
*જ્યારે નક્કી કરી લીધું છે કે મંઝીલ પર પહોંચવું જ છે તો રસ્તો જરૂરથી મળી રહેશે.*
*એ મુસાફર, તુ થાકી ના જા, એક દિવસ સમય જરૂરથી તારો થશે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### અમદાવાદ પધારતા અતિથિઓની સગવડતા વધારાઈ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ત્રણે અતિથિ ભવન – પાલડી, શાહીબાગ અને ગીતા મંદિરનું બુકિંગ હવે ઓનલાઈન થઈ શકશે.*

**www.kjss.org** પર બુકિંગ થઈ શકશે.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ દંડ**
**પ્રમુખશ્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## NanoNine® શબ્દ રમત-૨૧૮

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ૪ | | ૫ | ૬ | | | ૭ |
| | | ૮ | ૯ | | ૧૦ | | | | | | |
| ૧૧ | ૧૨ | | ૧૩ | ૧૪ | | | | | ૧૫ | ૧૬ | |
| | ૧૭ | ૧૮ | | ૧૯ | ૨૦ | ૨૧ | | ૨૨ | | | |
| ૨૩ | | ૨૪ | ૨૫ | | ૨૬ | | ૨૭ | | ૨૮ | | |
| ૨૯ | ૩૦ | | ૩૧ | ૩૨ | | ૩૩ | | ૩૪ | | ૩૫ | ૩૬ |
| ૩૭ | | | ૩૮ | | ૩૯ | | ૪૦ | | | ૪૧ | |
| | ૪૨ | ૪૩ | | ૪૪ | | ૪૫ | | ૪૬ | ૪૭ | | |
| ૪૮ | | ૪૯ | | | ૫૦ | | ૫૧ | | ૫૨ | ૫૩ | |
| ૫૪ | | | | ૫૫ | | | ૫૬ | ૫૭ | | ૫૮ | ૫૯ |
| | | | ૬૦ | | | ૬૧ | | ૬૨ | ૬૩ | | |
| ૬૪ | | | | | | ૬૫ | | | ૬૬ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૫-૨૦૨૫ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. લીલામ (૩)
૩. કેફી ચીજથી ચડતો કેફ (૨)
૫. લાગણીઓને વશ થાય એવું (૫)
૮. ચોળાની દાળની એક બનાવટ (૨)
૧૦. લાકડા કાપવાનું એક સાધન (૪)
૧૧. કાગળ પત્ર (હિં) (૨)
૧૩. ધ્યાન, લાખની સંખ્યા (૨)
૧૫. હેત, સ્નેહ (૩)
૧૭. અણીદાર નખવાળું, આબુના તળાવનું નામ (૨)
૧૯. માર્ગ, રસ્તો (૩)
૨૨. ગણપતિ (૪)
૨૪. ______ એન્ડ ટફ (૨)
૨૬. બહાર જતું કે મોકલાતું, ખરચ, ઉધારેલી રકમ (૩)
૨૮. ચા ______ રકાબીમાં પીવાય (૨)
૨૯. ______ના કર્યા હૈયે વાગ્યા (૨)
૩૧. રામનો પુત્ર (૨)
૩૩. લીલાપણું (૩)
૩૫. સાધુ (૨)
૩૭. બંદૂક (અં.) (૨)
૩૮. ______ કઠણ ને કાયા સુંવાળી, કૃત્ય, કૃમિ (૩)
૪૦. ______ ભલા તો હોગા ભલા (૨)
૪૧. ઉંદરનું ઘર (૨)
૪૨. ______ સાંભળી ફૂટ્યા કાન તો પણ ન આવ્યું બ્રહ્મજ્ઞાન (૨)
૪૪. ખારવો (૩)
૪૬. દીવો, દીપક (૨)
૪૯. ______ પરમેશ્વર (૨)
૫૦. આસ્થા, શ્રદ્ધા, ધર્મ (૩)
૫૨. મૃત્યુનો દેવ (૨)
૫૪. બફારો, બફાવવું તે (૩)
૫૬. કાજળ (૨)
૫૮. ______ની દાંડીએ સીધા ચાલ્યા જાવ (૨)
૬૦. હાર્મોનિયમ (૪)
૬૨. રીત, પદ્ધતિ (૨)
૬૪. શિવાજી ટર્મિનસનું જૂનું નામ (૫)
૬૫. ______ ઘૂંઘરું બાંધ, મીરા નાચી થી... (૨)
૬૬. વિશ્વની સૌથી મોટી ______ ચીનમાં છે (૩)

### ઊભી ચાવીઓ

૧. ______નાં તેડા (૩)
૨. પ્રાણી માત્રમાં ______ છે (૨)
૪. ખેદ, સંતાપ (૨)
૫. મહારાષ્ટ્રનું લોકનૃત્ય (૩)
૬. વીતી ગયેલું, ભૂતકાળનું (૨)
૭. બદમાશ, શેતાન (૪)
૯. બે વેપારી વચ્ચે થયેલા સોદાને કહેવાય (ઇ.) (૨)
૧૨. ______, મન, ધનથી સેવા કરો (૨)
૧૪. ______ વીરસ્ય ભૂષણમ્ (૨)
૧૫. મશ્કરી (૩)
૧૬. મનને ગમતું (૫)
૧૮. દૂધ અને ભાતની વાનગી (૨)
૨૦. રવિવારે બધાને હોય (૨)
૨૧. ગોવાળિયો (૩)
૨૩. સૌભાગ્ય (૩)
૨૫. આસમાન, સ્વર્ગ (૩)
૨૭. ૬૦ મિનિટ એટલે એક ______ (૩)
૩૦. નાચવાનો અવાજ (૩)
૩૨. સોના ચાંદીની પાતળી પતરી (૩)
૩૪. ઠંડી, સળેખમ (૩)
૩૬. તર્જ, ગાવાની ઢબ (૩)
૩૯. દૂધની તળ (૩)
૪૩. હાથના પંજાનો પ્રહાર (૩)
૪૫. હદ, મર્યાદા (૨)
૪૭. પાણી, દૂધ (૨)
૪૮. ઠાઠમાઠ, ભપકો (૪)
૫૧. ______ તે સૌને ગમે (૨)
૫૩. બંધી, નિષેધ (૨)
૫૫. હાટ, ગુર્જરી (૩)
૫૭. પવન ભરાઈને વહાણને ગતિ મળે તે માટે બાંધવામાં આવતું કપડું (૨)
૫૯. કમળ, એક ફૂલ (૩)
૬૦. ચર્ચા (૨)
૬૧. હોટલમાં વેઈટરને જમ્યા પછી અપાય (૨)
૬૩. કુટેવ, નિંદા (૨)

*શોધશો તો જ રસ્તા મળશે.*
*બાકી મંઝીલને ટેવ નથી*
*સામે ચાલીને આવવાની.*

## NanoNine® શબ્દ રમત-૨૧૭નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | જ | ર | ■ | સ | વા | લ | ■ | તા | પ | સ | ■ |
| ન | વા | ણ | ■ | જા | ન | ■ | અ | પ | ર | ■ | ન |
| જ | ન | ■ | દ | વા | ■ | સ | જ | ■ | ત | લ | વ |
| દી | ■ | ની | ■ | ર | ગ | ડો | ■ | મો | ■ | ત | લ |
| ક | સ | ર | ત | ■ | લી | ■ | ચી | મ | ની | ■ | કા |
| ■ | મી | ■ | સુ | દ | ■ | ભા | વ | ■ | ક | સ | ર |
| મ | ર | જી | ■ | ફ | ડ | ■ | ટ | સ | ■ | ચિ | ■ |
| ગ | ■ | વ | ચ | ન | ■ | સો | ■ | ર | ન | વ | ન |
| જ | મા | ■ | ર્ચ | ■ | ફ | સ | લ | ■ | વ્ય | ■ | વ |
| મા | ત | મ | ■ | મ | ના | ■ | જા | દુ | ■ | વા | ની |
| રી | ■ | ન | જ | મ | ■ | જા | મ | ■ | આ | દ | ત |
| ■ | બ | ખો | લ | ■ | ક | ર | ણી | ■ | મ | ન | ■ |

*માર્ચ-૨૦૨૫ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૧૬ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. શાંતિલાલ લાલકા – હુબલી (કર્ણાટક)
૩. હંસાબેન ઠાકોર – અમદાવાદ
૪. મહેન્દ્ર પુજ – અમદાવાદ
૫. રીદ્ધિ પરીખ – અમદાવાદ
૬. હસમુખ દેઢિયા – અડાલજ, અમદાવાદ
૭. વંદના શાહ – અમદાવાદ
૮. મિત્તલ પટેલ – અમદાવાદ
૯. દિશા પટેલ – અમદાવાદ
૧૦. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૧૧. ઝરણા પારેખ – અમદાવાદ
૧૨. નેહા પારેખ – અમદાવાદ
૧૩. પ્રવીણ દંડ – અમદાવાદ
૧૪. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૫. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૧૬. ધનલક્ષ્મી મોતા – મુંબઈ
૧૭. ચંદ્રા શાહ – અમદાવાદ
૧૮. સ્મિતા શાહ – અમદાવાદ
૧૯. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૨૦. અરવિંદ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૨૧. કામિની શેઠ – અમદાવાદ
૨૨. દમયંતી દંડ – અમદાવાદ
૨૩. પુષ્પા દેઢિયા – મુંબઈ
૨૪. જયંતિભાઈ શાહ – અમદાવાદ
૨૫. મૈત્રી જૈન – અમદાવાદ
૨૬. મીનાબેન ખરીદીયા – અમદાવાદ
૨૭. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૨૮. બકુલ શાહ – અમદાવાદ
૨૯. ચેતના મહેશ્વરી – આદિપુર, કચ્છ
૩૦. કંચનબેન સંઘવી – અમદાવાદ
૩૧. પ્રભા શેઠિયા – વલસાડ
૩૨. જયશ્રી સાવલા – અમદાવાદ
૩૩. કિંજલ શેઠ – અમદાવાદ
૩૪. ઈંદુબેન મોરબીયા – અમદાવાદ
૩૫. કંચનબેન મોરબીયા – ભુજ, કચ્છ
૩૬. દિનેશ પી. શાહ (મોમાયા) – પૂના

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં ત્રણ વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***<u>વિજેતા</u> :***

(૧) વંદના શાહ – અમદાવાદ
(૨) પ્રવીણ દંડ – અમદાવાદ
(૩) ઈંદુબેન મોરબીયા – અમદાવાદ

---

**માર્ચ-૨૦૨૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૭૩ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. રોનકબેન શેખ – અમદાવાદ
૨. અવ્વાબરાજ શેખ – અમદાવાદ
૩. લુબનાબેન શેખ – અમદાવાદ
૪. નીલોફર શેખ – અમદાવાદ
૫. અજય રાણા – અમદાવાદ
૬. નીરવ જાદવ – અમદાવાદ
૭. હંસાબેન ઠાકોર – અમદાવાદ
૮. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૯. આશિષ પરીખ – અમદાવાદ
૧૦. હેમલતા દેઢિયા – અડાલજ, અમદાવાદ
૧૧. અશોક શાહ – ગાંધીનગર
૧૨. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૧૩. ઝરણા પારેખ – અમદાવાદ
૧૪. નેહા પારેખ – અમદાવાદ
૧૫. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૬. ચંદ્રા શાહ – અમદાવાદ
૧૭. સ્મિતા શાહ – અમદાવાદ
૧૮. અરવિંદ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૧૯. કામિની શેઠ – અમદાવાદ
૨૦. દિનેશકુમાર વોરા – અમદાવાદ
૨૧. પુષ્પા દેઢિયા – મુંબઈ
૨૨. મીનાબેન ખરીદીયા – અમદાવાદ
૨૩. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૨૪. નયના કારાણી – અમદાવાદ
૨૫. મિત્તલ પટેલ – અમદાવાદ
૨૬. દિશા પટેલ – અમદાવાદ
૨૭. બકુલ શાહ – અમદાવાદ
૨૮. મોનિષ વોરા – અમદાવાદ
૨૯. ચેતના મહેશ્વરી – આદિપુર, કચ્છ
૩૦. પ્રભા શેઠિયા – વલસાડ
૩૧. સુશાંત સાવલા – અમદાવાદ
૩૨. માનસી શાહ – અમદાવાદ
૩૩. કેયુરી મોરબીયા – અમદાવાદ
૩૪. લતા ડી. શાહ (મોમાયા) – પૂના

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓના નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***<u>વિજેતા</u>*** : (૧) નીરવ જાદવ – અમદાવાદ
(૨) નયના કારાણી – અમદાવાદ
(૩) મિત્તલ પટેલ – અમદાવાદ

## NanoNine® Sudoku

**માર્ચ-૨૦૨૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૭૩ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ તથા વિજેતાઓના નામ માટે જુઓ**

**પાના નંબર – ૧૬**

## માઈક્રોસોફ્ટના ૫૦ વર્ષ

*માઈક્રોસોફ્ટની ૧૦ હજાર ડોલરથી ૩.૩ ટ્રીલિયન ડોલર સુધીની ૫૦ વર્ષની સફર.*

*જ્યારે કંપની શરૂ કરી ત્યારે બિલ ગેટ્સની ઉંમર ૧૯ વર્ષની અને પાઉલ એલનની ઉંમર ૨૨ વર્ષની હતી.*

*૧૯૭૫માં કંપની શરૂ કરી ત્યારે કોઈ ખાસ મૂડી નહોતી પરંતુ આજે ૩.૩ ટ્રીલિયન ડોલર સાથે વિશ્વની પાંચમી મોટી કંપની બની ગઈ છે.*

*માઈક્રોસોફ્ટે આજ દિન સુધીમાં અનેકોને લાખોપતિ બનાવી દીધા છે.*

*માઈક્રોસોફ્ટને વસવસો એ વાતનો છે કે તેના ૧૫ વર્ષ ઈનોવેશન વિનાના ગયા હતા જેના કારણે તેમના પ્રતિસ્પર્ધીઓ ફાવી ગયા.*

*માઈક્રોસોફ્ટને એ વાતનો પણ વસવસો છે કે તેમની કંપનીએ મોબાઈલ ફોનની માર્કેટમાં નહોતું ઝુકાવ્યું.*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૭૬અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૫-૨૦૨૫ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૭૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 9 | 8 | | | 5 | 3 | | |
| | 3 | | | | 4 | 1 | 8 | 5 |
| 1 | | | 2 | 8 | | | | |
| 8 | | | 4 | | | 7 | | 9 |
| | 7 | | | 2 | 6 | | 1 | |
| 5 | | 6 | | | 9 | | | 8 |
| | | | | 1 | 2 | | | 6 |
| 3 | 6 | 2 | 9 | | | | 5 | |
| | | 1 | 3 | | | 2 | 7 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | 8 | 3 | | | 7 | | |
| | | | | 4 | 5 | | 2 | |
| 5 | | 1 | | | 6 | | 9 | 3 |
| | 7 | 5 | | | 8 | | | |
| 8 | | | | 3 | | | | 4 |
| 1 | | | 5 | 9 | | 2 | 7 | 8 |
| | 8 | | 9 | | | 1 | | |
| | 5 | | 4 | 6 | | | | |
| 9 | | 4 | | | 2 | 3 | 6 | 7 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | | 4 | | | 8 | | 3 |
| | 6 | | | | 8 | 7 | | |
| 1 | | 8 | | 6 | 7 | | 4 | |
| | 8 | 2 | 1 | | 3 | | 5 | 6 |
| | | | | 8 | | | | 7 |
| 3 | 4 | | 6 | | | 9 | | |
| | 7 | | 8 | 4 | | 1 | | |
| | | 3 | 5 | | | | 7 | |
| 9 | | 4 | | | 6 | | 8 | 5 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | 5 | | 9 | | | 3 | 4 |
| | 9 | | | | 1 | | | 8 |
| 8 | | | 6 | 2 | | 9 | | |
| | 6 | | | | 7 | | 2 | 3 |
| | 4 | | 8 | | 2 | | 9 | |
| 2 | 7 | | 4 | | | | 5 | |
| | | 6 | | 7 | 5 | 3 | | 9 |
| 7 | | | 9 | | | 5 | | |
| 4 | 5 | | | 8 | | 7 | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૭૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 4 | 7 | 9 | 6 | 1 | 2 | 3 | 8 |
| 8 | 9 | 2 | 4 | 7 | 3 | 6 | 5 | 1 |
| 1 | 6 | 3 | 8 | 5 | 2 | 4 | 9 | 7 |
| 4 | 7 | 1 | 5 | 2 | 9 | 3 | 8 | 6 |
| 2 | 3 | 8 | 7 | 4 | 6 | 9 | 1 | 5 |
| 9 | 5 | 6 | 3 | 1 | 8 | 7 | 4 | 2 |
| 3 | 2 | 4 | 1 | 8 | 7 | 5 | 6 | 9 |
| 7 | 1 | 9 | 6 | 3 | 5 | 8 | 2 | 4 |
| 6 | 8 | 5 | 2 | 9 | 4 | 1 | 7 | 3 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 1 | 4 | 5 | 7 | 2 | 3 | 8 | 9 |
| 7 | 2 | 3 | 6 | 9 | 8 | 4 | 5 | 1 |
| 5 | 8 | 9 | 1 | 4 | 3 | 2 | 6 | 7 |
| 4 | 5 | 8 | 3 | 2 | 7 | 1 | 9 | 6 |
| 9 | 6 | 7 | 4 | 8 | 1 | 5 | 3 | 2 |
| 2 | 3 | 1 | 9 | 5 | 6 | 8 | 7 | 4 |
| 8 | 4 | 5 | 2 | 6 | 9 | 7 | 1 | 3 |
| 3 | 9 | 2 | 7 | 1 | 5 | 6 | 4 | 8 |
| 1 | 7 | 6 | 8 | 3 | 4 | 9 | 2 | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 4 | 1 | 5 | 9 | 7 | 3 | 8 | 2 |
| 2 | 7 | 3 | 8 | 6 | 1 | 4 | 5 | 9 |
| 5 | 8 | 9 | 3 | 4 | 2 | 7 | 6 | 1 |
| 1 | 6 | 4 | 2 | 5 | 3 | 9 | 7 | 8 |
| 7 | 9 | 8 | 6 | 1 | 4 | 5 | 2 | 3 |
| 3 | 2 | 5 | 9 | 7 | 8 | 6 | 1 | 4 |
| 8 | 5 | 2 | 7 | 3 | 9 | 1 | 4 | 6 |
| 4 | 3 | 7 | 1 | 8 | 6 | 2 | 9 | 5 |
| 9 | 1 | 6 | 4 | 2 | 5 | 8 | 3 | 7 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 6 | 4 | 9 | 8 | 5 | 7 | 3 |
| 4 | 5 | 7 | 3 | 1 | 6 | 8 | 9 | 2 |
| 3 | 8 | 9 | 5 | 7 | 2 | 6 | 4 | 1 |
| 5 | 6 | 3 | 1 | 8 | 9 | 4 | 2 | 7 |
| 2 | 9 | 4 | 6 | 3 | 7 | 1 | 8 | 5 |
| 7 | 1 | 8 | 2 | 4 | 5 | 3 | 6 | 9 |
| 8 | 7 | 1 | 9 | 6 | 3 | 2 | 5 | 4 |
| 6 | 4 | 5 | 7 | 2 | 1 | 9 | 3 | 8 |
| 9 | 3 | 2 | 8 | 5 | 4 | 7 | 1 | 6 |

Nano 9® kitchenware in new avatar

NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!

Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
(+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in

AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# અતીતના ઓવારેથી.... : મણકો-૨૧

*'મંગલ મંદિર'ના એપ્રિલ-૨૦૨૫ના અંકમાંની 'અતીતના ઓવારેથી...' કોલમના મણકા નં.-૨૦માં આપણે 'મંગલ મંદિર'ના મે-૨૦૦૭ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ મુંબઈ અતિથિ ભવન વિશેનો પ્રથમ લેખ વાંચી ગયા કે જેના હેડિંગ નીચે મુજબ હતા :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પગરણ માંડે છે**
**"મુંબઈ ખાતે એક અદ્યતન અતિથિ ભવન"ના**

*આ અંકની વિગત મુજબ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે મુંબઈ સ્થિત પૂનમ ડેવલોપર્સના શ્રી પૂનમચંદ નેણશી બાબરીયા સાથે તેમની સાયન (શિવ) ખાતેની સ્કીમના બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા માળ (અંદાજે ૮૧૯૦ ચો.ફૂટ) માટે તા. ૧૧-૪-૨૦૦૭ના રોજ વેચાણે લેવાના બાનાખત કરી લીધેલ હતા.*

***હવે આ અતિથિ ભવનની થોડી વધુ વિગતોની જાણકારી માટે આગળ વધીએ... 'અતીતના ઓવારેથી...'ના મણકા નં.-૨૧ની વિગતોથી, કે જે નીચે મુજબ છે :***

*(૧) મંગલ મંદિર'ના નવેમ્બર-૨૦૦૭ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ લેખ :*

**જાગૃત આંખોનું સ્વપ્ન – શ્રી કચ્છી જૈન અતિથિ ભવન - મુંબઈ**

*(૨) 'મંગલ મંદિર'ના ડિસેમ્બર-૨૦૦૭ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ લેખ તથા ફોટાઓ :*

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા મુંબઈમાં ઉજવાયેલ અભિવાદન સમારોહ***

*આ લેખોનું વાંચન કરવાથી તથા અભિવાદન સમારોહના ફોટાઓ જોવાથી સહેજે ખ્યાલ આવી શકશે કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને તેના મુંબઈ ખાતેના અતિથિ ભવનના પ્રોજેક્ટને મુંબઈ સ્થિત તથા અન્ય શહેરના કચ્છી જૈનોએ કેટલો ઉત્સાહજનક સાથ અને સહકાર આપેલ હતો!*

***– તંત્રી મંડળ***

## જાગૃત આંખોનું સ્વપ્ન : શ્રી કચ્છી જૈન અતિથિ ભવન - મુંબઈ

● પ્રતાપ નારાણજી દંડ ●



ઘણાં વર્ષોથી અમદાવાદ સ્થિત જૈન સમાજને મુંબઈમાં એક અદ્યતન અતિથિ ગૃહ સ્થાપવાનો વિચાર આવેલ હતો.

અમદાવાદ સમાજનાં ઘણાબધા કાર્યકર્તાઓ અથવા તો બહારગામ સ્થિત અન્ય કચ્છીઓ જ્યારે પોતાના અંગત કામે અથવા સમાજનાં કામે મુંબઈ જાય ત્યારે મુંબઈમાં ૨/૪ દિવસો કે તેથી વધારે દિવસો રોકાવવું હોય તો ક્યાં રોકાવવું તેવી સમસ્યા નાના મોટા દરેક કાર્યકર્તાઓને નડતી હોય છે. એકાદ બે દિવસ તો થોડી તકલીફ વેઠીને પણ પસાર કરી શકાય, પણ જો વધારે રોકાવું હોય તો કોઇ પણ સગાસંબંધીને ત્યાં રોકાવાનું અનુચિત લાગતું હોય છે. ખાસ કરીને મુંબઈમાં જગ્યાની સંકડાશને લીધે રહેનાર પોતે જ જ્યાં મુશ્કેલી અનુભવતો હોય ત્યારે તે પરિસ્થિતિમાં કોઈ મહેમાન જો ૨/૪ દિવસ રોકાવા આવે તો તેમની પરિસ્થિતિ વિષમ થઈ જાય!

અમદાવાદમાં અત્યારે બે મોટા અદ્યતન અતિથિ ગૃહો તથા એક નાનકડું અતિથિ ભવન કે જેનું નવીનીકરણ ચાલે છે અને તે પણ અદ્યતન બનાવાઈ રહેલ છે તે સહિત ત્રણ અતિથિ ગૃહો ચલાવવાનાં અનુભવ ઉપરથી સમાજે મુંબઈમાં એક અદ્યતન અતિથિ ગૃહ સ્થાપવાનો સૈદ્ધાંતિક નિર્ણય લીધેલ. છેલ્લા ૨-૩ વર્ષોમાં ઘનિષ્ટ શોધખોળ ચાલી. સમાજના કાર્યકર્તાઓ શ્રી હીરજી પાસુભાઈ શાહ, શ્રી મુરજી નરશી લોડાયા, શ્રી મણિલાલ કુંવરજી ગોસર, શ્રી બંસીલાલ મગનલાલ ગડા તથા અન્ય કાર્યકર્તાઓએ શાંતાક્રુઝ, દાદર, પરેલ, માટુંગા, કિંગ્સ સર્કલ, ચેમ્બુર, ઘાટકોપર વગેરે સ્થળોએ ઘણા બધા પ્લોટો જોયા અને પસંદ કર્યા. એક અથવા બીજા કારણોસર જોયેલ સ્થળો પ્રાપ્ત કરી શક્યા નથી. અંતે શ્રી બંસીલાલ મગનલાલ ગડાએ અત્યારે આપણે જે અતિથિગૃહ સ્થાપવા જઈ રહ્યા છીએ તે જગ્યા શોધીને સમાજનાં કાર્યકર્તાઓને બતાવી. સૌ સાથીદારોને જગ્યા પસંદ પડી. બિલ્ડર સાથે મીટિંગ કરી, કે જેઓ કચ્છ વાગડ ચોવીસી સમાજનાં સભ્ય છે, તે શ્રી પૂનમચંદભાઈ નેણશી બાબરીયા સાથે વાતચીત કરવામાં આવી. ખૂબજ સાલસ સ્વભાવ તથા ઉદાર હૃદય ધરાવનાર શ્રી પૂનમચંદભાઈએ ખૂબ જ વાજબી ભાવે તેમના પ્રોજેક્ટમાં બાકી રહેતો બીજો - ત્રીજો - ચોથો તથા પાંચમો માળ — એમ ચાર માળ આપણને ફાળવી આપ્યા. આ મકાનમાં બીજા માળે ઓફિસ, રિસેપ્શન, સ્ટોર, ડોરમેટરી તથા ભોજન ખંડનું આયોજન કરવામાં આવેલ છે. જ્યારે ત્રીજા - ચોથા તથા પાંચમા માળે — એમ દરેક માળે ૯ રૂમના હિસાબે કુલ ૨૭ રૂમોનું આયોજન કરેલ છે. ઉપરોક્ત મકાન પ્રાપ્ત કર્યા બાદ દાન મેળવવા સ્કીમ જાહેર કરવામાં આવી અને અમને જણાવતા આનંદ થાય છે કે મુંબઈ તથા અન્ય સ્થળોએથી અમારા આ સાહસને અપ્રતિમ સહકાર સાંપડેલ છે. મુંબઈ સમાજ હંમેશાં અમદાવાદ સમાજની પડખે ઊભો રહે છે અને આ સાહસમાં પણ તેનો સંપૂર્ણ સાથ સહકાર મળી રહેશે એવી આશા છે.

મજકુર અતિથિ ભવનનું બાંધકામ પ્લીન્થ લેવલ સુધી પૂર્ણ થયેલ છે અને આશા છે કે એકાદ વર્ષમાં મુંબઈમાં એક અદ્યતન અતિથિ ગૃહનું નજરાણું સમાજને ભેટ ધરી શકશું.

***પ્રતાપ નારાણજી દંડ***
***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા

### મુંબઈમાં ઉજવાયેલ

## "અભિવાદન સમારોહ"

*"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યકરો દ્વારા મુંબઈમાં અતિથિ ભવન બનાવવાની જ્યારે મારી પાસે વાત આવી ત્યારે મને મનમાં થોડો હિચકીચાટ થયો કે પૂરતી મૂડી અને પૂરતી તૈયારી વગર આગળ વધવું એ હિતાવહ નથી. કદાચ પ્રોજેક્ટ પૂરો ના કરી શકીએ તો આપણે હાંસીપાત્ર બનીએ. એ જ રીતે શાહીબાગ - અમદાવાદ ખાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહના નિર્માણ સમયે પણ મેં સંશય અનુભવેલ હતો. પરંતુ આજે મને એ જણાવતા આનંદ અને ગર્વ થાય છે કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યકરોએ શાહીબાગ ખાતેના વિશ્રામ ગૃહના નિર્માણનું કાર્ય તો સારી રીતે સંપન્ન કરેલ હતું પરંતુ વિશેષ આનંદની વાત તો એ છે કે મુંબઈના અતિથિ ભવનની નાવ પણ હવે લગભગ કિનારે પહોંચી ગયેલ છે.*

*"કચ્છી માડુ રેતીમાં નાવ ચલાવી શકે" એ કહેવતને અમદાવાદના કાર્યકરોએ ખૂબ જ સારી રીતે પુરવાર કરી આપેલ છે."*

સમારંભના પ્રમુખસ્થાનેથી બોલતા કચ્છી ઉદ્યોગપતિ અને મુંબઈ સમાજના એક અગ્રણી સેવાભાવી કાર્યકર **શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા**એ સભાગૃહમાં ઉપસ્થિત આમંત્રિતોની વચ્ચે જ્યારે ઉપરોક્ત વાણી ઉચ્ચારી ત્યારે સમસ્ત સભાગૃહે તાળીઓના ગડગડાટ વચ્ચે આ વાતને વધાવી લીધેલ હતી.

"જ્યોત સે જ્યોત જલાતે ચલો, પ્રેમકી ગંગા બહાતે ચલો..."ની સંગીત સૂરાવલી વચ્ચે દીપને પ્રજ્વલિત કરી, સમગ્ર સમારંભને જ્યોતિર્મય બનાવી, સમારંભને ખુલ્લો મૂકનાર અને આ સમારંભના કાર્યને સમગ્ર હૈદ્રાબાદ સમાજનો સંપૂર્ણ સહયોગ છે તેવો ભાવ સહર્ષ ઉત્પન્ન કરનાર, હૈદ્રાબાદથી ખાસ ઉપસ્થિત રહેલ ત્યાંના એક જાનીમાની કચ્છી ઉદ્યોગપતિ અને અગ્રીમ હરોળના સામાજિક કાર્યકર **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા**એ જણાવેલ કે મુંબઈમાં અતિથિ ભવનના નિર્માણનું કાર્ય છેલ્લા લાંબા સમયથી ખૂબ જ જરૂરી હતું જેને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યકરોએ હાથ પર લઈ એક ખૂબ જ સ્તુત્ય પગલું ભરેલ છે. આ નિર્માણ કાર્ય માટે તેઓને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવીએ છીએ. હૈદ્રાબાદ સમાજના સંપૂર્ણ સહયોગની ખાતરી ઉચ્ચારીએ છીએ. મુંબઈમાં આ પ્રકારના એક નહીં પરંતુ અનેક અતિથિ ભવનોની જરૂરિયાત છે કે જે હકીકતને આપણે નજર સમક્ષ રાખવી જોઈએ.

જેમણે કચ્છમાં કેળવણી પ્રત્યે વધુ લક્ષ આપ્યું છે તેવા જાણીતા કચ્છી યુવાન દાનવીર ઉદ્યોગપતિ **શ્રી નેણશી લધા ગાલા**એ મુંબઈમાં અતિથિ ભવનની જરૂરિયાત પર ભાર મૂકતા જણાવેલ કે મુંબઈમાં આ પ્રકારની સગવડતા હજુ સુધી આપણે ઊભી કરી શકેલ નથી. સમગ્ર કચ્છી જૈન સમાજના લાભ માટે અમદાવાદ સમાજે આ બીડું ઝડપેલ છે તેથી તે ધન્યવાદને પાત્ર ઠરે છે. તેના આ કાર્યમાં સહુએ ખરા દિલથી સહયોગ આપવો જોઈએ.

અતિથિ ભવનના મુખ્ય દાતા અને જેઓનું નામ સમગ્ર મુંબઈ સમાજમાં તાજેતરમાં જ રોશન થઈ ચૂકેલ છે તેવા દાનવીર ઉદ્યોગપતિ **શ્રી ભૂપેન્દ્રભાઈ શામજી છેડા**એ જણાવેલ કે આ અતિથિ ભવનના નિર્માણ કાર્યમાં અમારો સંપૂર્ણ સહયોગ રહેશે. સમગ્ર સભામંડપ વચ્ચે તેઓએ ખાતરી ઉચ્ચારતા જણાવેલ કે હું અને મારા સહયોગી કાર્યકરો આ પ્રોજેક્ટના નિર્માણકાર્ય માટે અમે શ્રી કચ્છી જૈન સેવા સમાજની સાથે જ છીએ. વિશેષમાં મુંબઈ સ્થિત કચ્છી માડુની આવક આવતા દિવસોમાં કઈ રીતે વધી શકે તેની વિગતવાર છણાવટ તેઓશ્રીએ ઉપસ્થિત શ્રોતાગણ સમક્ષ કરેલ હતી.

મુંબઈના સમગ્ર સમાજમાં તાજેતરમાં જેઓશ્રીનું નામ રોશનીથી ઝળાહળા થઈ ચૂકેલ છે તેવા યુવાન કચ્છી બિલ્ડર **શ્રી નયન ભેદા**એ જણાવેલ કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે મુંબઈમાં અતિથિ ભવનના નિર્માણનું કાર્ય હાથ પર લીધેલ છે તે અત્યારની સામાજિક પરિસ્થિતિને અનુરૂપ એક ખૂબ જ સુંદર કાર્ય છે અને કોઈ પણ સંજોગોમાં ખૂબ જ સરસ રીતે તે સફળ થવું જોઈએ અને આપણે સહુએ આ કાર્યને સફળતાપૂર્વક પૂર્ણ કરવા આ સમાજની સાથે ઊભા રહેવું જોઈએ. આ કાર્યમાં મારો સંપૂર્ણ સહયોગ રહેશે જ.

શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજ - માટુંગા (પાખાડી)ના – વયમાં બુઝુર્ગ પરંતુ મનથી યુવાન - **પ્રમુખશ્રી મૂલચંદ કરમચંદ શેઠે** મુંબઈના અતિથિ ભવનના નિર્માણ કાર્યને ખૂબ જ સારી રીતે બિરદાવેલ હતું અને આ કાર્ય માટે તેઓશ્રીએ કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યકરોને ખૂબ ખૂબ અભિનંદન આપેલ હતા.

વિવિધ મહાનુભાવોના ઉપરોક્ત વિધાનોથી સમગ્ર સભાગૃહમાં હર્ષની લહેરકી પ્રસારિત થઈ ગયેલ હતી અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપસ્થિત ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સમિતિના સભ્યશ્રીઓ તથા અન્ય કાર્યકરોના મુખ પર સંતોષની લાગણી સ્પષ્ટપણે દૃષ્ટિગોચર થતી દેખાઈ રહેલ હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ નિર્મિત મુંબઈના અતિથિ ભવનના નિર્માણના શરૂના તબક્કે સમાજ દ્વારા એક અભિવાદન સમારોહ તથા સ્નેહ મિલન સમારોહ **શનિવાર, તા. ૨૭-૧૦-૨૦૦૭ના સાંજના ૫.૦૦ વાગે સાયન ખાતેના માનવ સેવા સંઘના હોલમાં** રાખવામાં આવેલ હતો. આ સમયે મુંબઈ ઉપરાંત અમદાવાદ, વડોદરા, વાપી, મલકાપુર, સોલાપુર, હૈદ્રાબાદ, ઝરીયા વગેરે અનેક સ્થળોએથી પ્રતિષ્ઠિત પ્રતિભાઓ ઉપસ્થિત રહેલ હતી.

ગાયિકા કુ. ગીતા ધરોડના ગ્રૂપની સંગીત સૂરાવલીઓ સાથે સમારોહની શરૂઆત કરવામાં આવેલ હતી. સમારંભના પ્રમુખ સ્થાને અગ્રણી ઉદ્યોગપતિ અને સેવાભાવી અગ્રણી શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા બિરાજમાન હતા. દીપ પ્રાગટ્ય હૈદ્રાબાદ

સ્થિત કચ્છી ઉદ્યોગપતિ તથા અગ્રણી શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયાના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. મુખ્ય મહેમાન તરીકે શ્રી ડુંગરશી રામજી ગાલા, શ્રી નેણશી લધા ગાલા, શ્રી નયન ભેદા તથા શ્રી બિપિનચંદ્ર કાનજી જૈન ઉપસ્થિત રહેલ હતા. અતિથિ વિશેષ તરીકે **શ્રી પારસ પદમશી મૈશેરી, શ્રી મૂલચંદ કરમચંદ શેઠ, શ્રી નરેન્દ્ર પ્રીતમલાલ શાહ તથા શ્રી ચંદ્રકાંત વીરજી સંઘવી (ઝરીયા)** ઉપસ્થિત રહેલ હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ સ્વાગત પ્રવચન કરતા તથા ઉપસ્થિત સહુને આવકાર આપતાં જણાવેલ કે મુંબઈ એ કચ્છીઓનું બીજું ઘર છે. અનેક કચ્છીઓને અવારનવાર પોતાના વિવિધ કારણોસર મુંબઈ આવવું પડે છે. તેઓના મુંબઈના ટૂંક સમયના રોકાણ માટે અતિથિ ભવન પ્રકારની સવલતની જરૂરિયાત હોતાં અમે તે બીડું ઝડપેલ છે અને એક પ્રમાણમાં નાના એવા અતિથિ ભવનના નિર્માણની શુભ શરૂઆત કરેલ છે. આજથી ત્રણ વર્ષ અગાઉ અમે જ્યારે અતિથિ ભવન માટે જમીનની જાહેરાત મુંબઈમાં ''ખબર પત્રિકા'' દ્વારા કરેલ ત્યારે એ ''ખબર પત્રિકા'' વાંચી હૈદ્રાબાદ સ્થિત શ્રી ધીરજભાઈ કાપડિયાએ અમને પત્ર લખી રૂા. ૧૧ લાખના ડોનેશનની ઓફર કરી, અમારા કાર્યને ખૂબ જ સુંદર રીતે બિરદાવેલ હતું. આ હકીકતે અમારું નૈતિક મનોબળ ખૂબ જ વધારી દીધેલ કે જેનું પરિણામ આજે આપશ્રી પ્રત્યક્ષ નિહાળી રહેલ છો.

ત્યારબાદ હૈદ્રાબાદ સ્થિત કચ્છી ઉદ્યોગપતિ અને જાણીતા સેવાભાવી કાર્યકર શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા તથા અન્ય મહાનુભાવોના વરદ્ હસ્તે અને સંગીતની સૂરાવલી વચ્ચે દીપ પ્રાગટ્ય કરી, ભાવનામય વાતાવરણમાં સમારંભ ખુલ્લો મૂકવામાં આવેલ હતો.

ત્યારબાદ સમગ્ર સમારંભને પોતાની અસ્ખલિત વાણી પ્રવાહથી મુગ્ધ કરનાર શ્રી ધીરજભાઈ છેડા, મંચ પર બિરાજેલ એક પછી એક મહેમાન મહાનુભાવોનો સમગ્ર સભામંડપને પરિચય આપતા ગયેલ અને તે દરેક મહાનુભાવોનું, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વિવિધ કાર્યકરોએ બુકેથી સ્વાગત કરેલ હતું. આ રીતે શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા, શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા, શ્રી નેણશી લધા ગાલા, શ્રી ભૂપેન્દ્ર શામજી છેડા, શ્રી નયન ભેદા, શ્રી ડુંગરશી રામજી ગાલા, શ્રી બિપિનચંદ્ર કાનજી જૈન, શ્રી મૂલચંદ કરમચંદ શેઠ, શ્રી ચંદ્રકાંત વીરજી સંઘવી, શ્રી પારસ પદમશી મૈશેરી તથા શ્રી નરેન્દ્ર પ્રીતમલાલ શાહનું ઉમળકાપૂર્વક સ્વાગત કરવામાં આવેલ હતું. આ સમયે કચ્છી જૈન સમાજની વિવિધ જ્ઞાતિઓના મહાનુભાવોની એક જ મંચ પરની ઉપસ્થિતિના કારણે અપ્રતિમ વાતાવરણ ઉપસ્થિત થયેલ હતું, કે જેની દૂરોગામી અસર પડવાની શક્યતા દષ્ટિગોચર થતી હતી.

ત્યારબાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ઉપસ્થિતિથી અત્યાર સુધીના ઇતિહાસની - સિલસિલાબંધ માહિતી રજૂ કરેલ હતી. સાથે સાથે તેઓશ્રીએ મુંબઈમાં નિર્માણ પામી રહેલ અતિથિ ભવનની વિગતો આપતા જણાવેલ કે આ અતિથિ ભવન માટે બિલ્ડર શ્રી પૂનમચંદભાઈ પાસેથી તેમના ૫ માળની બિલ્ડિંગના ઉપરના ૪ માળ હસ્તગત કરી લેવામાં આવેલ છે. આ અતિથિ ભવનમાં ઓફિસ, રીસેપ્શન રૂમ, વી.આઈ.પી. રૂમ, ડાઈનિંગ હોલ, ડોરમેટરી, છ ડિલક્ષ રૂમ તથા ૨૦ સાદા રૂમની સગવડતા ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. બહારગામથી ટૂંક સમય માટે મુંબઈ પધારતા કોઈપણ કચ્છી જૈન આ અતિથિ ભવનનો ઉપયોગ કરી શકશે. મુંબઈમાં કોઈને પણ ત્યાં પ્રસંગ હોય ત્યારે બહારગામથી પધારતા કચ્છી જૈન મહેમાનો માટે પણ તેનો ઉપયોગ થઈ શકશે. બહારગામથી સારવાર અર્થે પધારતા કચ્છી જૈનો પણ આ અતિથિ ભવનનો ઉપયોગ કરી શકશે.

નવીનતમ નિર્માણ પામી રહેલ અતિથિ ભવનના નિર્માણ કાર્યમાં જેમણે **માતબર દાન જાહેર કરેલ છે તેવા મુખ્ય દાતા શ્રી ભૂપેન્દ્ર શામજી છેડા, માતુશ્રી નવલબાઈ છેડા** તથા તેમના અન્ય કુટુંબીજનોનું શાલ, માળા તથા શ્રીફળથી તેમજ સંગીતમય આહલાદક સૂરાવલી વચ્ચે ખૂબ જ ભવ્ય રીતે બહુમાન કરવામાં આવેલ હતું. આ સમયે સમગ્ર સભા મંડપનું વાતાવરણ આહ્લાદક બની ગયેલ હતું. સભા મંડપમાં ઉપસ્થિત સહુએ પોતાની જગ્યાએ ઊભા રહી આ દાનવીર પરિવારનું તાળીઓના ગડગડાટથી અભિવાદન કરેલ હતું.

ઉપરોક્ત બહુમાન બાદ પોતાના મનનીય પ્રવચનમાં જાણીતા કચ્છી તત્ત્વચિંતક અને આધ્યાત્મિક માર્ગદર્શક શ્રી હરિભાઈ કોઠારીએ શ્રી કચ્છી જૈન સેવા સમાજના નામમાં સમાવિષ્ટ પ્રત્યેક શબ્દનો અર્થ સમજાવીને કચ્છીઓની સેવા તથા સાહસિકતાની ભાવનાને બિરદાવેલ હતી. તેઓશ્રીએ જણાવેલ કે 'શ્રી' એટલે લક્ષ્મી, 'કચ્છી' એટલે સાહસિકતા, 'જૈન' એટલે સંયમ, 'સેવા'નો

અર્થ સુમતિ અને 'સમાજ' એટલે સમૂહબળ. તેઓશ્રીએ એ પણ જણાવેલ કે શ્રી એટલે લક્ષ્મી ચંચળ છે તેમ કહેવું એ યોગ્ય નથી. લક્ષ્મી તો માતા છે. લક્ષ્મી ચંચળ નથી પરંતુ લક્ષ્મી આવવાથી લોકોના મન ચંચળ બની જાય છે. તેથી લક્ષ્મી આવે ત્યારે લોકોએ સભાનતા કેળવવી જોઈએ. કચ્છી સાહસિક છે, શ્રીફળ જેવો છે જે ચારિત્ર્યનું પ્રતીક છે. કચ્છી માડુ કામ હાથમાં લે એ પૂરું કરે. અધૂરું છોડે એ કચ્છી નથી.

ત્યારબાદ મંચ પર ઉપસ્થિત વિવિધ મહેમાનશ્રીઓના પ્રવચનો રાખવામાં આવેલ હતા. સાથે સાથે અતિથિ ભવનના નિર્માણ કાર્યમાં સહયોગ આપનાર અનેક દાતાશ્રીઓનું શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વિવિધ કાર્યકરોના વરદ્ હસ્તે બહુમાન કરવામાં આવેલ હતું.

કાર્યક્રમના અંતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સદાયે યુવાન દેખાતા એવા તરવરીયા માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે આભારવિધિ કરેલ હતી.

શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન "સંકલ્પ"ના કાર્યકરોએ પણ મુંબઈના આ સમારંભમાં ઉપસ્થિત રહી વ્યવસ્થા જાળવવામાં સહકાર આપેલ હતો.

શ્રી રજનીભાઈ પારેખ, શ્રી બાબુભાઈ મહેતા, શ્રી દિનેશ જગજીવન શાહ, શ્રી દિનેશ રતિલાલ મહેતા, શ્રી મહેન્દ્ર સાકરચંદ દોશી તથા શ્રી મહેન્દ્ર વશનજી શાહે રજિસ્ટ્રેશન કાઉન્ટર તથા મંગલ મંદિર લવાજમ કાઉન્ટર પર જવાબદારી સંભાળેલ હતી.

શ્રી ધીરજભાઈ છેડાએ રસઝરતી જબાનમાં સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરેલ હતું.

શ્રી તલકભાઈ સતીયાએ ફોટોગ્રાફી તથા વિડીયોગ્રાફી ખર્ચ પોતા પર ઉપાડી, શ્રી કચ્છી જૈન સેવા સમાજના આ કાર્યને પોતાની અનુમોદના આપેલ હતી. શ્રી તલકભાઈ સતીયાને તેમના આ સરાહનીય કૃત્ય બદલ ખૂબ ખૂબ અભિનંદન.

જ્યોતિ કેટરર્સે જમણવારની વ્યવસ્થા સંભાળેલ હતી.

કાર્યક્રમની સમાપ્તિ બાદ સમૂહભોજન લઈ, કાર્યક્રમની મીઠી ક્ષણો વાગોળતાં સહુ છૂટા પડેલ હતા.

## મંગલ મંદિરનું લવાજમ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્થાનિકે વસવાટ કરતા તથા બહારગામના સભ્યોને વિનંતી સહ જણાવવાનું કે અનેક સભ્યોએ હજુ સુધી 'મંગલ મંદિર'ના લવાજમ ભર્યા નથી. તેઓને વિનંતી કે તેઓ પોતાના લવાજમની રકમ તાત્કાલિક સંસ્થાની ઓફિસ પર મોકલી આપે.*

**• મંગલ મંદિરના લવાજમના દર નીચે મુજબ છે •**

- *૧ વર્ષનું લવાજમ* : રૂા. ૧૫૦/-
- *૨ વર્ષનું લવાજમ* : રૂા. ૩૦૦/-
- *૩ વર્ષનું લવાજમ* : રૂા. ૪૦૦/-
- *૫ વર્ષનું લવાજમ* : રૂા. ૬૦૦/-
- *૧૫ વર્ષનું લવાજમ* : રૂા. ૧,૫૦૦/-

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :*

- *સંસ્થાનું નામ* : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  [Shree Kutchhi Jain Seva Samaj - Ahmedabad]
- *બેંક* : કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ
  [Canara Bank, Paldi Branch - Ahmedabad]
- *એકાઉન્ટ નંબર* : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032]
- *IFSC કોડ* : CNRB0017007

**રજનીકાંત પારેખ,** માનદ્ મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા મુંબઈમાં ઉજવાયેલ અભિવાદન સમારોહ ● શનિવાર, તા. ૨૭-૧૦-૨૦૦૭

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા મુંબઈમાં ઉજવાયેલ અભિવાદન સમારોહ

**અભિવાદન સમારોહની કચકડામાં કંડારાયેલી તસવીરી ઝલક**




શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત સૂચિત શ્રી કચ્છી જૈન ભવન - મુંબઈ



રજિસ્ટ્રેશન કાઉન્ટર પર શ્રી દિનેશ શાહ, શ્રી દિનેશ મહેતા તથા શ્રી જયંતીભાઈ મહેતા



ઉપસ્થિત માનવ સમુદાય



ઉપસ્થિત મહિલા સમુદાય



મંચ પર બિરાજમાન મહાનુભાવો. *નીચેની હરોળ* : ડાબેથી શ્રી નયન ભેદા, શ્રી ભૂપેન્દ્ર છેડા, શ્રી ચંદ્રકાંત સંઘવી, શ્રી નેણશીભાઈ ગાલા, શ્રી ધીરજલાલ કાપડિયા, શ્રી જગશીભાઈ છેડા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી બિપિનભાઈ જૈન તથા શ્રી મૂલચંદભાઈ શેઠ. *ઉપરની હરોળ* : ડાબેથી શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી અશોક મહેતા, શ્રી નરેન્દ્ર પ્રી. શાહ, શ્રી પારસ મેશેરી, પૂ. શ્રી હરીભાઈ કોઠારી, શ્રી પ્રતાપ દંડ તથા શ્રી હીરજી પાસુ શાહ.




... તથા અન્ય મહાનુભાવો



શ્રી જગશીભાઈનું સ્વાગત કરતા ડૉ. ચંદ્રકાંત દેઢિયા



શ્રી ડુંગરશીભાઈનું સ્વાગત કરતા શ્રી કાંતિભાઈ સાવલા


બહુમાનની ક્ષણે શ્રી હીરજી પાસુ શાહ, શ્રી ભૂપેન્દ્ર છેડા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી નયન ભેદા,


પૂ.શ્રી હરીભાઈ કોઠારીના પ્રવચનના સમયે તલ્લીન શ્રોતાગણ. શ્રી ભૂપેન્દ્ર છેડા તથા શ્રી નયન ભેદા પ્રવચનના સમયે મંચ પરથી શ્રોતાગણમાં બિરાજમાન રહી પ્રવચનનો રસાસ્વાદ માણી રહેલ છે.


સંસ્થાના બ્રોચર અને કાર્યક્રમની વિગતોના વાંચનમાં તલ્લીન શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી


શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની તથા મુંબઈના અતિથિ ભવનની વિગતો જણાવતા શ્રી અશોક મહેતા



પ્રવચન આપતા શ્રી નેણશીભાઈ ગાલા


પ્રવચન આપતા શ્રી ભૂપેન્દ્રભાઈ છેડા


પ્રવચન આપતા શ્રી નયન ભેદા


પ્રમુખ - ઉપપ્રમુખશ્રીની મંચ પરની ગુફ્તેગો


મંચ પરની ગુફ્તેગો. ડાબેથી શ્રી નયન ભેદા, શ્રી ચંદ્રકાંત સંઘવી, શ્રી જગશીભાઈ છેડા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા


શ્રી રતનશી પ્રેમજી ગોગરી પરિવાર વતી બહુમાન સ્વીકારતા શ્રીમતી અનિલાબહેન. શ્રીમતી પ્રભાબહેન સાવલા શ્રીમતી અનિલાબહેનનું બહુમાન કરતા.


શ્રી ડુંગરશીભાઈ ગાલાનું બહુમાન કરતા શ્રી પ્રતાપભાઈ દંડ


શ્રી કે.ડી. શાહ - શ્રી પૂનમચંદ નેણશી બાબરીયા પરિવાર વતી શ્રી પંકજભાઈનું બહુમાન કરતા.


શ્રી હીરજી પાસુ શાહ શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયાનું બહુમાન કરતા


શ્રીમતી મંજુલાબહેન મણિલાલ વોરાનું બહુમાન કરતા શ્રીમતી રેવંતીબહેન ગોસર


શ્રી જગશી જેઠાભાઈ છેડાનું બહુમાન શ્રી મૂળજીભાઈ શાહ કરી રહેલ છે.



શ્રી બિપિનભાઈ જૈનનું બહુમાન
શ્રી નરેન્દ્રભાઈ શાહ કરી રહેલ છે.



શ્રી શશીકાંત દામજી જીવરાજ નાગડા (હૈદ્રાબાદ)નું બહુમાન
શ્રી મણિલાલભાઈ ગોસર કરી રહેલ છે.



શ્રીમતી ભાવનાબહેન ચંદ્રકાંત કેનિયાનું બહુમાન
શ્રીમતી ચંચળબહેન છેડા કરી રહેલ છે.



શ્રી નવીન વેરશી હરિયાનું બહુમાન
શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા કરી રહેલ છે.



શ્રી ચંદ્રકાંત ગોગરીનું બહુમાન
શ્રી શાંતિભાઈ સાવલા દ્વારા



શ્રી મણિલાલ નાનજી છેડાનું બહુમાન
શ્રી હસમુખભાઈ ખાંડવાલા દ્વારા



શ્રી વિનોદભાઈ ધરોડનું બહુમાન
શ્રી કે.આર. શાહ કરી રહેલ છે.



શ્રીમતી મંજુલાબહેન પ્રભુલાલ શાહનું બહુમાન
શ્રીમતી નીલમબહેન જૈન દ્વારા.



માતુશ્રી ગંગાબાઈ નરશી જેઠાભાઈ દંડ પરિવાર વતી
શ્રી છત્રપતિજીનું બહુમાન કરતા શ્રી કે.ડી. શાહ



ડૉ. ચંદ્રકાંત દેઢિયા શ્રી બાબુભાઈ મેઘજી શાહનું
સ્વાગત કરી રહેલ છે.



શ્રી રમણિકભાઈ સતીયાનું અભિવાદન કરતા
શ્રી કાંતિભાઈ સાવલા




પ્રમુખકીય પ્રવચન
શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા



આભારવિધિ – શ્રી પ્રતાપભાઈ દંડ



સમારોહ બાદ હળવી ક્ષણોમાં
શ્રી નયન ભેદા, શ્રી પ્રતાપ દંડ, શ્રી કાંતિભાઈ સાવલા



સમારોહ બાદ હળવી ક્ષણોમાં – શ્રી ભૂપેન્દ્ર છેડા, શ્રી જગશીભાઈ છેડા,
શ્રી કાંતિભાઈ સાવલા તથા શ્રી ધીરજભાઈ કાપડિયા



શ્રી ધીરજભાઈનું સ્વાગત કરતા
શ્રી અશોકભાઈ મહેતા



શ્રી નેણશીભાઈ ગાલાનું સ્વાગત કરતા
શ્રી પ્રતાપભાઈ દંડ



શ્રી બિપિનભાઈ જૈનનું સ્વાગત કરતા
શ્રી હસમુખભાઈ ગટેચા



શ્રી નયન ભેદાનું સ્વાગત કરતા
શ્રી હીરજીભાઈ શાહ



શ્રી પારસ મૈશેરીનું સ્વાગત કરતા
શ્રી મૂળજીભાઈ શાહ



શ્રી મૂલચંદભાઈ શેઠનું સ્વાગત કરતા
શ્રી નરેન્દ્ર શાહ



શ્રી નરેન્દ્ર પ્રીતમલાલ શાહનું સ્વાગત કરતા
શ્રી હસમુખભાઈ ખાંડવાલા



શ્રી ચંદ્રકાંતભાઈ સંઘવીનું સ્વાગત કરતા
શ્રી પોપટભાઈ ધરોડ



માતુશ્રી નવલબહેનનું સ્વાગત કરતા
શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયા



બહુમાનના સમયે માતુશ્રી નવલબહેન શામજી છેડા (ગોધરા) પરિવાર



શ્રી ભૂપેન્દ્ર છેડાનું બહુમાન કરતા
ડૉ. ચંદ્રકાંત દેઢિયા



બહુમાનની ક્ષણે શ્રી નયન ભેદા,
શ્રી ભૂપેન્દ્ર છેડા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૨૫

સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી – અમદાવાદ
(સમાજના ભૂતપૂર્વ મંત્રી, 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી તથા પ્રવર્તમાન મંગલ મંદિર તંત્રી મંડળના સભ્ય)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## ● આ અંકના સવાલો ●

૧. કચ્છ સંસ્કૃતિ મ્યુઝીયમ - શાહીબાગ જોઈને કોને આનંદ આનંદ થઈ ગયો? ________
(પ્રવીણચંદ્ર ઠક્કર, કુલીનકાંત લુઠિયા, હીરાલાલ ઉનડોઠવાલા)

૨. અમદાવાદની કઈ હોસ્પિટલમાં એક દિવસના રૂા. ૫૦૦/- લેવામાં આવે છે?
________ (વાડીલાલ, સદ્‌વિચાર, રાજસ્થાન)

૩. સંસ્થાના સ્ટાફને ________ દિવસે ફાયર સેફટી અંગે ટ્રેનિંગ આપવામાં આવી.
(તા. ૨૨-૩-૨૦૨૫, તા. ૨૨-૨-૨૦૨૫, તા. ૨૨-૧-૨૦૨૫)

૪. વડીલો બને ઘર કેરો વડલો, ________ દાતા (આશિર્વાદ, આશ્રય, રક્ષણ)

૫. વિરોધ એટલે આપણે ________ માર્ગે હોવાનું સર્ટીફિકેટ. (ખોટા, સાચા, અવળા)

૬. જીવરાજ હોસ્પિટલ ________ વર્ષની ઉજવણી કરી રહ્યું છે. (૨૫, ૫૧, ૩૫)

૭. શ્રીમતી હર્ષાબેન બિપીનચંદ્ર શાહે રૂા. ૫૧,૦૦૦/-નું દાન કર્યું.
________ (જનરલ ડોનેશનમાં, વયસ્ક સમિતિમાં, વૈયાવચ્ચમાં)

૮. અમદાવાદમાં જૈન રીક્ષા પકડવા કયા રીક્ષા ચાલક લીડરને ફોન કરવો?
________ (કનક શાહ, રાહુલ જૈન, રાજુભાઈ)

૯. બોપલ ડાયાલિસિસ સેન્ટરમાં ફેબ્રુઆરી માસમાં ________ વ્યક્તિઓએ લાભ લીધો. (૨૫૩, ૩૧૨, ૨૮૦)

૧૦. ગુજરાતમાં સૌથી વધુ મેન્ગ્રોવ વિસ્તાર ________ માં છે.
(કચ્છ, બનાસકાંઠા, પંચમહાલ)

## • મણકા–૨૪ ના સવાલોના સાચા જવાબો •

૧. હોળીના તહેવારોમાં ગુલાલના રંગ ત્રણ હોય છે. તથા ચિત્રમાં પિચકારી **ચાર** છે. (ત્રણ, ચાર, પાંચ)

૨. "મંગલ મંદિર વસંતઋતુમાં પાંગરતી પ્રકૃતિની જેમ પ્રજ્વલિત થાય છે" – આ પ્રતિભાવ આપનાર **અશોકભાઈ શાહ** છે.

૩. પાણીથી નહાય તે કપડાં બદલી શકે છે... પણ પરસેવે નહાય તે **કિસ્મત** બદલી શકે છે.

૪. કયા મેડિકલ સેન્ટરમાં જાન્યુઆરી માસમાં કુલ **૭૭૬૭** દર્દીઓએ લાભ લીધો હતો.

૫. આરતી ઈન્ડસ્ટ્રીઝના સ્થાપકનું નામ : **ચંદ્રકાંત ગોગરી**.

૬. અમેરિકામાં જે ૨૦૫ ભારતીયો ગેરકાયદેસર ગયા હતા તેમાં **33** ગુજરાતીઓ હતા.

૭. હું બીજાથી સારું કરું એ **ઈર્ષ્યા** અને હું બીજાનું સારું કરું એ **સંસ્કાર.**

૮. કયા દર્દમાં ઈમરજન્સી હોતી નથી? **હર્નીયા**

૯. ભારતના **કર્ણાટક** રાજ્યને "રાઈટ ટુ ડાઈ"નો અધિકાર મળ્યો છે.

૧૦. મહમૂદ ગઝનવીનું દૃષ્ટાંત **'કડવી ચીરનું સુખ'** ટોપીકમાં આપવામાં આવેલ છે.

***મણકા-૨૪ (મંગલ મંદિર એપ્રિલ-૨૦૨૫ અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. અશોક વી. શાહ – ગાંધીનગર
૨. ઝરણા પારેખ – પાલડી, અમદાવાદ
૩. રોનકબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૪. નરેશ શાહ – ગાંધીનગર
૫. દમયંતીબેન દિલીપ દંડ – નારાણપુરા, અમદાવાદ
૬. મિત વિપુલ ગોસર – પાલડી, અમદાવાદ
૭. મિત્તલ પટેલ – પાલડી, અમદાવાદ
૮. નેહા પારેખ – પાલડી, અમદાવાદ
૯. જીનલ નીલેશ કારાણી – પાલડી, અમદાવાદ
૧૦. ચંદ્રા મહેન્દ્ર શાહ – પાલડી, અમદાવાદ
૧૧. રીધ્ધિ પરીખ – અમદાવાદ
૧૨. અજય અશ્વિનભાઈ રાણા – કોચરબ ગામ, અમદાવાદ
૧૩. અવ્વાબરાજ એ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૪. સ્મિતા વી. શાહ – અમદાવાદ
૧૫. કામિની સ્નેહલભાઈ શેઠ – નવા વાડજ, અમદાવાદ
૧૬. અમરીષ કે. સંઘવી – અમદાવાદ
૧૭. રેખાબેન પરમાર – અમદાવાદ
૧૮. નીલોફર આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૯. ગિરીશ પોલડિયા – અમદાવાદ
૨૦. કિંજલ દિવ્યેશ શેઠ – સુભાષબ્રિજ, અમદાવાદ
૨૧. ડૉ. લુબનાબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૨૨. નીરવ મહેન્દ્રભાઈ જાદવ – વેજલપુર, અમદાવાદ
૨૩. નરેન્દ્ર પ્રજાપતિ – અમદાવાદ
૨૪. નવનીત ત્રિકમલાલ પટેલ – બોપલ, અમદાવાદ
૨૫. મીનાક્ષી પારેખ – પાલડી, અમદાવાદ
૨૬. દિશા પટેલ – પાલડી, અમદાવાદ
૨૭. જ્યોતિ એલ. શાહ – મણિનગર, અમદાવાદ
૨૮. ધનલક્ષ્મી મોતા – ભાંડુપ, મુંબઈ
૨૯. મહેન્દ્ર ડી. પૂજ – પાલડી, અમદાવાદ

***ઉપરોક્ત નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.***

| | | | |
|---|---|---|---|
| ૧. | ઝરણા પારેખ | – અમદાવાદ | મો. ૯૨૨૭૭ ૫૫૪૯૯ |
| ૨. | નરેશ શાહ | – ગાંધીનગર | મો. ૯૪૨૭૯ ૮૯૯૦૦ |
| ૩. | નેહા પારેખ | – પાલડી, અમદાવાદ | મો. ૯૦૯૯૭ ૬૬૯૯૯ |
| ૪. | જીનલ નીલેશ કારાણી | – પાલડી, અમદાવાદ | મો. ૮૧૦૫૬ ૭૭૫૩૨ |
| ૫. | ચંદ્રા મહેન્દ્ર શાહ | – અમદાવાદ | મો. ૯૪૨૬૮ ૬૭૮૦૯ |

***આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.***

★ **નોંધ :** (૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે.

(૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.

(૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.

# પ્રતિભાવ

**ચૈત્ર માસમાં પૂરબહારમાં ખીલતા ગુલમહોર, ગરમાળા, મોગરા જેવા પુષ્પોની સુગંધની જેમ 'મંગલ મંદિર' વિવિધ વિષયોની મહેકથી છલકાઈ જાય છે**

એપ્રિલ-૨૦૨૫ના 'મંગલ મંદિર'ના મુખપૃષ્ઠ પર વિશ્વ નવકાર મહામંત્રનું ચિત્ર માત્ર પ્રતીકાત્મક નથી પરંતુ વિશ્વમાં અત્યારે ચારેકોર યુદ્ધના માહોલમાં શાંતિનો સંદેશ આપે છે. છેલ્લા ૪૮ વર્ષથી દર માસની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું 'મંગલ મંદિર' સાથે સંકળાયેલા તમામ લોકો અભિનંદનને પાત્ર છે. તંત્રીલેખમાં મુંબઈમાં અતિથિ ભવન જેવો પ્રોજેક્ટ, જે સને ૨૦૦૫થી વિચારવંત હતો પરંતુ અવરોધોનાં કારણે સ્થગિત રહેલ છે, પુનઃ શરૂ થનાર છે. મુંબઈમાં કામ અર્થે જતા કચ્છીઓને એક સુંદર આશ્રય સ્થાનની સેવા મળતી થશે. સંસ્થાનાં સ્ટાફ મેમ્બરોને ફાયર સેફ્ટી અંગે અપાયેલ ટ્રેનિંગ સમયોચિત કહી શકાય. વિશ્વ નવકાર મંત્ર દિવસ બાબતે કિરણ ચાંપાનેરીના લેખમાં નવકાર મંત્રમાં રહેલ શક્તિ, તેનું મહત્ત્વ તથા તેમાં દેવ, ગુરૂ અને ધર્મનો સમાવેશ થાય છે જેવી બાબતોની છણાવટ સુંદર કરી છે. વયસ્ક સમિતિનાં અહેવાલમાં વડનગરનાં પ્રવાસ લેખમાં વડનગરના અન્ય જોવાલાયક સ્થળોનો ઉલ્લેખ આ સ્થળને પ્રવાસધામ તરીકે પ્રસ્થાપિત કરે છે. ફેબ્રુઆરી માસ દરમિયાન વિવિધ સેવાઓનો લાભ લેનાર કુલ ૩૧૯૮૧ લાભાર્થીઓ હતા, જે સંસ્થાની સક્રિયતા દર્શાવે છે. સમાજની અમદાવાદની દૈનિક ડાયરીમાં તા. ૮-૩-૨૦૨૫ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીનો અહેવાલ જોતાં પ્રસંગોચિત સુંદર આયોજન જણાઈ આવે છે. શ્રી કે.ડી. શાહનું લખાણ 'વિરોધ ક્યારે હોય?' એક વ્યંગાત્મક લખાણ છે. ચૌલા કુરૂવા દ્વારા દેશ વિદેશના સંક્ષિપ્તમાં ૩૧ સમાચારોનો સમાવિષ્ટ કરી મહત્તમ જાણકારી આપવાનો સુંદર પ્રયાસ છે. રસીક મહેતા દ્વારા જ્ઞાન-વિજ્ઞાન વૈજ્ઞાનિક માહિતી વિભાગમાં મોબાઈલ ફોનમાં બેટરી કેવી રીતે પાવર આપે છે? જેવી રસપ્રદ જાણકારી દરેક મોબાઈલ ધારકોએ જાણવી જરૂરી છે. યુવાવર્ગને આ લેખમાળા આકર્ષે છે. ડૉ. આશિષ ચોક્સીના પ્રેરણાત્મક પ્રસંગોમાં છેલ્લા બોલ તરીકે આત્મવિશ્વાસના ૭ પગથિયા થોડામાં ઘણું કહી જાય છે. સ્વાધીનતા સંગ્રામની શ્રેણીમાં પ્રીતિલતા વાદેદાર એક બંગાળી મહિલા ક્રાંતિવીરની કથા દેશદાઝ, જોમ અને શૌર્યથી ભરેલી છે. એરિસ્ટોક્રેટ્સ શ્રેણીમાં શેઠ શાંતિદાસ દ્વારા મોગલ બાદશાહ પાસેથી જમીન મેળવી ચિંતામણિ પાર્શ્વનાથનું ભવ્ય દેરાસરનું નિર્માણ થવું, ત્યારબાદ ઔરંગઝેબ દ્વારા દેરાસર તોડી મસ્જિદમાં તબદિલ થયા બાદ શેઠ શાંતિદાસ દ્વારા મોગલ બાદશાહ પાસેથી પુનઃ કબજો મેળવવો, પાંચ મુખ્ય પ્રતિમાઓ ભોંયરા વાટે ઝવેરીવાડમાં લાવવી, કાળક્રમે આ સ્મારક ઉપેક્ષિત અને વેરાન બન્યું. એક ભવ્ય સ્મારક સમયની થપાટો ખાતું વિસરાઈ ગયું – જેવી ગાથા વાંચવી જ રહી. ડૉ. કમલેશ શાહનો 'એક, બે કે નો બાળકનો પરિવાર' લેખ વર્તમાન સામાજિક પરિસ્થિતિનું ચિત્ર રજૂ કરે છે. ચીન જેવા રાષ્ટ્રે વર્ષો સુધી ૧ બાળકની નીતિ સ્વિકારી. જેથી આજે યુવાઓની ખોટ વર્તાય છે. જાપાન તથા રશિયાની હાલત પણ તેવી જ છે. આજની યુવા પેઢી યોગ્ય રીતે વિચારણા નહીં કરે તો સામાજિક સમતુલાના પ્રશ્નો ઉભા થશે. 'સવાલ અમારો - જવાબ તમારો' સ્પર્ધા વિભાગમાં સ્પર્ધકનું નામ, સરનામા જેવી વિગતો પ્રશ્નોની ઉપર દર્શાવાય તેવું સૂચન છે. સુડોકુ તેમજ શબ્દ રમતમાં આ પ્રમાણે છે. ફાલ્ગુની હિરેન શાહનો 'મેન્ગ્રોવ' પરનો લેખ ખૂબ જ માહિતીપ્રદ, તલસ્પર્શી અભ્યાસલેખ છે. મેન્ગ્રોવનું મહત્ત્વ, પર્યાવરણ રક્ષણમાં તેની ભૂમિકા, તેનો વિસ્તાર વગેરે વિગતે દર્શાવ્યા છે. આ ઉપરાંત કચ્છના ખારાઈ ઊંટ કે તરતા ઊંટ બાબતે પણ સુંદર છણાવટ કરી છે. આટલા સુંદર લેખ બદલ ફાલ્ગુની શાહને અભિનંદન.

ચૈત્ર માસમાં પૂરબહારમાં ખીલતા ગુલમહોર, ગરમાળા, મોગરા જેવા પુષ્પોની સુગંધની જેમ મંગલ મંદિર વિવિધ વિષયોની મહેકથી છવાઈ જાય છે.

*અશોક વી. શાહ - ગાંધીનગર*
*મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯*

★

*To the management,*

We had a very good experience at Shri Kutchhi Vishram Gruh & it was worth the price.

The rooms were also good & spacious. Thank you.

***Manan Chheda***

★

શાહીબાગ કચ્છી વિશ્રામગૃહ રહેવાનું થયું હતું. બહુ સારી રીતે રહ્યું. ભોજનશાળાનું જમવાનું સરસ હતું. રૂમ પણ ખૂબ સરસ હતા.

*મોહિત સંઘવી - ભુજ, રીતુ મોરબીયા - ભુજ*
*મો. ૯૭૨૪૬ ૩૩૩૫૯*

★

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગમાં ખૂબ સરસ વ્યવસ્થા છે અને સ્ટાફનો પણ સારો એવો સપોર્ટ રહ્યો છે. ખૂબ જ અભિનંદનને પાત્ર છે.

*રાજેશ મેરીયા - મોખાણા, તા. ભુજ, કચ્છ*
*મો. ૯૮૨૫૮ ૮૯૧૬૫*

★

સવિનય સાથે જણાવવાનું કે શ્રી કચ્છી વિશ્રામગૃહ ખાતે ઘણી જ સારી રહેવાની વ્યવસ્થા છે. સ્ટાફનો વ્યવહાર પણ મૈત્રીપૂર્ણ રહ્યો છે. સંપૂર્ણ વ્યવસ્થા, જમવાની - નાસ્તાની ખૂબ સુંદર છે. આટલા મોટા અમદાવાદ શહેરમાં દર્દીઓના માટે રહેવા લાયક ખૂબ સુંદર વ્યવસ્થા છે. સંસ્થા સંચાલકો - સ્ટાફને ધન્યવાદ આપું છું.

*મહેન્દ્ર કે. રાઠોડ - ભુજ, કચ્છ*

★

I stayed at Shri Kutchhi Vishram Gruh - Shahibaug. Room service & staff facility are good. Staff good behaviour, room cleaning very good. Canteen food is very good. Canteen staff is good nature.

***Nishant Agrawal • M. 82904 76470***

# અન્ય સંસ્થાના સમાચાર

## સમસ્ત જૈન સમાજના લોકોમાં એકતા વધે તે માટે શ્રી ભારતીય જૈન સંઘટના - કચ્છ દ્વારા સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું

શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજન - ભુજ સંકુલના પટાંગણ મધ્યે શ્રી ભારતીય જૈન સંઘટના-કચ્છ દ્વારા સમસ્ત જૈન સમાજના લોકો માટે સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બીજેએસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નંદકિશોર શાખલા, ગુજરાતના જનરલ સેક્રેટરી શ્રી શરદભાઈ શેઠ, પ્રદેશ વોટર બોડીના હેડ શ્રી નવીનભાઈ કોઠારી, બીજેએસ જામનગરના અધ્યક્ષ શ્રી જીગ્નેશભાઈ શાહ, બીજેએસ કચ્છના પ્રમુખ શ્રી હિતેશભાઈ ખંડોલ, જૈન સાત સંઘ ભુજના પ્રમુખ શ્રી સ્મિતભાઈ ઝવેરી, શ્રી ક.વી.ઓ. જૈન મહાજન ભુજ અને શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડા, કચ્છ જિલ્લા ભાજપના ઉપપ્રમુખ શ્રી શીતલભાઈ શાહ, ભુજ નગરપાલિકાના સદસ્ય શ્રીમતી રેશ્માબેન ઝવેરી, જાણીતા દાનવીર શેઠ શ્રી કમલેશભાઈ સંઘવી, લાયન્સ હોસ્પિટલના અધ્યક્ષ શ્રી ભરતભાઈ મહેતા તથા અન્ય મહાનુભાવોના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરી પ્રારંભ કરાયો હતો.

આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચન કરતા બીજેએસ કચ્છના પ્રમુખ શ્રી હિતેશભાઈ ખંડોલે જણાવ્યુ હતું કે, અત્યારે આપણા જૈન સમાજના લોકો પાસે ખૂબ જ શકિત છે, લાંબું વિઝન છે. આપણા જૈનો દ્વારા સંચાલિત શાળાઓ અને હોસ્પિટલો, સામાજિક સંસ્થાઓ છે પણ આપણામાં એકતા ના હોવાને કારણે આપણે તેનો બહુ ઉપયોગ કરી શકતા નથી. જો આપણે સૌ જૈનો એક થઈ કામ કરીશું તો આપણા દ્વારા કરવામાં આવતી કામગીરીની નોંધ વૈશ્વિક કક્ષાએ લેવામાં આવશે. બીજેએસ દ્વારા કચ્છ જિલ્લામાં કરવામાં આવતા કાર્યોની વિસ્તારપૂર્વક સમજણ અપાઈ હતી. ભુજના લોકોના હૃદયસમું હમીરસર તળાવ, જે ખૂબ વરસાદમાં પણ ના ઓગનાય ત્યારે બીજેએસ સંસ્થા દ્વારા જળ સંચય અભિયાન અંતગર્ત હમીરસર તળાવનું ખાણેત્રુ કરવામાં આવ્યું. જે ગત વરસાદમાં ઓગની ગયું. આવનાર દિવસોમાં સૌ જૈનો સાથે મળીને બીજેએસ દ્વારા જે કાર્યો કરવામાં આવશે તેનો ચિતાર રજૂ કર્યો હતો.

આ પ્રસંગે શ્રી ક.વી.ઓ. જૈન મહાજન ભુજ અને શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડાએ જણાવ્યું હતું કે અત્યારે આધુનિક જીવનશૈલીમાં લોકો અતિ વ્યસ્ત બન્યા છે. આપણા જૈન ભાઈને જોઈતી મદદ કરી તે કેમ આગળ વધે તે માટે સૌ જૈનોએ કાર્ય કરવા જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે વરસો જૂની મહાજન પરંપરાને જીવંત કરી જૈન સમાજના લોકો દરેક ક્ષેત્રમાં આગળ વધે તે માટે બીજેસએસ સંસ્થા દ્વારા જે કાર્યો કરવામાં આવશે તેમાં સહકારની ખાત્રી આપી હતી. આપણા સમાજ પાસે ઘણું બધું છે પણ એકતા ના હોવાને કારણે આપણે પાછળ પડીએ છીએ. શ્રી ક.વી.ઓ. જૈન મહાજન ભુજ અને શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ – એમ બંને સંસ્થા દ્વારા નાતજાતના ભેદભાવ વગર સમાજના નાનામાં નાના લોકો માટે જે કાર્યો કરવામાં આવે છે તેની માહિતી આપી હતી. ઉપસ્થિત લોકોને બીજેએસ સંસ્થામાં જોડાઈને આ સંસ્થાને વિશાળ વટવૃક્ષ બનાવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે બીજેએસના પ્રદેશ મહામંત્રી શ્રી શરદભાઈ શેઠ દ્વારા બીજેએસ સંસ્થા દ્વારા કરવામાં આવતા કાર્યો તથા તે કાર્યો લોકોને સામાજિક જીવનમાં કેટલા ઉપયોગી થઈ શકે તે વિશે જણાવ્યુ હતું. લાયન્સ હોસ્પિટલના ચેરમેન શ્રી ભરતભાઈ મહેતાએ બીજેએસ દ્વારા કરવામાં આવતા કાર્યોની પ્રશંસા કરી આ સંસ્થા વધુમાં વધુ લોક ઉપયોગી કાર્યો કરી શકે તે માટે પોતાનાથી બનતી તમામ મદદ કરવાની ખાત્રી આપી હતી.

આ પ્રસંગે જાણીતા દાનવીર શેઠ શ્રી કમલેશભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે જો જૈન સમાજ એક થાશે તો આપણે ઘણી પ્રગતિ કરી શકશું. એકતામાં જેટલી તાકાત છે એ તાકાત બીજા કશામાં નથી. જૈન સમાજના લોકોની એકતા માટે બીજેએસ દ્વારા કરવામાં આવતા કાર્યો માટે પોતાના તરફથી તન, મન, ધનથી સહયોગ આપવાની જાહેરાત કરી હતી. તેના ઉપલક્ષમાં જીવદયા તથા સેવાકીય પ્રવૃત્તિ અર્થે તેરા તુજકો અર્પણ ટ્રસ્ટ - કચ્છ અને બીજેએસ કચ્છ દ્વારા ભુજમાં સૌપ્રથમ વખત જાણીતા ડૉ. કુમાર વિશ્વાસના સંગાથે શબ્દ ઉત્સવ કાર્યક્રમનું આયોજન આગામી તા. ૧૩-૦૪-૨૦૨૫ ને રવિવારે સાંજે ૭ કલાકથી ભુજના સ્મૃતિવન મધ્યે આયોજન કરવામાં આવ્યું છે તેનો મુખ્ય લાભ તેમના માતુશ્રી પ્રેમીલાબેન પ્રેમચંદ સંઘવી પરિવાર રહેશે તેવી જાહેરાત કરી હતી. આ કાર્યક્રમને માણવા માટે દરેક લોકોને બહોળી સંખ્યામાં હાજર રહેવા જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે સ્વાસ્થ્ય ક્ષેત્રે

લોકોને અદ્યતન સારવાર વ્યાજબી દરે મળી રહે તે માટે તેમના સુપુત્ર શ્રી ડૉ. ઉમંગ સંઘવીના નેજા હેઠળ સંચાલિત સંઘવી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના ઉદ્‌ઘાટન સમારોહ આગામી તા. ૨૦-૦૪-૨૦૨૫ ને રવિવારે રાખેલ છે. તો તે પ્રસંગે સૌને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવ્યું હતું.

બીજેએસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નંદકિશોર શાખલાએ બીજેએસ સંસ્થાની સ્થાપના આજથી ૪૦ વરસ પહેલા શ્રી શાંતિલાલ મુથ્થાએ કરી હતી. તેમનો એક માત્ર ઉદ્દેશ એજ હતો કે કોઈપણ સાધર્મિક જૈન પરિવાર કોઈ પણ કારણસર સમાજમાં એકલો અટુલો ન પડે. બીજેએસ સંસ્થાની સ્થાપનાથી કરીને આજદિન સુધી જે જે કાર્યો કરવામાં આવે છે તે કાર્યોની ઉંડાણથી સમજણ આપી હતી. તે કાર્યો દ્વારા સમાજમાં કેવા સારા પરિવર્તન આવે છે તે જણાવ્યું હતું. આજના આધુનિક યુગમાં જૈન સમાજના લોકોને સ્પર્શતા પ્રશ્નો અંગે બીજેએસ દ્વારા કરવામાં આવતા કાર્યો ફાઉન્ડેશન પ્રોગ્રામ, ઈન્સેપ્શન (પ્રતિબિંબ) પ્રોગ્રામ, ઈન્ફ્યુઝન (પ્રવાહ) પ્રોગ્રામ, પરિકલ્પના પ્રોગ્રામ, વોલન્ટિયર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ વગેરેની ખૂબ જ ઊંડાણપૂર્વક સમજણ આપી ઉપસ્થિત તમામ લોકોને બીજેએસમાં જોડાઈને જૈન સમાજની એકતા વધારવા પર અનુરોધ કર્યો હતો.

બીજેએસ મહિલા વિંગના પ્રમુખ શ્રી ગીતાબેન પારેખે આવનાર સમયમાં મહિલા દરેક ક્ષેત્રમાં આગળ વધી પોતાનું તથા પોતાના પરિવાર અને સમાજનું નામ રોશન કરે તે માટે વિવિધ કાર્યક્રમો કરવાની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે અચલગચ્છ જૈન સંઘના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ, વાગડ સાત ચોવીસીના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ ચંદુરા, તેરાપંથ સંઘના પ્રમુખ શ્રી વાડીલાલભાઈ મહેતા, આઠકોટી નાની પક્ષ સંઘના પ્રમુખ શ્રી નીતિનભાઈ શાહ, વાગડ બે ચોવીસી સમાજના પ્રમુખ શ્રી કિશોરભાઈ મોરબીયા, શ્રી ખરતરગચ્છ જૈન સંઘના પ્રમુખ શ્રી રજનીભાઈ પટવા, શ્રી ક.વી.ઓ. જૈન મહાજન ભુજના ટ્રસ્ટી શ્રી ગિરીશભાઈ છેડા, ભુજ સમસ્ત જૈન સમાજના યુવા પાંખના હોદ્દેદારો, મહિલા પાંખના હોદ્દેદારો, ઉપરાંત ગાંધીધામ, અંજાર, માધાપર, વર્ધમાન નગર ભુજોડી, મુંદ્રા, માંડવી, સુખપર, માનકુવા, નખત્રાણા, રાપર, ભચાઉથી જૈન સમાજના આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સ્વાગત પ્રવચન બીજેએસ કચ્છના મહામંત્રી શ્રી કૌશલભાઈ મહેતા, સૂત્ર સંચાલન શ્રી રાહુલભાઈ શાહ અને આભાર વિધિ શ્રીમતી રેશ્માબેન ઝવેરીએ કરી હતી. આ પ્રસંગે કચ્છ બહારથી પધારેલા મહેમાનોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

## સંપૂર્ણ જીવન - વડોદરા

આધ્યાત્મિક શિક્ષણ આપતી વડોદરાની સંસ્થા સંપૂર્ણ જીવન અને શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રે પ્રખ્યાત મુનિ સેવાશ્રમ - ગોરજ, જિ. વડોદરા દ્વારા આધ્યાત્મિક સશક્તિકરણ દ્વારા વ્યક્તિત્વ વિકાસ ઉપર નિવાસી વર્કશોપ તા. ૧ થી ૭ જૂન દરમિયાન રાખેલ છે. ૧૮થી ૩૫ વર્ષની વયના જીજ્ઞાસુઓને ભાગ લેવા માટે નિમંત્રણ છે.

*સ્થળ : મુનિ સેવાશ્રમ, ગોરજ*

*વિશેષ માહિતી માટે સંપર્ક : ૯૬૦૧૨ ૫૩૭૫૯*

### માહિતીપત્ર

★ *વિષય : પર્સનાલિટી ડેવલપમેન્ટ એન્ડ સ્પિરીચ્યુઅલ એમ્પાવરમેન્ટ*

★ *આગમન :* શનિવાર, તા. ૩૧ મે ૨૦૨૫

★ *રેસિડેન્સિયલ વર્કશોપ :* ૧ જૂન થી ૭ જૂન ૨૦૨૫

★ *પરત જવું :* રવિવાર, તા. ૮ જૂન ૨૦૨૫

★ *ફી :* એક અઠવાડિયું રેસિડેન્સિયલ વર્કશોપ. રૂા. ૨,૦૦૦/- વ્યક્તિ દીઠ

★ *મો :* ૮૧૬૦૪ ૪૨૨૫૫ (સોમવારથી શનિવાર, સવારમાં ૧૦થી રાત્રે ૧૨ વાગ્યા સુધી)

★ *સ્થળ :* મુનિ સેવાશ્રમ, ગોરજ, જિ. વડોદરા, ગુજરાત-૩૯૧ ૭૬૦.

★ *ઈ-મેઈલ :* santoolan@greenashram.org

★ *વેબ :* www.greenashram.org

## ભુજ કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થા

સંસ્થા દ્વારા પ્રથમ સભાની એપ્રિલ ફૂલ, રામનવમી, મહાવીર જયંતી, સ્વામિનારાયણ જયંતી ઉજવણી સાથે છત્ર શિવાજી પુણ્યતિથિ, અભિનેતા મનોજકુમારના અવસાન થતાં શ્રદ્ધાંજલી બેઠક દિલીપ આચાર્યના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતી. આ પ્રસંગના વિવિધ વિષયની રચના ભારતી ભંડેરી, ભરત ગોસ્વામી, મીરા વ્યાસ, હરેશ જોશી, કિશોર સોની, ભરત શાહ દ્વારા ગ્રુપમાં રજૂ કરેલ હતી. જેમણે ભાગ લીધો હતો તેમની નિયમિત સાહિત્ય સેવા બિરદાવી શુભ કામના સહ અભિનંદન પાઠવેલ હતા.

આ પ્રસંગે બીજા દોરમાં બી.કે. ગઢવી, કવિ નંદ, જગદીશ ગોર, સોનલ ભાટીયા, અશ્વિન જાની, કનૈયાલાલ અબોટીએ રામ નવમી પ્રસંગે મંદિરની પરંપરાને ધાર્મિક વૈજ્ઞાનિક સિદ્ધાંતની સમજ કરેલ હતી. અન્ય અનેક લોકોનો સહયોગ મળ્યો હતો.

દેશ વિદેશ

# દેશ – વિદેશ...

ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

★ *સુરતમાં ૧૨૦૦૦ માતા-દીકરીઓએ ઘુમર નૃત્ય કરી રેકોર્ડ બનાવ્યો.*

૩૦ માર્ચે રાજસ્થાન સ્થાપના દિવસ નિમિત્તે સુરતના ગોડાદરા ખાતે રાજસ્થાન સમાજની ૧૨૦૦૦ બહેનોએ એક અનોખો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. ૧૨૦૦૦ બહેનો અને માતાઓ એક સાથે રાજસ્થાનના પરંપરાગત ઘુમર નૃત્યની ભવ્ય રજૂઆત કરી હતી. આ સમયે સર્જેલા રેકોર્ડને લઇને ગિનિસ બુકે રેકર્ડ નોંધ્યો છે. *(તા. ૩૦-૩-૨૦૨૫)*

★ *સુરેન્દ્રનગરથી ચાલતું હથિયારના લાઇસન્સ આપતું કારસ્તાન.*

ખોટા ભાડા કરારથી સૌરાષ્ટ્રના ગુનેગારોએ ૧૦૦૦થી વધુ હથિયારો લીધા. સુરતનું ગજાનન ગન હાઉસ એજન્સીની રડારમાં. નાગાલેન્ડ, મણિપુર અને મિઝોરમથી હથિયાર મેળવનારા ૮૦ ટકા કુખ્યાત ગુનેગાર.

રાજયના ગુપ્તચર વિભાગને મળેલી માહિતીના આધારે સુરેન્દ્રનગરથી નાગાલેન્ડ સહિતનાં ત્રણ રાજ્યમાં ચાલતું હથિયારના લાઇસન્સ આપવાનું કારસ્તાન બહાર આવ્યું છે. હજુ ૨૫ શખ્સ પકડાયા છે. તેમની પાસેથી ૧૭ હથિયાર જપ્ત કરવામાં આવ્યા છે. *(તા. ૩૦-૩-૨૦૨૫)*

★ *મુસ્લિમ મહિલાઓનું 'રીજેક્ટ વક્ફ બિલ' અભિયાન.*

સુરતમાં ૪૫ આલેમાનું UCC અને વક્ફના વિરોધમાં પ્લેકાર્ડ લઇને વિરોધ પ્રદર્શન. મંજૂરી વગર કાર્યક્રમ કરાતાં ૨૩ની અટકાયત.

દેશભરમાં કોમન સિવિલ કોડને લઇને જે પ્રકારે ચર્ચાએ વેગ પકડ્યો છે એ પાસ થતાંની સાથે જ વિરોધના સૂર પણ એટલા જ જોવા મળી રહ્યા છે. ખાસ કરીને મુસ્લિમ મહિલાઓનો UCC ને લઇને વિરોધ વધુ જોવા મળી રહ્યો છે. સુરતમાં મુસ્લિમ મહિલાઓ દ્વારા આજે રેલી હતી. *(તા. ૪-૪-૨૦૨૫)*

★ *અમદાવાદમાંથી ટી.સી.એસ.ના મેનેજરની પત્ની નિકીતાની ધરપકડ.*

૩૫ દિવસથી ભૂગર્ભમાં હતી. આગ્રામાં પતિએ વીડિયો બનાવીને આત્મહત્યા કરી હતી.

આગ્રામાં ટી.સી.એસ.ના મેનેજર માનવ શર્માના આત્મહત્યા કેસમાં આરોપી તેની પત્ની નિકીતાની ૪૦ દિવસ પછી ધરપકડ કરવામાં આવી છે. પોલીસે નિકીતા અને તેના પિતા નિપેન્દ્ર શર્માની અમદાવાદથી ધરપકડ કરી છે. શનિવારે બપોરે પોલીસ તેને લઇને આગ્રા પહોંચી હતી. *(તા. ૫-૪-૨૦૨૫)*

★ *હિલ સ્ટેશન જેવા માહોલમાં દ્વારકા પદયાત્રા.*

અનંત અંબાણીએ 'નંદ'ને તેડીને લાડ લડાવ્યા. દાદીના આશિર્વાદ 'તમારા ઘરે પણ કૃષ્ણ જેવો દીકરો આવે.' નવ દિવસમાં ૯૧ કિ.મી. અંતર કાપ્યું.

અનંત અંબાણીની ભગવાન દ્વારકાધીશનાં દર્શન માટે શરૂ કરેલી પદયાત્રાનો આજે નવમો દિવસ પૂર્ણ થયો છે. સીમલાના હિલ સ્ટેશન જેવા માહોલમાં રાતના ચાર વાગ્યા બાદ ખાડી પાસેથી પદયાત્રા શરૂ કરીને અનંત અંબાણીએ વહેલી સવારે નવમા દિવસના અંતે ૧૨.૫ કિ.મી.ની યાત્રા પૂર્ણ કરી. *(તા. ૫-૪-૨૦૨૫)*

★ *કાઠિયાવાડી ચિરાગ નાકરાણી. કોલેજ છોડી રેઝોન સોલાર શરૂ કર્યું. ૭ વર્ષમાં રૂા. ૫ કરોડથી મોટો બિઝનેસ.*

પપ્પાએ મને ભણાવી ગણાવી એન્જિનિયરીંગ સુધી પહોંચાડ્યો પણ આપણને રસ ન પડ્યો. અંતે કંટાળી કોલેજના ત્રીજા વર્ષે મેં કોલેજ જ છોડી દીધી. *(તા. ૬-૪-૨૦૨૫)*

★ *લાખો જૈનોનું એકસાથે નવકાર મંત્ર પઠન.*

પી.એમ. મોદીએ કહ્યું : નવી સંસદમાં જૈન ધર્મનો પ્રભાવ. અમદાવાદમાં સી.એમ.ની હાજરીમાં ૨૫,૦૦૦ જૈનોનો નવકાર મંત્ર જાપ.

JITO (જૈન ઇન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન) અમદાવાદ તથા જૈન સમાજ દ્વારા વિશ્વ કલ્યાણના સંકલ્પને જન જન સુધી પહોંચાડવા ૯ એપ્રિલના રોજ ૧૦૮થી વધુ દેશમાં 'વિશ્વ નવકાર મહામંત્ર' દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. દિલ્હીથી પીએમ નરેન્દ્ર મોદીએ સમગ્ર કાર્યક્રમને નિરીક્ષણ કર્યો. *(તા. ૯-૪-૨૦૨૫)*

★ *જાણીતા ઉદ્યોગપતિનું વૈશ્વિક ગુજરાતી સંગઠન દ્વારા સન્માન.*

અમેરિકામાં રહેતા વતનપ્રેમી રાહુલ શુક્લને સેલ્યુટ ઇન્ડિયા NRI એવોર્ડ એનાયત. *(તા. ૯-૪-૨૦૨૫)*

★ *રત્ન કલાકારોની સામૂહિક હત્યાનો પ્રયાસ. ૬ આઇ.સી.યુ.માં.*

મેનેજરના ભાણિયાના શંકા જતાં મામલો બહાર આવ્યો. ફિલ્ટર પાસે CCTV નહીં. પોલીસને કારીગર પર શંકા.

સુરતના કાપોદ્રા વિસ્તારમાં અનભ ડાયમંડમાં પીવાના

પાણીના ફિલ્ટરમાં સેલફોસનું પાઉચ ભેળવી દઈ સામૂહિક રીતે રત્ન કલાકારોની હત્યાનું ષડયંત્ર રચવામાં આવ્યું હતું. ફિલ્ટરનું પાણી પીધા બાદ ૧૧૮ જેટલા રત્ન કલાકારોને ચક્કરની ફરિયાદ બાદ ફિલ્ટરમાંથી સેલફોસનું પાઉચ મળ્યું. *(તા. ૧૦-૪-૨૦૨૫)*

★ ***કપિલ શર્માનું ટ્રાન્સફોર્મેશન.***

તાજેતરમાં કોમેડિયન હોસ્ટ કપિલ શર્મા મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યો હતો. તે પહેલાં કરતાં ઘણો પાતળો અને ફીટ દેખાતો હતો. તેનો નવો અવતાર દેખતાની સાથે જ આ વીડિયો સોશિયાલ મીડિયા પર વાઈરલ થઈ ગયો. ફેન્સ આશ્ચર્યચકિત થઈ ગયા, કે કપિલે આટલું વજન કેવી રીતે ઉતાર્યું? *(તા. ૧૦-૪-૨૦૨૫)*

★ ***સી.એમ. યોગીનો ડ્રીમ પ્રોજેક્ટ નોઈડા ફિલ્મસિટી ખરાબ હાલતમાં.***

દિલ્હીથી ૫૫ કિ.મી. પર જેવર એરપોર્ટની ૮૭ વર્ષ પછી પણ જમીન ખાલી. માત્ર બોર્ડ લાગ્યું. સી.ઈ.ઓ. બોલ્યા : ૮ વર્ષ લાગશે. *(તા. ૧૦-૪-૨૦૨૫)*

★ ***વક્ફ કાયદા સામે મુસ્લિમોનો વિરોધ હિંસક બન્યો.***

બંગાળના મુર્શિદાબાદમાં ૩ લોકોના મોત. ધુલિયાન ગંગામાં ૫૦૦૦ લોકોએ રેલવે ટ્રેક બ્લોક કર્યો. *(તા. ૧૧-૪-૨૦૨૫)*

★ ***પુરીના જગન્નાથ મંદિરના ધ્વજને લઈને ગરૂડ ઉડી ગયું.***

આર્થિક ભીંસ વધશે. આફતો સહિત અશુભ સ્થિતિના એંધાણ. જ્યોતિસશાસ્ત્રના મતે આ ઘટના ખતરનાક છે.

હાલમાં સોશિયલ મીડિયા પર જગન્નાથપુરી મંદિરનો એક વીડિયો ખૂબ જ વાઈરલ થઈ રહ્યો છે. જેમાં ગરૂડ એક વિશાળ ધ્વજ લઈને મંદિરની ઉપર ઉડતું દેખાય છે. આ દશ્ય જોઈને લોકો ચોંકી ગયા છે. *(તા. ૧૪-૪-૨૦૨૫)*

★ ***અમરનાથ રજિસ્ટ્રેશનના પહેલા દિવસે જ ધાંધિયા.***

૧૭ કલાકથી બેંક બહાર શ્રદ્ધાળુ ઊભા પગે. ૧૦૦ની જગ્યાએ માત્ર ૨૫ની નોંધણી થતાં ધાર્મિક સૂત્રોચ્ચાર કરી વિરોધ કર્યો. *(તા. ૧૫-૪-૨૦૨૫)*

★ ***પ્રતાપગઢ કિલ્લા પર વક્ફનો દાવો ખતમ થઈ જશે.***

નથી દાનમાં મળેલો, ન કોઈ દસ્તાવેજ. આ ૨૫૬ મિલકત વક્ફ પાસેથી છીનવાઈ જશે. *(તા. ૧૫-૪-૨૦૨૫)*

★ ***ગુરૂગ્રામ જમીન કૌભાંડ. વાડ્રાની ત્રીજા દિવસે પણ પૂછપરછ.*** અત્યાર સુધી ૮ કલાકના સવાલ-જવાબ. વાડ્રાએ કહ્યું : રાજકીય રીતે બદલો લઈ રહ્યા છે. આ એજન્સીઓનો દુરૂપયોગ છે. *(તા. ૧૭-૪-૨૦૨૫)*

★ ***હવે જૂનું અમદાવાદ યુરોપ જેવું બનશે.***

હેરિટેજ વૉકની ગલીઓ યુરોપ સ્ટ્રીટની જેમ ડેવલપ કરાશે. ક્યુ.આર. કોડથી માહિતી મળી રહેશે. તમામ બિલ્ડિંગો એક જ રંગથી રંગાશે. *(તા. ૧૮-૪-૨૦૨૫)*

★ ***૬૨ લાખનાં ઘરેણાંથી સજ્જ બે હાથણી યુ.એસ.ના ઉપરાષ્ટ્રપતિનું સ્વાગત કરશે.***

ચંદા - પુષ્પાને ૩૫૦ વર્ષ જૂનાં ઘરેણાનો શણગાર કરાશે. આ હાથણી દ્વારા જ જેડી વેન્સનું શાહી સ્વાગત થશે.

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેમ્સ ડેવિડ (JD) વેન્સ ૨૧ એપ્રિલથી જયપુરની ચાર દિવસની મુલાકાત લેશે. પુષ્પા-ચંદાનું વજન ૨ થી ૩ ટન. આહાર ૨૬૦ કિલો. પુષ્પા-ચંદાની ઊંચાઈ લગભગ ૯ ફૂટ છે. *(તા. ૨૦-૪-૨૦૨૫)*

## વિદેશના સમાચાર

★ ***ગાઝામાં ફરી યુદ્ધવિરામ માટે હમાસ તૈયાર.***

ઈઝરાયેલ કહ્યું : હમાસ લીડર્સ પહેલા હથિયાર સરેન્ડર કરે, પછી જ ગાઝા છોડવાની મંજૂરી. *(તા. ૨૪-૩-૨૦૨૫)*

★ ***નેપાળમાં રાજાશાહી સમર્થકો દ્વારા હિંસક પ્રદર્શન.***

કાઠમંડુમાં પોલીસ સાથે અથડામણ. રાજા જ્ઞાનેન્દ્રને સત્તા સોંપવાની માંગ. તેમના પર ૯ હત્યાઓનો આરોપ. *(તા. ૨૫-૩-૨૦૨૫)*

★ ***ટ્રમ્પે ન્યુક્લિયર ડિલ પર ઈરાનને ધમકી આપી. સમાધાન કરો નહિંતર એવો બોમ્બમારો કરીશું, જે પહેલા ક્યારેય જોયો નહીં હોય.*** *(તા. ૨૬-૩-૨૦૨૫)*

★ ***અમેરિકાએ સેંકડો વિદેશી વિદ્યાર્થીઓના એફ-૧ વિઝા રદ કર્યા.*** ટ્રમ્પ વહીવટીતંત્રે ઈ-મેઈલ મોકલી સ્વેચ્છાએ દેશ છોડવાનો આદેશ આપ્યો. ભારત સહિત ઘણા દેશોના સ્ટુડન્ટ્સ ચિંતિત. *(તા. ૨૬-૩-૨૦૨૫)*

★ ***સીરિયામાં કાર્યકારી સરકારની રચના. કોઈ PM નહીં.***

વચગાળાના રાષ્ટ્રપતિ જુલાનીએ એક ખ્રિસ્તી મહિલા સહિત ૨૩ મંત્રીઓની નિમણુંક કરી. *(તા. ૨૮-૩-૨૦૨૫)*

★ ***મ્યાનમારમાં વિનાશક ભૂકંપ.***

૨૮ માર્ચે મ્યાનમારમાં આવેલા ભૂકંપમાં અત્યાર સુધીમાં ૧૫૦૦થી વધુ લોકોના મોત થયા છે. મૃત્યુઆંક ૧૦ હજાર સુધી પહોંચવાની ધારણા છે. ૭.૭ની તીવ્રતાનો આ ભૂકંપ અત્યંત વિનાશક હતો, તેમ છતાં તે ૨૧મી સદીમાં વિશ્વભરમાં આવેલા ટોચના ૧૦ ભૂકંપોની યાદીમાં નથી. *(તા. ૨૮-૩-૨૦૨૫)*

★ ***ઓસ્ટ્રેલિયાનો ઐતિહાસિક નવચંડી યજ્ઞ.***

૧૦,૦૦૦થી વધુ ભક્તોએ સીડની શહેરને એક દિવ્ય આધ્યાત્મિક ધામમાં ફેરવી દીધો. એક કલાકમાં ૧.૩ મિલિયનનું દાન આપ્યું.

સીડની - ઓસ્ટ્રેલિયા ખાતે ૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ એકતા, શ્રદ્ધા અને સંસ્કૃતિના શાનદાર ઉત્સવરૂપે ઉમિયા પરિવાર ઓસ્ટ્રેલિયા દ્વારા આયોજિત ઉમિયા માતાજીનો નવચંડી યજ્ઞએ સિડની શહેરને એક દિવ્ય આધ્યાત્મિક ધામમાં ફેરવી દીધો. આ દિવસભર ચાલેલા પવિત્ર આયોજનની શરૂઆત સવારે છ વાગે થઈ. *(તા. ૬-૪-૨૦૨૫)*

★ ***૧૩૦૦૦ વર્ષ પહેલા લુપ્ત થયેલા વરૂઓ ફરી જનમ્યા.***
વૈજ્ઞાનિકોએ તેમને ૭૨ હજાર વર્ષ જૂના ડીએનએમાંથી તૈયાર કર્યા.

અમેરિકન વૈજ્ઞાનિકોએ લુપ્ત થઈ ગયેલી વરૂ પ્રજાતિ ડાયર વુલ્ફનો પુનર્જન્મ કરીને ઇતિહાસ રચ્યો છે. અમેરિકાના ડલ્લાસ સ્થિત બાયોટેક કંપની કોલોસલ બાયોસાયન્સિસે આ સિદ્ધિ હાંસલ કરી છે. *(તા. ૮-૪-૨૦૨૫)*

★ ***અમેરિકાના જ્યોર્જિયામાં હિંદુ ફોબિયા વિરૂધ્ધ કાયદો બનશે.*** યુ.એસ.માં હિંદુઓ વિરૂદ્ધ નફરત ફેલાવનારાઓ સામે કાર્યવાહી કરાશે. સેનેટમાં ડેમોક્રેટ્સ અને રીપબ્લિકન્સે સમર્થન આપ્યું. *(તા. ૧૧-૪-૨૦૨૫)*

★ ***ઓસ્ટ્રેલિયામાં ભારતીય દૂતાવાસને નિશાન બનાવાયું.***
મેલબોર્નમાં ભારે તોડફોડ કરવામાં આવી. આ પહેલા પણ દીવાલો પર ઉશ્કેરણીજનક સૂત્રો લખવામાં આવ્યા છે. *(તા. ૧૨-૪-૨૦૨૫)*

★ ***ટ્રમ્પે ૯૦ દિવસ માટે રેસિપ્રોકલ ટેરીફમાં રાહત આપી.***
ચીનની આમાં બાદબાકી. ૧૦૪%થી ટેરીફ વધારી ૧૨૫% કર્યો. ચીને યુ.એસ. પર ૮૪% ટેરીફની જાહેરાત કરી હતી. *(તા. ૧૨-૪-૨૦૨૫)*

★ ***ટ્રમ્પે કહ્યું : હાર્વર્ડના ટીચર્સ મૂર્ખ. યુનિવર્સિટી મજાક બની ગઈ. તે હવે ભણવા લાયક નથી. ગઈકાલે ૧૮ હજાર કરોડ રૂપિયાનું ભંડોળ અટકાવ્યું હતું.*** *(તા. ૧૬-૪-૨૦૨૫)*

---

## જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

**(અનુસંધાન : પાના નં. – ૩૬ ઉપરથી ચાલુ)**

દરિયાના મોજાની ઊંચાઈ કેવી રીતે માપવામાં આવે છે તે જાણવા જેવું છે.

દરિયા કિનારે પાણીનું માપ દર્શાવતી પેનલ હોય છે. દરિયો શાંત હોય ત્યારે તેનું લેવલ માપવામાં આવે છે. મોજા ઉછળે ત્યારે સૌથી વધુ ઊંચાઈનું માપ લેવામાં આવે છે. તેને ક્રેસ્ટ કહે છે. તેજ રીતે સૌથી નીચા મોજાની ઊંચાઈને ટ્રફ કહે છે. બંને મોજાની ઊંચાઈનો તફાવત એટલે મોજાની ઊંચાઈ. સમુદ્રના મોજાનો સમયગાળા સાથે સરખામણી કરીને પીરિયોડિક વેઝનું માપ પણ કાઢવામાં આવે છે. તે માટે વિવિધ પ્રકારના ગાણિતિક સૂત્રોનો ઉપયોગ થાય છે.

હવામાન વિભાગ દર છ મિનિટે દરિયાના પાણીના લેવલમાં થતા ફેરફારની નોંધ લઈ આગાહી કરે છે. જે હવામાન ખાતાની ઓફિસમાં આ સુવિધા હોય તેને રેફરન્સ સ્ટેશન કહે છે. રેફરન્સ સ્ટેશન દરિયાની સપાટી યંત્રોની તમામ માહિતી મુખ્ય હવામાન કચેરીને મોકલે છે.

## જાતજાતના જ્વાળામુખી પર્વત

જ્વાળામુખી એ જાણીતી ભૌગોલિક રચના છે. ઘણા જ્વાળામુખી વિશ્વભરમાં જાણીતા છે.

જ્વાળામુખીના મુખ્યત્વે ચાર પ્રકાર છે. જ્વાળામુખીનો પ્રથમ પ્રકાર પેલેનિયન વેસ્ટ ઇન્ડિઝના ટાપુ પર જોવા મળે છે. તેને ટૂંકમાં 'પેલે વલ્કાનો' કહે છે. બેઠા ઘાટના આ જ્વાળામુખી ફાટે ત્યારે ગરમ ધૂળ અને રાખ ઉડે છે. તેમાં લાવારસ ઓછો હોય છે પરંતુ ઝેરી ગેસ વછૂટે છે એટલે વધુ ખુવારી કરે છે.

બીજા પ્રકારના હવાઇયન વલ્કાનો તોફાની છે. ઊંચાઈમાં ઓછા પણ પહોળાઈમાં વિશાળ એવા આ જ્વાળામુખીમાંથી લાવારસ ધીમે ધીમે વહીને બહાર આવે છે. તેમાં રાખ અને ધૂળ ઓછા પ્રમાણમાં હોય છે.

ઇટાલીનો વિશ્વપ્રસિદ્ધ સ્ટ્રોમ્બોલીન જ્વાળામુખી ત્રીજા પ્રકારનો છે. તેને સ્ટ્રોમ્બોલિયન વલ્કાનો કહે છે. આ જ્વાળામુખી શાંત હોય છે. તેની ટોચે સાંકડા મુખમાંથી ધૂળ અને રાખ ધીમે ધીમે આકાશ તરફ જાય છે. સાથે સાથે આગના ભડાકા પણ જોવા મળે છે. તેમાંથી લાવારસ પણ ધીમે ધીમે નીકળીને જમીન પર ફેલાય છે. આ જ્વાળામુખી વધુ નુકસાન કરતા નથી. આ જ્વાળામુખી લાંબો સમય સક્રિય રહે છે અને તે જોવાલાયક હોય છે.

ચોથા પ્રકારના વલ્કેનિયન જ્વાળામુખી ફાટે ત્યારે વિસ્ફોટ થાય છે. તેમાંથી ધૂળ અને રાખ સાથે પથ્થરો પણ ફેંકાય છે. ધૂળ, રાખ અને પથ્થરો પ્રચંડ ગતિથી હજારો ફૂટની ઊંચાઈએ પહોંચી ઘટ્ટ વાદળ બનાવે છે અને આસપાસની જમીન પર પછડાય છે. આ જ્વાળામુખી સૌથી ભયંકર છે. તેમાંથી ડામર જેવો કાળા રંગનો લાવા નીકળે છે.

***તક તો માત્ર બારણું ખખડાવી શકે,***
***દરવાજો તો ઉભા થઈને આપણે જ ખોલવો પડે.***

જ્ઞાન વિજ્ઞાન

# જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

• સંકલન •
રસીક ખીમજી મહેતા

## હિમાચલ પ્રદેશનો પ્રાચીન મઠ : 'કી ગોમ્પા'

હિમાચલના પહાડી પ્રદેશમાં પણ ઘણી ઊંચાઈએ કેટલાક પ્રાચીન સ્થાપત્યો જોવા મળે છે. હિમાચલ પ્રદેશની સ્પીતિની નદીના કાંઠે ૪૧૬૬ મીટરની ઊંચાઈએ પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે આવેલો બૌદ્ધ મઠ 'કી ગોમ્પા' ૧૧મી સદીનું વિશાળ સ્થાપત્ય છે. બૌદ્ધગુરૂ અતિશાએ ભિક્ષુઓના ધર્માભ્યાસ માટે આ મઠ બંધાવેલો. ૧૪મી સદીમાં મોગલોના આક્રમણમાં તેને નુકસાન થયું હતું. આજે પણ હિમાચલના એક શિખર પર ભવ્ય કિલ્લા જેવો આ મઠ પ્રાકૃતિક સૌંદર્યમાં વધારો કરે છે.

લોહાલ - સ્પીતિ વિસ્તારમાં આવેલો આ મઠ બૌદ્ધોનું તીર્થસ્થાન છે. 'ગોમ્પા'નો અર્થ સુંદર અને ગૌરવશાળી થાય છે. ૧૧મી સદીમાં બૌદ્ધ ભિક્ષુઓને ધર્મ, કલા અને વિજ્ઞાન શીખવવા માટેના આ મઠમાં ભગવાન બુદ્ધની ભવ્ય પ્રતિમા સહિતના અનેક સુંદર શિલ્પો છે. સાંકડા રૂમ, સાંકડી પરસાળ અને સાંકડા દાદરની બનેલી આ ઈમારત અદ્‌ભુત છે. મઠ નીચા ઘાટના ત્રણ માળનો છે. ભોંયતળિયે પ્રવચન ખંડ અને ઓરડાઓ જોવાલાયક છે. આજે પણ આ મઠમાં બૌદ્ધ ધર્મ શિક્ષણ અપાય છે અને બૌદ્ધ ભિક્ષુઓ અભ્યાસ લઈને લામા બને છે. મઠમાં ૨૫૦ સાધુઓ રહીને અભ્યાસ કરી શકે છે.

## ગ્રહમાળાનો રાજા : ગુરૂ

સૂર્યમાળાનો સૌથી મોટો ગ્રહ ગુરૂ માત્ર કદમાં જ નહીં પરંતુ અનેક રીતે વિશિષ્ટ અને સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. સંસ્કૃતમાં તેને 'દેવગુરૂ'ની ઉપમા આપી છે. તે જ્ઞાનનો સાગર અને બધા દેવોનો ગુણ મનાય છે. ગ્રીક દંતકથાઓમાં પણ ગુરૂ જૂનો કે દેવોના દેવ તરીકે ઓળખાય છે.

ગુરૂની ઉત્પત્તિ પણ જુદી રીતે થઈ હતી. ગુરૂ સૂર્યથી વધુ અંતરે હોવાથી સૂર્યના ૧૨મા ભાગની ઉર્જા તેને મળે છે. પૃથ્વી કરતાં તે ૧૨ ગણો મોટો છે. ગુરૂની ઘનતા ૧ ચોરસ સેન્ટીમીટરે ૧.૩૩ ગ્રામ છે. તેનું ગુરુત્વાકર્ષણ બળ પણ વધુ છે.

ગુરૂ વિરાટ અને વજનદાર હોવા છતાંય તે પોતાની ધરી પર ઝડપથી ફરે છે. તે આપણા ૧૦ કલાકમાં એક ચક્ર પૂર્ણ કરે છે. ગુરૂના કેતુમાં ધાતુઓ અને ખડકો છે. હાઈડ્રોજન અને હિલીયમ તેના મુખ્ય તત્ત્વો છે. તે ઝડપથી ફરતો હોવાથી તેનું ચુંબકીય ક્ષેત્ર બળવાન છે.

ગુરૂને શનિ જેવી રીંગ પણ છે. તેને ૬૨ ચંદ્રો છે. ગુરૂ સૂર્યથી દૂર હોવાથી સૂર્યની પ્રદક્ષિણા કરતાં આપણા ૧૨ વર્ષ લાગે છે.

## વિશ્વ પ્રસિદ્ધ અજાયબી : જમ્બો હાથી

આજે આપણે કોઈ પણ મોટી વસ્તુને જમ્બો કહીએ છીએ. આ જમ્બો શબ્દ ઈ.સ. ૧૮૬૧માં થઈ ગયેલા એક મહાકાય હાથીના નામ પરથી આવ્યો છે. જમ્બો હાથીનો જન્મ ૧૮૬૧માં સુદાનમાં થયો હતો. સૌ પ્રથમ તે પેરિસ ખાતેના ઝુ માં અને ત્યારબાદ ૧૮૮૨માં તેને એક સરકસને વેચી દેવાયેલો. ચાર મીટર ઊંચો આ કદાવર હાથી પર ઝુ માં જોવા આવતા બાળકોને સવારી કરાવાતી. બાળકોને તે અતિ પ્રિય હતો. ઈ.સ. ૧૮૮૨માં તેને સરકસને વેચી દેવાના નિર્ણયનો શાળાના બાળકોએ જબ્બર વિરોધ કર્યો હતો. ઈ.સ. ૧૮૮૫માં ઑન્ટારિયોમાં એક રેલવે એન્જિનની હડફેટે આવતા જમ્બોનું મૃત્યુ થયેલું. તેનું હાડપિંજર ન્યુયોર્કના અમેરિકન મ્યુઝિયમ ઑફ નેચરલ હિસ્ટ્રીમાં સાચવવામાં આવ્યું હતું.

## માનવ શરીરનું જાણવા જેવું

- લોહીમાંના રક્તકણો ૨૦ સેકન્ડમાં આખા શરીરમાં ફરી વહે છે.
- માનવ મગજ શરીરનું સૌથી વધુ શક્તિ વાપરતું અવયવ છે.
- માણસનું નાનું આંતરડું ૨૨ ફૂટ લાંબું હોય છે.
- આપણા હાથના અંગુઠાના સંચાલન માટે મગજમાં અલગ તંત્ર હોય છે.
- માણસનું હૃદય લોહીને ૩૦ ફૂટ દૂર ફેંકી શકે તેટલું દબાણ પેદા કરે છે.
- માણસના શરીરના તમામ હાડકાંનું વજન શરીરના કુલ વજનના ૧૪ ટકા હોય છે.
- માણસના શરીરના વજનનો ૧૫ ટકા ભાગ ચામડી રોકે છે.
- માણસની હોજરીની અંદરનું આવરણ દર ૧૫ દિવસે નવું બને છે.
- માણસ બોલવા માટે લગભગ ૭૨ સ્નાયુઓનો ઉપયોગ કરે છે.

## દિવાળીની પ્રાચીન પરંપરા : માટીના કોડિયામાં દીવા

દિવાળી એટલે દીવાનો તહેવાર. માટીના કોડિયામાં દીવો, એ તેનું મુખ્ય પ્રતીક. દિવાળીની ઉજવણીમાં ઘણું બદલાયું, ઘણી નવીનતા આવી પરંતુ માટીના કોડિયાનું સ્થાન હંમેશાં પહેલા નંબરે જ રહ્યું. આ કોડિયાનો ઈતિહાસ પણ જાણવા જેવો છે. ઈ.સ. પૂર્વે ૩૦૦૦ વર્ષમાં એટલે પાંચ હજાર વર્ષ અગાઉ પણ લોકો માટીના કોડિયામાં દીવો કરતા. તે સમયે લોકો ઘરોમાં અને અન્ય જગ્યાએ અજવાળું કરવા દીવા કરતા. મોંહે-જો-ડેરોના પ્રાચીન અવશેષોમાં આવા કોડિયા મળી આવ્યા છે.

સિંધુ નદીની સંસ્કૃતિમાં જ નહીં પરંતુ તમામ સંસ્કૃતિમાં અજવાળું મેળવવા માટીના કોડિયા બનતા. આ કોડિયાના આકાર પણ વિવિધ હતા. જુદા જુદા દેશ પ્રદેશના લોકોએ પોતાની કળા અને કસબ અજમાવીને જુદા જુદા ઘાટના કોડિયા બનાવેલા. તેમાં તેલ અને દિવેટ મૂકવાની જુદી જુદી ટેકનિક પણ અપનાવી. જો કે ભારતમાં વપરાતા કોડિયાની ડિઝાઈન આજ સુધી જળવાઈ રહી છે. કારણકે કોડિયામાં વપરાતા બળતણમાં સીંગતેલ, તલ કે સરસીયાનું તેલ પૂરાતું. યુરોપના દેશોમાં પ્રાણીઓની ચરબી, ઓલીવનું તેલ, મીણ વગેરે વાપરવાન રીવાજ હતો. આપણે ત્યાં દીવો, એ પવિત્ર આસ્થાનું પ્રતિક છે. પૂજામાં ઘીના દીવા કરવામાં આવે છે.

વીજળીના દીવા નહોતા ત્યારે અજવાળું મેળવવા દીવાની જ્યોત જ ઉપયોગમાં આવતી. જાતજાતનાં ફાનસ, મશાલ વિકસ્યાં પણ દરેક સાધનમાં કોડિયું તો મૂકવામાં આવતું જ. શહેરોમાં સ્ટ્રીટ લાઈટના ફાનસમાં, રેલવેના સિગ્નલના ફાનસમાં પણ તેલ પૂરેલું કોડિયું જ મૂકાતું.

## પર્વતો વિશે જાણવા જેવું

- પૃથ્વીના પેટાળમાં થતી ઉથલ પાથલને કારણે સપાટી પર ક્યાંક ખાડા છે, ક્યાંક ટેકરા બન્યા. ઊંડા ખાડાઓમાં પાણી ભરાવાથી સમુદ્રો અને તળાવ બન્યા. સામાન્ય રીતે ૩૦૦ મીટર કરતાં ઊંચા ટેકરાને પર્વત કહે છે. મોટેભાગે પર્વત અનેક પર્વતોની હારમાળા હોય છે.
- વિશ્વની સૌથી મોટી પર્વતમાળા હિમાલય છે. ૨૪૧૩ કિ.મી. લાંબી આ પર્વતમાળામાં અનેક શિખર છે. તેમાં માઉન્ટ એવરેસ્ટ સૌથી ઊંચું છે. ત્યારબાદ કારાકુરમ અને પામીરની પર્વતમાળા છે.
- વિશ્વના અન્ય જાણીતા પર્વતોમાં યુરોપનો આલ્પ્સ અને કોકેશશ છે. આલ્પ્સનું સૌથી ઊંચું શિખર મોન્ટ બ્લેન્ક ૪૮૧૦ મીટર ઊંચું છે.
- આફ્રિકાની કિલીમાંજારો અને રૂવેનઝારી પર્વતમાળા જાણીતી છે. કિલીમાંજારો સુષુપ્ત જ્વાળામુખી છે.
- વિશ્વનો સૌથી મોટો પર્વત મૌનાકિયા છે. તે ૯૦૮૨ મીટર ઊંચો છે પરંતુ તેનો મોટો ભાગ સમુદ્રમાં ડૂબેલો છે.
- પર્વતો નદીઓના મોટા સ્રોત છે. વિશ્વભરની મોટી નદીઓ પર્વતમાળામાંથી નીકળીને મીઠા પાણીનો સ્રોત પૂરો પાડે છે.

## વૃક્ષ અને વનસ્પતિનું જાણવા જેવું

- વનસ્પતિ પૃથ્વી પરની સજીવ સૃષ્ટિના જીવનચક્રમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તે ઉપરાંત પૃથ્વી પરના પર્યાવરણને જીવવા લાયક રાખવામાં પણ તેનો અમૂલ્ય ફાળો છે.
- એક વૃક્ષ વર્ષે લગભગ ૧૨૦ કિલોગ્રામ ઓક્સિજન પેદા કરી વાતાવરણમાં ભેળવે છે.
- વૃક્ષો વાતાવરણમાં પુષ્કળ માત્રામાં કાર્બન ડાયોક્સાઈડનું શોષણ કરે છે.
- લીલાં વૃક્ષો વાતાવરણનું તાપમાન ઘટાડે છે.
- વૃક્ષો પોતાનો ૯૦ ટકા ખોરાક વાતાવરણમાંથી અને માત્ર ૧૦ ટકા ખોરાક જમીનમાંથી મેળવે છે. તેના મૂળ જમીનનું ધોવાણ અટકાવે છે.
- વૃક્ષો લાંબું આયુષ્ય ભોગવે છે. તે વૃદ્ધ થઈને મરતા નથી પરંતુ પ્રાણી, જંગલની આગ કે મનુષ્ય દ્વારા નાશ પામે છે.
- વિશ્વમાં વૃક્ષોની સૌથી વધુ જાત ભારતમાં જોવા મળે છે.
- વૃક્ષો મૂળ દ્વારા ખોરાક મેળવે છે. પરંતુ તેનો વિકાસ ટોચ ઉપર નવી ડાળીઓ ફૂટીને થાય છે. થડમાં રહેલી ડાળીનાં સ્થાન કદી બદલાતા નથી.

***ખાસ નોંધ*** ***: છેલ્લા ત્રીસ વર્ષોથી પૃથ્વી પરથી વૃક્ષોનું પ્રમાણ ઘટતું જાય છે. વિકાસ અને શહેરીકરણની આડમાં આપણે સહુ એટલા સ્વાર્થી અને નિષ્ઠુર થઈ ગયા છીએ કે પ્રકૃતિની સંપત્તિઓને વધારવાની કોઈ મહેનત કરાતી નથી પરંતુ નિકંદનમાં રચ્યાપચ્યા રહીએ છીએ.***

## દરિયાના મોજાની ઊંચાઈનું માપ

હવામાન અને વરસાદના વર્તારાના સમાચારોમાં દરિયામાં કેટલી ઊંચાઈના મોજાં ઉછળશે તેની આગાહી કરવામાં આવે છે. દરિયાના મોજાની ઊંચાઈનું ખાસ મહત્ત્વ છે. નેવલ એન્જિનિયરીંગ અને સાગરખેડૂઓ માટે તે ઉપયોગી છે.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૪ ઉપર)**

પ્રેરણાત્મક પ્રસંગો

# મણકો - ૩૦ : ક્ષમા – પીડાદાયક ભૂતકાળમાંથી મુક્તિ
# મણકો - ૩૧ : 'પોતાની જાત પરનો ભરોસો અને પ્રયત્નો પરનો આત્મવિશ્વાસ'

• સંકલન •
ડૉ. આશિષ ચોકસી

## ક્ષમા – પીડાદાયક ભૂતકાળમાંથી મુક્તિ

**૩ સપ્ટેમ્બર, ૨૦૧૯ :** રાજકોટ કુવાડવા રોડ પરથી ૨૭ વર્ષીય મયૂરી મુંગરા પોતાના સ્કૂટર પર પસાર થઈ રહ્યા હતાં. આગળ ઊભેલી એક કારમાંથી ડ્રાઈવર સીટ પર બેઠેલી વ્યક્તિએ મસાલાની પીચકારી થૂંકવા એકદમ કારનું બારણું ખોલ્યું. મયૂરીબહેનને કોઈજ પ્રકારનો નિર્ણય લેવાનો સમય ના મળ્યો. કારના ખૂલેલ દરવાજાને અથડાઈ તેમનું સ્કૂટર રોડ પર ફંગોળાયું. તેઓ રોડ પર પડ્યા અને પાછળથી આવતી બસ નીચે કચડાઈ મૃત્યુ પામ્યા.

'બ્રહ્માકુમારી'ના કાર્ય સાથે સંકળાયેલા મયૂરીબહેનના સગાઓએ કારમાંથી થૂંકેલી વ્યક્તિ સામે કેસ કરવાની પોલીસને મનાઈ કરી. 'હવે તે જીવનભર પાન ખાવાનું બંધ કરે અને કારમાંથી કોઈ પીચકારી માટે થૂંકે નહીં.' તેમ થાય એવી તેમના સગાએ પોલીસ સમક્ષ ઈચ્છા વ્યક્ત કરી. પોતાની વ્યક્તિ ગુમાવ્યાને કારણભૂત વ્યક્તિને પણ ક્ષમા આપવી અને તેને સુધારવાનો પ્રયત્ન કરવો તે કાર્ય મયૂરીબહેનના કુટુંબીજનો માટે કેટલું કઠિન હશે?

★ આપણી સાથે ખોટું કરનાર વ્યક્તિ ક્ષમા માંગે કે ન માંગે છતાં તેને ક્ષમા આપવાથી આપણે એક પીડાદાયક ભૂતકાળમાંથી મુક્ત થઈ વર્તમાનની હળવાશને અનુભવી શકીએ છીએ. ક્ષમા વ્યક્તિને 'ઈનર જોય' એટલે એક એવા આંતરિક આનંદની અનુભૂતિ કરાવે છે જેનાથી તેનું આગળનું જીવન ખૂબ સરળ, પવિત્ર અને નિર્મળ રહે છે. ક્ષમા આપનારનો બધા જ ક્ષેત્રે આત્મવિશ્વાસ વધી જતો હોય છે.

• **છેલ્લો બોલ :**

***મેચ્યોરીટી એટલે શું? વધું જ્ઞાન? મોટી ઉંમર? મોટો હોદ્દો?... ના મેચ્યોરીટી એટલે કોઈ પણ સાથે કોઈ પણ પ્રકારના ઝઘડામાં કોણ સાચું છે કે કોણ ખોટું છે તે સાબિત કરવાની કડાકૂટ કર્યા વિના ઝઘડા કે નારાજગી ઉપર પૂર્ણવિરામ મૂકી સુંદર રીતે નવું વાક્ય શરૂ કરવાની ક્ષમતા (અને પછી ક્યારેય ઝઘડાનું પોસ્ટમોર્ટમ નહીં કરવાનો સ્વભાવ).***

*એક સુખદ જીવન માટે મગજમાં સત્યતા,*
*મુખ પર પ્રસન્નતા અને હૃદયમાં પવિત્રતા ખૂબ જ જરૂરી છે.*

## "પોતાની જાત પરનો ભરોસો અને પ્રયત્નો પરનો આત્મવિશ્વાસ"

*કોમેન્ટેટર હર્ષા ભોગલેના શબ્દોમાં*
*શ્રીલંકન ક્રિકેટર મારવાન અટ્ટાપટ્ટુની વાત.*

તેમની પ્રથમ ટેસ્ટના બન્ને દાવમાં શૂન્ય રન. તેઓ બીજી ટેસ્ટમાં સિલેક્ટ ના થયા. ફરી ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં વધુ રન બનાવવાના પ્રયત્નોમાં લાગી ગયા. ૨૧ મહિના બાદ તેમને બીજી તક મળી.

આ વખતે તેમની પહેલી ઈનિંગમાં ફરી ઝીરો રન અને બીજી ઈનિંગમાં એક રન. તેઓ ફરી પડતા મૂકાયા. હવે તેઓએ ફરી ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં રનના ઢગલા કરવા માંડ્યા. પણ સિલેક્ટરો તેમના પર ધ્યાન આપતા ન હતા. લડવૈયાઓ કદી પોતાના હથિયાર હેઠાં નથી મૂકતાં. મારવાન અટ્ટાપટ્ટુએ તેમની દુ:ખદ નિષ્ફળતાઓ ભૂલી, રનના ઢગલા ડોમેસ્ટિક ક્રિકેટમાં ચાલુ રાખ્યા.

બીજા ૧૭ માસ બાદ તેમને ત્રીજી વખત ટેસ્ટ ક્રિકેટમાં તક મળી. આ વખતે તેમના બન્ને દાવમાં સ્કોર હતા શૂન્ય. વાંચતા જ દુ:ખ થયું ને... ફરી તેઓ પડતા મૂકાયા. ત્રણ ટેસ્ટના છ દાવમાં પાંચ શુન્ય સાથે તેમનો સ્કોર હતો એક રન. ત્યાંના છાપાંઓમાં લખાયું કે અટ્ટાપટ્ટુ લોકલ ક્રિકેટ માટે જ સર્જાયા છે, ટેસ્ટ ક્રિકેટમાં તેમનું કામ નહીં. મારવાને પોતાના કઠિન પ્રયત્નો, ધીરજ અને નિરાશ થયા વિનાના સંઘર્ષને ચાલુ રાખ્યા પછી ટેસ્ટ મેચ માટે સિલેક્ટ થયા. પછીથી ટેસ્ટમાં ૧૬ સદીઓ, છ બેવડી સદી સાથે ૫,૦૦૦ રન કરી પોતાને પુરવાર કર્યા. એ વ્યક્તિ જેણે ટેસ્ટ ક્રિકેટમાં પોતાનો બીજો રન કરવા છ વર્ષ રાહ જોવી પડી હોય તે શ્રીલંકાની ટીમના કેપ્ટન પણ બન્યા.

જ્યારે તમે જીવનમાં ક્યાંય પણ નિષ્ફળ જાવ તો મારવાન અટ્ટાપટ્ટુને યાદ કરો. એક વધુ જાણવા જેવું. મારવાન પોતે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે.

• **છેલ્લો બોલ :**

*જીવનમાં બધું જ શક્ય નથી.*
*સાથે કશું જ અશક્ય પણ નથી.*

स्वाधीनता संग्रामना ७५ शूरवीरो

## સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો
# મણકો - ૧૭ : મૅડમ ભીકાઈજી કામા

● લેખક ●
રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ

*જન્મ : ૨૪મી સપ્ટેમ્બર, ૧૮૬૧*
*મહાપ્રયાણ : ૧૩મી ઓગસ્ટ, ૧૯૩૬*

જર્મની ખાતે મળેલી બીજી આંતરરાષ્ટ્રીય સમાજવાદી કોંગ્રેસમાં પ્રથમવાર ભારતીય સ્વતંત્રતાનો ધ્વજ લહેરાવનારાં મહિલા ક્રાંતિકારી મૅડમ કામા મુંબઈનાં વતની હતાં. તેમનો જન્મ ૨૪મી સપ્ટેમ્બર, ૧૮૬૧ના રોજ નવસારીમાં થયો હતો. આ પારસી સન્નારી નાનપણમાં ખૂબ લાડકોડમાં ઊછરેલાં. તેમનો સ્વભાવ એકદમ સ્વતંત્ર હતો. તેઓ સમજણાં થયાં ત્યારથી અંગ્રેજ સરકારને ધિક્કારવા માંડ્યાં હતાં. દીકરી ક્રાંતિના માર્ગે વળી જાય તે પહેલાં પિતા સોરાબજી ફ્રામજી પટેલે એને પરણાવી દેવાનું યોગ્ય માન્યું. મુંબઈના ખ્યાતનામ વકીલ રૂસ્તમ કામા સાથે તેનાં લગ્ન કરાવી દીધાં. મિસ્ટર કામા અંગ્રેજનિષ્ઠ હતા, જ્યારે મૅડમ કામા અંગ્રેજોના ઘોર વિરોધી. આ કારણસર એમના દાંપત્ય જીવનમાં ચકમક ઝરવા માંડી. આ અરસામાં જ મુંબઈમાં પ્લેગ ફાટી નીકળ્યો. મૅડમ કામા પોતાના જીવની પરવા કર્યા વગર લોકોની સેવા કરવા નીકળી પડ્યાં. બદલામાં ખુદ પ્લેગના રોગનો ભોગ બની ગયાં. આ રોગની એમના પર એવી તો અસર થઈ કે ભારતમાં તેની સારવાર શક્ય ન બનતાં લંડન લઈ જવા પડ્યા. એ વખતે દાદાભાઈ નવરોજી લંડનમાં રહેતા હતા. મૅડમ કામા તેમનાં અંગત મદદનીશ બન્યા. અહીં તેઓ અનેક ક્રાંતિકારીઓના પરિચયમાં આવ્યાં. શ્યામજી કૃષ્ણવર્મા દ્વારા પ્રકાશિત ઇન્ડિયન સોશિયોલોજિસ્ટમાં તેઓ લેખ લખવા માંડ્યાં. પરંતુ લંડનમાં રહીને ક્રાંતિકારી પ્રવૃત્તિ કરવી શક્ય નહોતી. મૅડમ કામા ત્યાંથી પેરિસ જતા રહ્યાં. પેરિસમાં એ વખતે પ્રખર ક્રાંતિકારી સરદારસિંહ રાણા રહેતા હતા. પછીથી વીર સાવરકર પણ ત્યાં આવીને વસ્યા. આ અરસામાં જ જર્મનીમાં બીજી આંતરરાષ્ટ્રીય સમાજવાદી કોંગ્રેસ મળી. મૅડમ કામાએ સરદારસિંહ રાણા અને વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય સાથે મળીને પ્રથમવાર ભારતીય સ્વતંત્રતાનો ઝંડો લહેરાવ્યો. આ પગલાંથી મૅડમ દેશ-વિદેશમાં પ્રસિદ્ધ થઈ ગયાં. ભારતની સ્વતંત્રતા માટે તેઓ હવે અમેરિકા ગયાં. ત્યાં અનેક જગ્યાએ તેમણે પ્રવચન આપ્યાં. ત્યાંથી પાછા લંડન આવ્યાં. ૧૯૦૮માં સાવરકર સાથે મળીને ત્યાં ૧૮૫૭ની અર્ધશતાબ્દી મનાવી. પરંતુ લંડનમાં રહેવું દુષ્કર બનતાં પાછાં પૅરિસમાં આવ્યાં. ત્યાં એમણે 'વંદેમાતરમ્' અખબાર શરૂ કર્યું. પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થતાં ઇંગ્લેન્ડ અને ફ્રાંસ મિત્ર બની ગયા. ઇંગ્લેન્ડના દબાણને કારણે ફ્રાંસની સરકારે તેમને નજરકેદ કર્યા. આ નજરબંધીને કારણે તેમની તબિયત બગડી. આર્થિક રીતે પણ ભાંગી પડ્યાં. એક નાનકડી ઓરડીમાં દિવસો વિતાવવા માંડ્યાં. એમના માટે વતન પાછા ફરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન રહ્યો. પાછા ફરતાં તેમની તબિયત વધારે કથળી. આઠ મહિના હોસ્પિટલમાં રહીને આ ક્રાંતિકારી મહિલાએ ૧૩મી ઑગસ્ટ, ૧૯૩૬ના રોજ પોતાના પ્રાણ છોડી દીધા.

## ઉનાળાના આ છે અમૃત બાર, જે ઉનાળાના રોગોને કરે છે ઠાર

૧. ઉનાળાનું પહેલું અમૃત ખારી, મીઠી છાશ! ૪-૫ ગ્લાસ પીવો ત્યારે મનમાં થાય છે હાશ.

૨. ઉનાળાનું બીજું અમૃત કાચી કેરીનો બાફલો. ૨/૪ ગ્લાસ પીવો તો ગરમીનો દૂર થાય કાફલો.

૩. ઉનાળાનું ત્રીજું અમૃત લીલા નારિયેળનું પાણી. જલ ક્ષય મટાડે, ભલે જાત હોય બફાની.

૪. ઉનાળાનું ચોથું અમૃત તીખી, રડાવતી ડુંગળી. ગમે તેટલી લૂ લાગે, તેને જાય છે ગળી.

૫. ઉનાળાનું પાંચમું અમૃત લીંબુ. ખાટું ખાટું શરબત બનાવીને પીઓ, તો લૂ ને મારે પાટું.

૬. ઉનાળાનું છઠ્ઠું અમૃત લીલું લીલું તરબુચ. તેના શરબત પીવાથી દૂર થાય, ઓછા પેશાબની ગૂંચ.

૭. ઉનાળાનું સાતમું અમૃત ગુલાબનો ઠંડો ગુલકંદ. દૂધમાં નાંખી પીવો તો સ્વાદે છે મનપસંદ.

૮. ઉનાળાનું આઠમું અમૃત કોકમનું શરબત. હાઈપર એસિડિટી ઉપર આ શરબત ફેરવે મોટી કરવત.

૯. ઉનાળાનું નવમું અમૃત મીઠો સુગંધી વાળો. પાણીમાં નાંખી પીશો તો નહીં નડે કાળો ઉનાળો.

૧૦. ઉનાળાનું દસમું અમૃત કેરીનું કચુંબર. તડકામાંથી આવ્યા હો તો ગરમી કરે છૂમંતર.

૧૧. ઉનાળાનું અગિયારમું અમૃત કાચી કેરીનો મુરબ્બો. સખત તાપને લૂને તે પાછળથી મારે ધબ્બો.

૧૨. ઉનાળાનું બારમું અમૃત પાકી કેરીનો રસ. સુંઠ ઘી નાંખીને પીશો તો રાજી થશે નસે નસ. ***પ્રેષક : નવનીત પટેલ***

એરિસ્ટોક્રેટ્સ

## એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૧૪ ★ ઓસવાલ શ્રેષ્ઠી – ૭

# મયૂરાસન બનાવવા હીરા શાંતિદાસ શેઠે આપ્યા હતા

• લેખક •
દેવેન્દ્ર પટેલ

ઈ.સ. ૧૬૨૯-૩૦માં મોગલ બાદશાહ શાહજહાંએ કેટલાંક ફરમાનો કર્યા હતા.

પોતાના શાસનના બીજા વર્ષ દરમિયાન શાહજહાંએ એ સમયના શ્રેષ્ઠી શાંતિદાસને ઉદ્દેશીને કરેલા ફરમાનમાં જણાવ્યું હતું કે, 'ચિંતામણી, શેત્રુંજય, શંખેશ્વર, કેસરીનાથ (કેસરિયાજી)નાં દેરાસરો તથા અમદાવાદની ત્રણ, ખંભાતની ચાર, સુરતની એક અને રાધનપુરની એક પોશાળો શાંતિદાસની માલિકીનાં છે. આ દેરાસરો કે સ્થાનો જૈનો માટે ફાળવેલાં હોઈ બીજી કોઈ વ્યક્તિએ તેમાં પ્રવેશવું નહીં. વળી જૈન સાધુઓએ અંદરોઅંદર લડાઈ કરવી નહીં, પરંતુ રાજ્યની સમૃદ્ધિ અને શાંતિ માટે પ્રાર્થના કરવામાં તેમનું મન વાળવું.'

બીજા એક ફરમાન દ્વારા જણાવવામાં આવ્યું હતું કે 'મુંજપુર તાલુકામાં આવેલ શંખેશ્વર ગામ શાંતિદાસને રૂા. ૧૦૫૦માં ઈજારા તરીકે આપવામાં આવે છે.'

ત્યારબાદ ઈ.સ. ૧૬૫૬ની ૭મી નવેમ્બરે શાહજહાંએ વધુ એક ફરમાન જારી કરતાં લખ્યું કે, 'સોરઠ સરકારના તાબાનું પાલિતાણા ગામ કે જ્યાં શેત્રુંજય નામે હિંદુઓનું મંદિર આવેલું છે તે ગામ શાંતિદાસ ઝવેરીને ઈનામ તરીકે ભેટ આપી દેવાના ઉમદા હુકમ કરવામાં આવે છે. કોઈ પણ અમલદારે તેમના માર્ગમાં દખલ કરવી નહીં.'

આવું જ વધારાનું એક ફરમાન બાદશાહ ઔરંગઝેબે કર્યું હતું. તેમાં તેમણે આદેશ કર્યો હતો કે, 'શેત્રુંજય નામનો પ્રખ્યાત પર્વત અને તેના પરનું દેરાસર અમે શ્રાવક જ્ઞાતિના શ્રી શાંતિદાસ ઝવેરીને આપીએ છીએ. ત્યાં ઊગતું ઘાસ તે જ્ઞાતિના પ્રાણીઓ માટે ઉપયોગમાં લઈ શકાશે. શેત્રુંજય પર્વત પરનું ઈમારતી લાકડું શ્રાવક જ્ઞાતિનું ગણવું. આ ઉપરાંત ગિરનાર નામનો જૂનાગઢનો પર્વત તથા શિરોહી મુલકનો આબુ પર્વત શ્રાવક જ્ઞાતિના શાંતિદાસ ઝવેરીને, તેમને પૂર્ણ સંતોષ થાય એટલા માટે, ખાસ માનરૂપે આપીએ છીએ.'

અલબત્ત, બાદશાહની નારાજગીનાં પણ કેટલાંક ફરમાનો છે. દા.ત. તા. ૧લી સપ્ટેમ્બર, ૧૬૫૫ના દિવસે શાહજહાંએ શાંતિદાસને ચેતવણી આપતું એક ફરમાન મોકલ્યું હતું, જેમાં લખ્યું હતું કે 'શાંતિદાસને અમે મદદ કરીએ છીએ, તેમને જે ગૌરવ આપીએ છીએ તે જગજાહેર છે. તેથી શાંતિદાસે અવારનવાર અમને અલભ્ય વસ્તુઓ અને ભેટો મોકલવી જોઈએ. અમો નોંધ લખીએ છીએ કે, છેલ્લા લાંબા સમયથી શાંતિદાસ ઝવેરીએ અમને કોઈ સારી સેવાઓ આપી નથી. અમારી પસંદગી અનુરૂપ કોઈ ભેટ મોકલી નથી. અમારા સાંભળવા પ્રમાણે સારી ચીજવસ્તુઓ બીજી જગાએ મોકલી છે. અમારા જાણવામાં આવ્યું છે કે, તેમની પાસે ગોળ (charar) હીરો, ૪૪ સુર્ખ (surkh) વાળો હીરો છે તે અમને મોકલી દેવો. ભૂતકાળમાં તેમણે અમારી અવગણના કરી છે તેનો બદલો તે હીરો મોકલીને કરવો. આ હીરો મોકલવામાં તેઓ ઢીલ કરશે તો તેમને રાજદરબારમાં બોલાવવામાં આવશે અને અમારા જાણીતા, વિજયી ભાઈ મુરાદબક્ષને તેમને ચેતવણી આપવા લખીશું!'

ઉલ્લેખ છે કે, ગુજરાતના બાદશાહ બની બેઠેલા મુરાદબક્ષે પોતાના લશ્કરના ખર્ચ અને વ્યવસ્થાને પહોંચી વળવા માટે ગુજરાતના વેપારીઓ પાસેથી રૂ. ૫૦ લાખ ઉઘરાવ્યા હતા.

ઔરંગઝેબે પોતાના ભાઈઓની હત્યા કર્યા બાદ ગુજરાતમાં પણ રાજકીય પરિસ્થિતિ તંગ હોઈ તેણે નગરશેઠ શાંતિદાસ ઝવેરીને બોલાવીને ગુજરાતની પ્રજાને શાંતિનો સંદેશો પણ તેમની મારફત પાઠવ્યો હતો.

હકીકત એ છે કે નગરશેઠ શાંતિદાસ ઝવેરી મોગલ બાદશાહોને મોટી રકમો ધીરતા હતા. શાહજહાંએ સુપ્રસિદ્ધ મયૂરાસન બનાવવા માટે રૂ. ૬ કરોડ ખર્ચ્યા હતા, તેમાંનું ઘણું ઝવેરાત શાંતિદાસે આપ્યું હતું.

મયૂરાસનને પર્શિયન ભાષામાં 'તખ્ત એ તવઉસ' તરીકે પણ ઓળખાય છે. મોગલ બાદશાહો દ્વારા ઉપયોગમાં લેવાતા આ સિંહાસનનો આકાર કળા કરતા મોર જેવો હતો. તેમાં કિંમતી હીરા, માણેક, રત્નો, નીલમ, રૂબી અને પન્ના જડેલાં હતાં. મોગલ બાદશાહ શાહજહાં દિલ્હીના દિવાનેઆમમાં 'મયૂરાસન' પર બેસી લોકોને મળતા. એક ફ્રેન્ચ ઝવેરી તર્વેનિયરે આ મયૂરાસન જોયા બાદ કરેલી નોંધ અનુસાર એ સિંહાસનનું પ્લેટફોર્મ ૬ ફૂટ x ૪ ફૂટની સાઈઝનું હતું. તેના પાયા સોનામાંથી બનાવાયેલા હતા. પાયાની ઊંચાઈ ૨૦થી ૨૫ ઈંચ હતી. પાયામાં ૫૨ કિંમતી રત્નો જડવામાં આવ્યા હતાં. બધા મળીને કુલ ૧૦૮ રૂબીઝ અને ૧૧૬ એવરલ્ડસ જડવામાં આવ્યાં હતાં. ફ્રેન્ચ મુલાકાતીએ એ જમાનામાં તેમની કિંમત રૂ. ૬થી ૧૦ કરોડ નોંધી હતી. આજે તેની કિંમત એક બિલિયન ડૉલર ગણવામાં આવે છે.

ઈ.સ. ૧૭૩૮ની સાલમાં શહેનશાહ નાદિરશાહે મોગલ શાસન પર આક્રમણ કર્યું હતું અને તે મયૂરાસન લૂંટીને પર્શિયા લઈ ગયો હતો. તે વખતે ભારતમાં મુહમ્મદશાહ રાજ કરતો હતો.

ઈ.સ. ૧૭૪૭માં નાદિરશાહની પણ હત્યા થઈ હતી. તે વખતે અસલી અમૂલ્ય મયૂરાસનનો પણ નાશ કરી દેવામાં આવ્યો હતો કારણ કે ઈરાનમાં અરાજકતા ફેલાઈ હતી. અલબત્ત ત્યાર પછી ઈરાનમાં જેટલા શાસકો આવ્યા તેમણે જે સિંહાસનોનો ઉપયોગ કર્યો તે બધાં જ મયૂરાસન કહેવાયાં. પરંતુ અસલી મયૂરાસન તે ભારતની જ શાન તરીકે ઓળખાય છે અને શાહજહાંના અસલી મયૂરાસનના કિંમતી હીરા અમદાવાદના નગરશેઠ શાંતિદાસે પૂરા પાડ્યા હતા.

તેમના પુત્ર લક્ષ્મીચંદે ઔરંગઝેબના ભાઈ મુરાદને રૂા. સાડા પાંચ લાખ ધીર્યા હતા. ત્યારબાદ મુરાદ ઔરંગઝેબ સામે હારી ગયો હતો. પરંતુ વૃદ્ધ થઈ ગયેલા શાંતિદાસે દિલ્હી જઈ ઔરંગઝેબ પાસેથી કુનેહપૂર્વક તે રકમ કઢાવી લીધી હતી. ધર્માંધ એવા ઔરંગઝેબ પાસેથી જૈન તીર્થો અને તેની સંપત્તિના રક્ષણ માટેનાં ફરમાનો મેળવ્યાં તે તેમની ક્ષત્રિય તેજ અને વણિક બુદ્ધિના કારણે જ શક્ય બન્યું હતું.

આવા શાંતિદાસ શેઠની મોટી હવેલી હતી. એને ત્રણ ડેલીઓ હતી. પહેલી ડેલી પર હથિયારબંધ આરબોની બેરખ બેસતી. બીજી ડેલી પર ભૈયાઓની ચોકી હતી. ત્રીજી ડેલી પર રાજપૂતોની ચોકી હતી. શેઠને મશાલ તથા છડી રાખવાની શાહી પરવાનગી હતી. ૫૦૦ ઘોડા, ૫૦૦ ગાયો, અનેક રથો અને પાલખીઓ તેઓ રાખતા હતા. હિંદના ઘણા ભાગોમાં શેઠની આડતો હતી અને દુકાનો હતી.

શાંતિદાસ શેઠને ચાર પત્નીઓ હતી : રૂપા, કપૂર, ફુલા અને વાછી. તેમને પાંચ પુત્રો થયા હતા : પદ્માભ, રત્નાભ, કપૂરચંદ, લક્ષ્મીચંદ અને માણેકચંદ. આ પાંચ પુત્રોમાંથી લક્ષ્મીચંદ આગળ જતાં બાહોશ નીકળ્યા. તેમણે પિતાનું નગરશેઠનું પદ સંભાળ્યું.

શાંતિદાસ ઝવેરી તા. ૫મી ઑક્ટોબર, ૧૬૫૯-૬૦ના રોજ મૃત્યુ પામ્યા હોવાનું મનાય છે. નગરશેઠ શાંતિદાસના પાંચ પુત્રો પૈકી હવે લક્ષ્મીચંદ નગરશેઠ બન્યા હતા. ઔરંગઝેબ પછી ગાદી પર આવેલા બહાદુરશાહે લક્ષ્મીચંદને પ્રથમ પંક્તિના અમીર તરીકેનો હોદ્દો આપી પાલખી, છત્ર અને મશાલનું માન આપ્યું હતું. નગરશેઠ લક્ષ્મીચંદની હવેલી પર ૫૦૦ હથિયારબંધ સિપાહીઓ રહેતા.

ત્યારબાદ તેમના પુત્ર ખુશાલદાસ નગરશેઠ બન્યા હતા. ગાયકવાડ સરકાર અને પેશ્વા સરકાર તરફથી તેમને પાલખી, છત્ર અને વર્ષાસન મળ્યાં હતાં. ઈ.સ. ૧૭૧૯થી ૧૭૪૮ દરમિયાન દિલ્હીમાં બાદશાહ મુહમ્મદ શાહ સત્તા પર હતો. ગુજરાતમાં મરાઠાઓના આક્રમણ સમયે અંધાધૂંધી અને લૂંટફાટ ફેલાયાં હતાં ત્યારે શેઠ ખુશાલચંદે તેમના પોતાના પૈસા વાપરીને અમદાવાદ શહેરને લૂંટથી બચાવ્યું હતું. તેમના પછી બે પુત્રો નથુશા અને વખતચંદે નગરશેઠ તરીકે જવાબદારી સંભાળી હતી. અહીં પણ લડાઈ આવી પડી હતી. કંપની સરકાર વતી બ્રિગેડિયર જનરલ ગોડાર્ડે પેશ્વાઓ પાસેથી અમદાવાદ જીતવા કોશિશ કરી હતી. તેણે તોપોથી અમદાવાદના કોટોની દીવાલ ઉડાડી હતી. ૧૦મી ફેબ્રુઆરીએ જનરલ ગોડાર્ડના લશ્કરથી પ્રજા અને શહેરની મિલકત બચાવવા અમદાવાદના નાગરિકોનું એક પ્રતિનિધિમંડળ જનરલ ગોડાર્ડને મળવા ગયું હતું. તેમાં નગરશેઠ નથુશા, કાજી શેખ મિયાં મહંમદ સાલેહ, દિવાન મિયાં મિરઝા અમુ વગેરે હતા. જનરલ ગોડાર્ડે નથુશાની વાણી સાંભળી અમદાવાદ શહેરમાં ભય નહીં ફેલાવવા ખાત્રી આપી હતી. નથુશાના મૃત્યુ પછી નાના ભાઈ વખતચંદ નગરશેઠ બન્યા હતા. વખતચંદના સાત પુત્રો પૈકી પાંચમા નંબરના પુત્ર હેમાભાઈ અમદાવાદના નગરશેઠ બન્યા હતા. તેઓ અત્યંત બુદ્ધિમાન અને વિદ્યાપ્રેમી હતા. તેમણે અનેક રાજ્યોને, શાહુકારોને તથા રાજાઓને નાણાં ધીર્યાં હતાં. તેથી તેમને જગતશેઠનું બિરૂદ પ્રાપ્ત થયું હતું. આખા દેશમાં તેમની ૩૦ પેઢીઓનો વહીવટ છ ભાઈઓ સંભાળતા. અને એક રસોડે ૧૦૦થી ૧૫૦ માણસો જમતા. નોંધનીય વાત એ છે કે ઈ.સ. ૧૮૦૮થી ૧૮૨૧ સુધી પાલિતાણાના કુંવર નવગણજીની આર્થિક પરિસ્થિતિ બગડી જતાં અને આંતરિક વિખવાદો હોવાથી હેમાભાઈ શેઠે પાલિતાણા રાજ્યનું સંચાલન કર્યું હતું. ઈ.સ. ૧૮૨૧ દરમિયાન તો સમગ્ર પાલિતાણા રાજ્ય રૂ. ૪૨ હજારની રકમથી નગરશેઠ હેમાભાઈને ત્યાં ગીરો મૂકવું પડ્યું હતું. હેમાભાઈ શેઠે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને તથા શહેરની કૉલેજોને પણ મદદ કરી હતી. અમદાવાદ મ્યુનિસિપાલિટીની સ્થાપનામાં પણ તેમણે રસ લીધો હતો. ૭૩ વર્ષની વયે તેઓ અવસાન પામ્યા હતા.

ત્યારબાદ હેમાભાઈના બે પુત્રો નગીનદાસ અને પ્રેમાભાઈ પૈકી પ્રેમાભાઈ નગરશેઠ બન્યા. તેમણે અંગ્રેજીનો સારો અભ્યાસ કર્યો હતો. ઈ.સ. ૧૮૪૯માં અમદાવાદમાં ઝવેરીવાડમાં તેમણે મહાવીર સ્વામીનું દેરાસર બંધાવ્યું. અનેક પાંજરાપોળો, હોસ્પિટલો, ધર્મશાળાઓ માટે દાન આપ્યાં હતાં. ઈ.સ. ૧૮૫૭માં હીમાભાઈ ઇન્સ્ટિટ્યૂટ સ્થાપી.

૧૮૮૦માં શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું બંધારણ તેમના પ્રમુખપદે પ્રથમવાર અસ્તિત્વમાં આવ્યું. ઈ.સ. ૧૮૯૨થી ૧૮૯૫ દરમિયાન શેરબજારના ચક્રવાતમાં તેમની મુંબઈની પેઢીઓએ ઘણી ખોટ કરી અને પ્રતિષ્ઠા જાળવવા મુંબઈની પેઢીઓનો વહીવટ સંકેલી લીધો.

નગરશેઠ પ્રેમાભાઈના ત્રણ પુત્રો મયાભાઈ, લાલભાઈ અને મણિભાઈ. તે પૈકી મણિભાઈ નગરશેઠ બન્યા. તેમણે ૨૪ વર્ષની વયે જ કાર્યભાર સંભાળ્યો. ૨૭ વર્ષની વયે તેઓ સરકાર તરફથી મ્યુનિસિપલ કાઉન્સિલર નિમાયા. પછી તેઓ મ્યુનિસિપાલિટીના પ્રમુખ પણ બન્યા. છપ્પનિયા દુકાળ વખતે તેમણે 'પુઅર હાઉસ' અને 'કેટલ કેમ્પ' શરૂ કર્યા. ઈ.સ. ૧૯૦૦માં તેમને શીતળાના રોગના લોકોની સેવા કરતાં શીતળાનો રોગ લાગુ પડ્યો અને માત્ર ૪૭ વર્ષની વયે જ મૃત્યુ પામ્યા.

નગરશેઠ મણિભાઈના મૃત્યુ બાદ તેમના ભાઈ લાલભાઈના દીકરા ચીમનભાઈએ નગરશેઠ પદ સંભાળ્યું અને તે પછી નગરશેઠ મણિભાઈના દીકરા કસ્તુરભાઈ નગરશેઠ બન્યા. કસ્તુરભાઈ મણિભાઈના નગરશેઠપદ દરમિયાન સમેતશિખર પર્વત અંગેનો દસ્તાવેજ પણ તેમના નામથી થયો. ઈ.સ. ૧૯૩૪માં તેમણે અમદાવાદમાં ૪૫૦ જૈન સાધુઓ અને ૭૦૦ સાધ્વીજીઓનું મુનિ સંમેલન બોલાવ્યું હતું.

## થેલાવાળો ફકીર

*થેલાવાળો ફકીર, માથે દુ:ખભંજકની લકીર*
*ચાલતો જાય, સુખ વેરતો જાય – થેલાવાળો ફકીર*
*સૌને સૌનું જાય મળી ફકીરની જોલી તોયે ભરી*
*હસતો જાય, રમતો જાય, દુ:ખિયાના દુ:ખો દિલમાં ભરતો જાય*
*સૌના દુ:ખડા ફેડવા કાજે, રાત દિ ભિક્ષામાં એ દુ:ખડા લેતો*
*દુ:ખડા કાજે, એ ઘર ઘર ફરતો, ફકીરીમાં મોજ કરતો*
*ભણતરને બાજુએ રાખી, ગણતર માથે લઈ ફરતો*
*ફિકરની ફાકી કરતો, દાતાર થઈ ફરતો*
*સુખને દુ:ખમાં શોધી, સુખની લ્હાણી કરતો*
*જનજનના દુ:ખડા, ખાડા ભરતો ફકીર થૈ ફરતો*
*ભાગ્ય ફૂટેલાના ભાગ્ય સાંધી-સુંધી સારા કરતો*
*નિજની મસ્તીમાં, મસ્તાન થઈ ફકીર ફરતો.*
*દુનિયાના દાતારનું નામ, મુખમાં રટતો*
*સૌ જનોને, પ્રભુ પ્રભુ કહીને વંદન કરતો*
*ઘર કેવું ને વાત કેવી*
*ઉપર આકાશ, નીચે ધરતી*
*ફકીરના દિલમાં, સદાય મોજ ને મસ્તી*
*ફકીરની થેલી,*
*અત્ર, તત્ર સર્વત્ર ફરતી રહેતી.*

**– દેવચંદ ગાલા**

## શનિના ૨૭૪ ઉપગ્રહો

સૌર મંડળમાં શનિના વધુ ૧૨૮ ચંદ્ર મળ્યા. કુલ ૨૭૪ ઉપગ્રહો સાથે હવે શનિ કિંગ ઑફ સેટેલાઈટ કહેવાશે.

શનિને ૧૨૮ સેટેલાઈટ્સ હોવા વિશે ભારતના ખગોળશાસ્ત્રી ડૉ. જે. જે. રાવલે ૧૯૮૭માં સૌ પ્રથમવાર આપેલા સિદ્ધાંતને હવે આંતરરાષ્ટ્રીય સંશોધનમાં સમર્થન મળ્યું.

વર્ષ ૨૦૨૩ સુધી શનિના ૧૪૬ ઉપગ્રહ શોધાયા હતા. વધુ ૧૨૮ શોધાતા, તેના હવે ૨૭૪ ઉપગ્રહો થયા. ઇન્સ્ટિટ્યૂટ ઑફ એકેડેમિયા સિમિકા (તાઈપેઈ, તાઈવાન)ના સિનિયર ખગોળશાસ્ત્રી ડૉ. ઍડવર્ડ એરટોનના નેતૃત્વમાં કેનેડા, અમેરિકા, ફ્રાંસના ખગોળશાસ્ત્રીઓએ આ સહિયારું સંશોધન કરેલ છે.

જો કે ગૌરવની વાત એ છે કે શનિના હજી સુધી નહીં શોધાયેલા ઉપગ્રહોની સંખ્યા ૧૨૮ છે એવો સમગ્ર વિશ્વમાં સૌથી પહેલો નિર્દેશ ભારતના વિશ્વપ્રસિદ્ધ ખગોળશાસ્ત્રી અને ધ ઇન્ડિયન પ્લેનેટરી સોસાયટીના અધ્યક્ષ ડૉ. જે.જે. રાવલે ૧૯૮૭માં આપ્યો હતો.

## પારૂલ યુનિવર્સિટીની આગેકૂચ

પારૂલ યુનિવર્સિટીના એન્જિનિયરીંગના વિદ્યાર્થીને રૂા. ૩૩ લાખનું વાર્ષિક પેકેજ ઑફર કરવામાં આવ્યું. યુનિવર્સિટીના ૨૮૩૨ વિદ્યાર્થીઓને માર્ચ-૨૦૨૫માં ગ્રેજ્યુએટ થયા પહેલા જ જોબ ઑફર કરવામાં આવી. આ વિદ્યાર્થીઓને વાર્ષિક રૂા. ૧૦ લાખથી રૂા. ૩૩ લાખ સુધીના પેકેજની ઑફર કરવામાં આવી.

આદિત્ય બિરલા, અદાણી, રીલાયન્સ, સ્વિગી, બ્લિન્કઈટ જેવી કંપનીઓ દ્વારા કેમ્પસ ઇન્ટરવ્યૂ.

એમેઝોન, ગૂગલ, એપલ, ટેસ્લા, મેટા જેવી કંપનીઓમાં પણ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ મહત્ત્વપૂર્ણ હોદ્દા પર હાલે બિરાજમાન છે અને પોતાની ફરજ બજાવે છે.

## ન્યાય ક્ષેત્રે જનતાને પરેશાની

*ગુજરાતની અદાલતોમાં ૧૬.૬૨ લાખથી વધુ કેસ ચુકાદાની રાહમાં લાંબા સમયથી ઊભા છે. ગુજરાત હાઈકોર્ટમાં ૧.૭૨ લાખ કેસ જ્યારે નીચલી અદાલતોમાં ૧૪.૮૯ લાખ જેટલા કેસ પેન્ડિંગ રહેવા પામેલ છે.*

ચીનની વધતી તાકાત

# ટેરીફ વૉર નહીં, ચીનની વધતી તાકાત ચિંતાજનક

ભવેન કચ્છી

## એઆઈ, ઇલેક્ટ્રિક કાર અને કાર માટેની બેટરીના બજારમાં અગ્રેસર હશે તે રાજ કરશે : ભારત જ નહીં અમેરિકા પણ ચીન કરતા પાછળ

અમેરિકાએ ટેરીફ યુદ્ધ છેડ્યું છે ત્યારે કેન્દ્ર સરકાર કદાચ તે રીતે મલકાતી હશે કે, 'હવે ચીનનું આવી જ બન્યું.' જો કે ભારત જ નહીં અમેરિકા પણ ચીન સામે ટકી નહીં શકે તેમ કહી શકાય કેમકે એ.આઈ., ઇલેક્ટ્રિક કાર બજાર અને તે માટેની બેટરીના ક્ષેત્રમાં ચીન અમેરિકા કરતા પણ ઘણું આગળ નીકળી ચૂક્યું છે. આ ઉપરાંત ચીનની રણનીતિ પર પણ નજર નાંખવા જેવી છે. માર્ક ઝકરબર્ગના જીવનના રસપ્રદ કિસ્સાથી શરૂઆત કરીએ.

### • ઝકરબર્ગ છેતરાયા

૨૦૦૪માં ફેસબુક કંપનીની સ્થાપના કરી ત્યારે તેની નજરમાં ભારત અને ચીનનું બજાર કેન્દ્ર સ્થાને હતું કેમકે વિશ્વની ૩૫ ટકા વસ્તી તો આ બે દેશ ધરાવે છે. ૨૦૦૯ સુધી ફેસબુક ચીનમાં પગપેસારો કરી ચૂક્યું હતું. ઝકરબર્ગ ચીનની બિઝનેસ પ્રમોશન ટુરમાં જતા ત્યારે મીડિયાને કહેતા કે ચીન તો મારું બીજું ઘર છે કેમકે મારી પત્ની પ્રીસીલા ચાન મૂળ ચીનની છે. તેની પત્ની પણ ઝકરબર્ગને સાથ આપતી હતી. ચીનના નાગરિકો આ માટે ગર્વ લેતા કે દુનિયાને નવા યુગમાં લઈ જનાર ટેકનોક્રેટ તેમના દેશનો જમાઈ છે. ઝકરબર્ગ બેઇજીંગમાં વહેલી સવારે પત્ની જોડે જોગિંગ કરવા નીકળ્યા હોય તેવી તસવીરો પ્રકાશિત થતી.

હવે જુઓ ચીનની ચાલાકી. ચીનની સરકારના હાથવગા એવા ચીનના મીડિયાએ ઝકરબર્ગની ભાવિ બિઝનેસ યોજના અને અમેરિકામાં બીજા કયા સંશોધનો આકાર પામી રહ્યા છે તે તમામ માહિતી અને રણનીતિ જાણી લીધી. અચાનક ચીનની સરકારે તેમના દેશના જમાઈ ઝકરબર્ગને ઝાટકો આપ્યો કે તારા બિઝનેસને ચીનમાં હવેથી 'બ્લોક' એટલે કે કાયમ માટે પ્રવેશ પાબંદી જાહેર કરવામાં આવે છે. ચીને તે સાથે જ ગૂગલ, ટ્વિટર અને નેટફ્લિક્સ માટે પણ આ જ હુકમ ફરમાવ્યો. આપણે તો ભારતના અર્થતંત્રને કંઈ ફાયદો ન થાય તેવી ચીનની ૫૯ એપ પર પ્રતિબંધ ફરમાવ્યો પણ ચીને તો ૨૦૦૯થી અમેરિકાની અને અન્ય કોઈપણ દેશની કોઈ પણ નેટ, બ્રાઉઝર, વિન્ડોઝ, સર્ચ એન્જિન, એપ્સ સર્વિસ પર જ પ્રવેશબંધી જાહેર કરેલી છે. આને કહેવાય આત્મનિર્ભર.

### • ચીનનો ફંડા જાણો

હાર્વર્ડ સ્કુલના ફેલો અને ટેકનો વિશ્વના દૃષ્ટા વિવેક વાધવા ચીનનો ફંડા જણાવે છે કે ચીન વિશ્વની ટોચની કંપનીઓના મોડેલ સીધેસીધા અપનાવી લે છે અને પછી સાવ સસ્તામાં તેવા ફીચર્સ સાથે વિશ્વ બજારમાં તે મૂકે છે. ચીન ભારતથી માંડી યુરોપના અને અમેરિકાના યુવા ટેકનોક્રેટ્સના સ્ટાર્ટ-અપમાં રોકાણ કરી તેવી ટેકનોલોજી સાથે પોતે કંપની લોન્ચ કરી દે છે. ચીને ફેસબુક જેવી જ ટેનસેન્ટ કંપની ઊભી કરી. આજે આ કંપનીની મૂડી ૫૦૦ અબજ ડોલર છે.

ફેસબુકની બેઠ્ઠી કોપી ટેનસેન્ટે ૨૦૦૯થી લોન્ચ કરી છે અને ચીનમાં એક અબજ નાગરિકો તે યુઝ કરે છે. ઝકરબર્ગ ચીનમાં જતા ત્યારે તેના રહસ્યો ચાલાક ચીનાઓ પામી ગયા હતા. ટેનસેન્ટ કંપનીના એન્જિનિયરોને ફેસબુકની ટેકનોલોજી ડીકોડિંગ જ કરવાનું હતું. ચીને weChet જેવું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ તો ઉભું કર્યું પણ તેનાથી બીલ પેમેન્ટ થઈ શકે, હોટેલ અને ટિકિટ બુકિંગ અને ટેક્ષી પણ ઓર્ડર કરી શકાય તે ફીચર્સ પણ ઉમેરવામાં સફળતા મેળવી.

ઝકરબર્ગે દસ વર્ષ પછીનું વિશ્વ કેવું હશે તે દસ વર્ષ પહેલા ચીનના મીડિયાને જણાવેલું તેમાં વૉટ્સએપથી ઓર્ડર, બુકિંગ અને આર્થિક વ્યવહારો થઈ શકે તે દિશામાં કામ થઈ રહ્યું છે તેમ ઉલ્લેખ કર્યો હતો. ઝકરબર્ગ આ સર્વિસ લાવ્યા તેના કેટલાક વર્ષો પહેલા ચીને weChet માં આ શક્ય બનાવી દીધું છે. અલીબાબા, બેઈદુ, વેઇબો અને ડીજેઆઈ આજે પણ અમેરિકાને હંફાવે છે. 5G ટેકનોલોજીમાં હુવેઈ કંપની વિશ્વ પ્રણેતાની જેમ આગળ ધપી રહી છે.

### • પેટન્ટના પોલા કાયદા

ટેકનોલોજીના ધંધાની સૌથી મોટી ઉણપ એ છે કે કોપી રાઈટ, ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ્સ અને પેટન્ટ જેવી કાયદાકીય જોગવાઈ હોવા છતાં તે હદે રક્ષણ નથી આપી શકતી. સ્ટાર્ટ-અપ કે જામી ગયેલી કંપનીઓ કઈ દિશામાં

સંશોધન કરતી હશે તે જગજાહેર હોય છે. વિશ્વ ટેકનોલોજી ક્ષેત્રે કઈ રીતે આગળ ધપી રહ્યું છે અને ભાવિ દુનિયા કેવી અચરજભરી હશે તે સામાન્ય નાગરિક પણ અનુમાન લગાવી શકે છે. વિજ્ઞાન કથાઓ અને ફિલ્મો જ કલ્પના કરે છે તે વર્ષો પછી વાસ્તવિક અને સાકાર બનતી હોય છે. ચીનની સરકાર અને કંપનીઓ આવા વિશ્વ સાહિત્ય અને વિજ્ઞાન ભવિષ્યવેત્તાઓની આગાહી પર નજર રાખી ગુપ્ત રીતે અત્યારથી જ પ્રોડક્ટ, ગેજેટ્સ સર્વિસ પ્રોવાઈડર તરીકે અગ્રેસર રહેવા કાર્યરત છે.

- **ચીનનો ગેમ પ્લાન**

અમેરિકા, યુરોપીય દેશ કે જાપાન કોઈ પ્રોડક્ટ કે સર્વિસ શોધે અને બજારમાં મૂકે તે સાથે જ ચીન તેની કોપી કરીને તે માટેના એન્જિનિયરોને ઊંચા પગારે રાખીને આ દેશો કરતાં પણ ઝડપથી જંગી જથ્થામાં તે પ્રોડક્ટનું ઉત્પાદન કરે અને વિશ્વભરના બજારમાં રીતસરનું આક્રમણ કરતા ઘુસાડી દે. હરીફ કરતાં ભાવ ઓછો રાખે. વિશ્વના હ્યુમન રાઈટ્સ અને લેબરથી માંડી પેટન્ટના કે બિલીંગ, ટ્રેડના જે પણ કાયદા હોય તેની ઐસી તૈસી કરી લે. પ્રોડક્ટમાં ચાલાકીથી એવો ફેરફાર કર્યો હોય કે કાયદેસર કોપી ઠેરવી ન શકાય. જો કોપી ન થઈ શકે તો ચીન હરીફો કે ઉગતા તેવી ટેલેન્ટેડ સ્ટાર્ટ અપને ખરીદી લે છે. ભારતના આવા સ્ટાર્ટ અપમાં પણ ચીનની કંપનીઓ રોકાણ કરે છે.

ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટી એવો સિદ્ધાંત ધરાવે છે કે તેમના દેશના નાગરિકો તેમના જ દેશની ટેકનોલોજી કંપનીની પ્રોડક્ટ અને સેવાનો ઉપયોગ કરે. જેથી ચીનના નાગરિકોના ડેટા પર ચીનની સરકારની જ માલિકી રહે. બીજા દેશની કંપનીને પ્રવેશ પણ નથી. આ જ ચીન વિશ્વના દેશોમાં તેમની પ્રોડક્ટ, એપ્સનો ભારે તગડો ધંધો કરે છે અને જે તે દેશના નાગરિકોના ડેટા હસ્તગત કરી શકે છે. અમેરિકાની કંપનીઓ પણ આ જ ધંધો કરે છે. અમેરિકાની કંપનીઓ તો તેમની ઈજારાશાહી રહે તેવી રીતે તેમના હાર્ડવેરમાં તેઓનું જ સોફ્ટવેર કે ઓપરેટીંગ સિસ્ટમ ચાલે તેવી પ્રોડક્ટ બનાવે છે.

- **ભારત મૂક પ્રેક્ષક**

આ બધામાં ભારત મૂક પ્રેક્ષક જેવું લાગે. ભારતે આટલા વર્ષોથી તેમની કોઈ પ્રોડક્ટ જ બનાવી નથી. ભારતે ચીન અને અમેરિકાની કંપનીઓને ભરપેટ તેની ૧૪૦ કરોડની વસ્તી થકી ધંધો પણ આપ્યો.

ભારતના કોઈ મોબાઈલ ફોન કે ટી.વી. હોય જ નહીં અને હોય તો તે ખરીદવાનું પસંદ જ ન કરી શકાય તે શરમજનક કહેવાય. **ભારતના મોબાઈલ બજારમાં ચીનનો ૭૬ ટકા અને ટી.વી. બજારમાં ૪૯ ટકા હિસ્સો છે.** કાર કંપનીમાં પણ જાપાન, સાઉથ કોરિયા, અમેરિકા, જર્મની અને હવે ચીનની હાઈબ્રિડ કે ઈલેક્ટ્રિક એમ.જી. કંપનીએ ધમાકેદાર બજાર પ્રાપ્ત કર્યું છે. મોરિસ ગેરેજ (એમ.જી.)નું હેડ ક્વાર્ટર બ્રિટનમાં છે પણ માલિકી એસ.એ.આઈ.સી. નામની ચીનની કંપનીની છે. ટાટા અને મહેન્દ્રાને દાદ આપવી પડે કે તેઓએ આવા આક્રમણ વચ્ચે જગા બનાવી છે. પણ ચીન તો અમેરિકા કરતા પણ ઈલેક્ટ્રિક કાર બજારમાં વિશ્વમાં પ્રભુત્વ ધરાવે છે. અમેરિકામાં ચીનની ઈલેક્ટ્રિક કારને પ્રવેશ નથી તો ચીનમાં અમેરિકાની ટેસ્લા માટે દ્વાર બંધ છે. અને ભારતના ગ્રાહકો અને સરકાર ટેસ્લાને માટે જંગી ટેરીફ આપીને લાલ જાજમ પાથરીને ઇંતેજાર કરે છે. ખરેખર તો ચીન 'વોકલ ફોર લોકલ' જેવી ખુમારી ધરાવે છે.

- **પીયુષ ગોયલની સત્યવાણી**

ભારતની તમામ ઓટો કંપનીઓના ૨૭ ટકા પાર્ટસ વળી પાછા ચીનના જ હોય છે. ભારતની ટોચની ૩૦ સ્ટાર્ટ અપ કંપનીઓમાંથી ૧૮માં ચીનની ટેનસેન્ટ અને અલીબાબા જેવી કંપનીઓએ રોકાણ કર્યું છે. સવાલ એ થાય કે ચીનને કે જાપાનની સોફ્ટ બેંકને ભારતની સ્ટાર્ટ અપમાં જબરદસ્ત પ્રતિભા દેખાઈ અને તેઓએ રોકાણ કર્યું ત્યારે ભારતની કંપનીઓએ કેમ સામાજિક અને દેશ પ્રત્યેની ભૂમિકા અદા કરતા યુવા પ્રતિભાઓને બિરદાવતા સ્ટાર્ટ અપમાં રોકાણ ન કર્યું? શું આજે પણ ભારતની કંપનીઓ ખુમારી સાથે ચીનને એવું કહી શકે કે તમે ભારતની સ્ટાર્ટ અપમાંથી ખસી જાવ અમે રોકાણ કરવા માંગીએ છીએ. માની લો કે ચીન જ હવે ભારતને પાઠ ભણાવવા ભારતની સ્ટાર્ટ અપમાંથી રોકાણ પાછુ ખેંચી લે તો ઝોમાટો, સ્વિગી, પેટીએમ, ઓયો, ઉબર અને બાઇજુ જેવી ૨૦ કંપનીઓનું શું થાય?

કેન્દ્રના મંત્રી પીયુષ ગોયલે કડવી પણ વાસ્તવિક વાત કરી છે કે ભારતમાં મોટાભાગના સ્ટાર્ટ અપ તો હોમ ડિલીવરી અને ગેમિંગ એપના છે. તેની સામે ચીનમાં એ.આઈ., ઈલેક્ટ્રિક કાર બેટરી અને વિશ્વ પર રાજ થઈ શકે તેવી પ્રોડક્ટ કે સર્વિસના છે.

યાદ રહે, ચીનને માત્ર કોપી કરનાર દેશ તરીકે ઉતારી ન પાડતા. તેઓ પાસે તમામ ક્ષેત્રોમાં સર્જનાત્મક બૌદ્ધિક કૌશલ્ય પણ છે. ભારતે ટેરીફ વૉર અને ચીન વૉર બંનેનો સામનો કરવાનો છે.

***"ગુજરાત સમાચાર"માંથી સાભાર***

વિદેશ

# ડોનાલ્ડ ટ્રમ્પનું વ્યાપારયુદ્ધ

પ્રવીણ ક. લહેરી

નવેમ્બર ૨૦૨૪માં ચૂંટણીમાં જીત મેળવીને બીજી વાર અમેરિકાના પ્રમુખ તરીકેની જવાબદારી ડોનાલ્ડ ટ્રમ્પે સ્વીકારી ત્યારથી વિશ્વના દેશોમાં અગાઉ કદી ન અનુભવ્યો હોય તેવો ફફડાટ વ્યાપી ગયો છે. ૨૦૧૬ની ચૂંટણીમાં જીત, ૨૦૨૦ની ચૂંટણીમાં હાર અને ૨૦૨૪ની ચૂંટણીમાં જીત. આમ ત્રણ વખત પ્રમુખની ચૂંટણી લડનાર ડોનાલ્ડ ટ્રમ્પ એક અનોખું વ્યક્તિત્વ ધરાવે છે. અમેરિકામાં અશ્વેતોનો પ્રભાવ વધતો જાય છે અને ડેમોક્રેટિક પાર્ટી તેનો મતબેન્ક તરીકે ઉપયોગ કરે છે, તેવી સ્થિતિમાં રૂઢિવાદને મજબૂત કરવા માટે ટ્રમ્પે 'મેગા' (MEGA) 'મેક અમેરિકા ગ્રેટ અગેઈન'નું સૂત્ર વહેતું મૂક્યું. શ્વેત પ્રજામાં જે પરંપરાવાદી છે અને જેઓ પોતાનું પ્રભુત્વ હોવું જોઈએ તેવી દઢ માન્યતા ધરાવે છે, તેઓ ટ્રમ્પના કટ્ટર સમર્થક છે. અમેરિકાને ફરી મહાન રાષ્ટ્ર બનાવવામાં ટ્રમ્પના મતે ત્રણ બાબતો અવરોધરૂપ છે :

૧. મેક્સિકો, લેટિન અમેરિકા, કેનેડા, ભારત અને અન્ય દેશોમાંથી ગેરકાયદે ઘૂસીને ધંધો-નોકરી કરતા માણસોને ટ્રમ્પ વિદેશી નહીં, પણ પરગ્રહવાસીઓ (Aliens) તરીકે વર્ણવે છે. એક અંદાજ મુજબ અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરનારાની સંખ્યા ૧.૧ કરોડ આસપાસ હોવાની ધારણા છે.

૨. સરકારી આવક-ખર્ચના અસંતુલનને કારણે રહેતી મોટી નાણાંકીય ખાધ. અમેરિકાનાં છેલ્લાં ૫૦ વર્ષોના બજેટોમાં માત્ર ચાર બજેટો પુરાંતવાળાં હતાં, પરંતુ ૪૬ બજેટો ખાધવાળાં હતાં. ૨૦૨૪માં અમેરિકન સરકારની આવક ૪.૭૨ ટ્રિલિયન ડોલર્સની હતી, જે સામે ખર્ચ ૬.૭ ટ્રિલિયન ડૉલર હતો. આના કારણે ૧.૮૩ ટ્રિલિયન ડોલરની ખાધ હતી. આ રકમ આપણા દેશની પ્રજાની કુલ આવક કરતાં અડધી હતી.

૩. અમેરિકાની જંગી વ્યાપાર ખાધ : આર્થિક રીતે સૌથી સંપન્ન દેશ અમેરિકાએ અનેક દેશોને તેમને ત્યાં માલ વેચવામાં સવલતો અને છૂટછાટ આપી છે. ચીને આનો સૌથી વધુ લાભ ઉઠાવ્યો છે. ૧૯૭૪માં હેનરી કિસિંજરની ચાઈના પોલિસી ચીન માટે તો ઝડપી વિકાસનું સૌથી મોટું ચાલક બળ બન્યું હતું. આ સાથે ૧૯૭૪ બાદ ગોલ્ડ સ્ટાન્ડર્ડને લગભગ તમામ દેશોએ દેશવટો દેતાં મોટા ભાગનો આંતરરાષ્ટ્રીય વેપાર અમેરિકી ડોલરના માધ્યમથી થાય છે.

અનેક દેશોનાં વિદેશી હૂંડિયામણોની અનામત પણ ડૉલરમાં રોકાયેલી છે. આ કારણે ડૉલર એક આંતરરાષ્ટ્રીય ચલણનું સ્થાન મેળવી શક્યું છે. વિશ્વમાં ડૉલરની સતત વધતી જતી માંગને કારણે અમેરિકા માટે ઉછીનાં નાણાં મેળવવામાં કોઈ મુશ્કેલી નથી. આજે અમેરિકાની ફેડરલ સરકાર ઉપર કુલ દેવું ૩૩ ટ્રિલિયન ડોલર જેટલું છે. અમેરિકાની કુલ ઘરેલુ આવક (જી.ડી.પી.) ૨૭ ટ્રિલિયન જેટલી છે. આમ જી.ડી.પી. અને દેવા વચ્ચેનો અનુપાત ૧૨૩ ટકા જેટલો છે. બીજા શબ્દોમાં ૧૦૦ ડૉલરની વાર્ષિક આવક સામે ૧૨૩ ડોલરનું દેવું અમેરિકાની સરકારના માથે છે.

આ જટીલ સમસ્યાઓના ઉકેલ માટે ટ્રમ્પ ખૂબ અધીરા છે. તેઓ જિદ્દી છે અને તેના વિચારો પ્રમાણે અન્ય દેશો ન ચાલે તો તે અમેરિકાની તાકાતના જોરે તેમને ખુલ્લી ધમકીઓ આપવામાં કોઈ સંકોચ અનુભવતા નથી. ગેરકાયદે ઘૂસેલા માણસોને વીણી વીણીને જેલમાં પૂરીને યાતનાઓ સાથે હાથકડી અને પગે બેડીઓ સાથે તેમના વતન રવાના કરી રહ્યા છે. અમેરિકાની વેપાર ખાધ માટે વિદેશ વ્યાપારમાં જે દેશોની પુરાંત છે તેમને અમેરિકી માલસામાન પર આયાતશુલ્કમાં ઘટાડો અથવા તો અમેરિકી સરકાર તમારા દેશ જેટલું જ શુલ્ક તમારા આયાત થતા માલસામાન પર નાખશે.

ટ્રમ્પની 'જેવા સાથે તેવા' થવાની નીતિ અનુસાર તેમણે સત્તા સંભાળતાંની સાથે પોતાના બે મહત્ત્વના પાડોશી દેશો કેનેડા અને મેક્સિકોથી અમેરિકામાં આવતા માલસામાન પર ૨૫ % ડ્યુટી નાખવાનો હુકમ કર્યો. જોકે થોડી વિચારણા બાદ તે હુકમ હાલ તો મુલતવી રાખ્યો છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ટ્રમ્પ સાથેની મુલાકાતના થોડા કલાકો પહેલાં જ ટ્રમ્પે 'આયાતો' પર અરસપરસના ધોરણે ડ્યુટી નાખવાનો સૌ દેશોને લાગુ પડતો આદેશ કર્યો. તેનો અમલ અન્ય દેશોની સાથે વ્યાપાર મંત્રણા પછી કરવાનો રહેશે તેમ જાહેર કર્યું. ડોનાલ્ડ ટ્રમ્પ ચોખ્ખું કહે છે કે જે દેશ અમારા માલ પર જેટલા ટકા ડ્યુટી નાખશે, તેના તે માલ પર અમેરિકા તેટલી જ કસ્ટમ ડ્યુટી નાખશે. ઉપરાંત એ દેશોએ અમેરિકા સાથેનો વ્યાપાર સરભર રહે તે માટે કાર્યવાહી કરવી પડશે અન્યથા તેના તમામ માલસામાન ઉપર અમેરિકા ૨૫% ડ્યુટી નાખશે.

ટેરીફ સામે ટેરીફ, વ્યાપાર ખાધ સામે વધારાની ટેરીફ અને અમેરિકાને અનુકૂળ ન આવતા દેશોના લોકો માટે કડક વિસા નિયંત્રણો અને ગર્ભિત યુદ્ધની ધમકી સાથે પોતાની વાત મનાવવા માટે ટ્રમ્પે એક એવા વ્યાપારયુદ્ધનો આરંભ કર્યો છે કે તેના કારણે સમગ્ર વિશ્વનું અર્થતંત્ર ડામાડોળ થયું છે. બ્રાઝીલ, રશિયા, ભારત અને ચીન સાથે બનેલા બ્રિક્સના

દેશોએ ડોલર સામે અન્ય વૈકલ્પિક ચલણ શરૂ કરવાનો વિચાર કર્યો છે. તે સામે ટ્રમ્પની ધમકી, 'જો કોઈ દેશ ડૉલર સામે બીજી કરન્સી ઊભી કરશે તો તેવા દેશો સામે અમેરિકા ૧૦૦ ટકા ડ્યુટી નાખશે.' મુક્તવ્યાપાર, માનવ-અધિકારોની દુહાઈ આપીને પોતાને દુનિયાના શ્રેષ્ઠ નીતિમાન દેશ દર્શાવતું અમેરિકા ટ્રમ્પના પ્રમુખપદ હેઠળ સાવ છેલ્લે પાટલે જઈને બેઠું છે. તેનો મકસદ એક જ છે કે દરેક કાર્યવાહી અમેરિકાના હિતમાં જ થવી જોઈએ. બીજા દેશો તેમના મિત્ર હોય કે શત્રુ હોય, તેમ તેની સાથે સમાન વર્તન કરવામાં ટ્રમ્પ જરા સરખો ક્ષોભ અનુભવતા નથી.

પનામા દેશ માટે અમેરિકાએ પેસિફિક અને એટલાન્ટીક સમુદ્રોને જોડતી કેનાલ બાંધી છે. તેનો વહીવટ પનામાને સોંપ્યાને વર્ષો વીતી ગયાં, પણ આ નહેરનું સંચાલન પનામા અમેરિકાના હિત વિરુદ્ધ કરે છે, આથી હવે તે પનામા ખાડી 'અમેરિકી ખાડી' તરીકે ઓળખાશે અને અમેરિકા ગમે ત્યારે બળજબરીથી તેનો વહીવટ સંભાળી લેશે. ટ્રમ્પને બીજા દેશોનું સાર્વભૌમત્વ સ્વીકાર્ય નથી. અમેરિકાને મહાન બનાવવા માટે અને તેના આર્થિક ફાયદા માટે ટ્રમ્પ તમામ ધારાધોરણો બાજુએ મૂકવા માગે છે. ટ્રમ્પ દ્વારા યુક્રેન-રશિયા યુદ્ધ અને હમાસ-ઈઝરાયેલ યુદ્ધોના અંત માટે જે દરખાસ્તો સામે આવી છે તે જાણીને સૌ આશ્ચર્યચકિત રહી ગયા છે. ટ્રમ્પની ઇચ્છા ગાઝા પટ્ટીમાંથી તમામ આરબોને હટાવી ત્યાં અમેરિકી આધિપત્ય હેઠળ અતિ સુંદર અને વૈભવી પ્રવાસ સ્થળ વિકસાવવાની છે.

યુક્રેનને યુદ્ધમાં આક્રમણકારી જાહેર કરી તેના ઠરાવમાં ત્રણેય મહાસત્તાઓ અમેરિકા, ચીન અને રશિયા એક થઈને યુક્રેનનો ઘડોલાડવો કરી નાખવા તૈયાર થયા છે. ટ્રમ્પે યુક્રેનને ૧૩૪ બિલિયન ડૉલરની લશ્કરી સહાય સામે પાંચસો બિલિયનનાં દુર્લભ ખનીજો અમેરિકાને સુપરત કરવા કહ્યું છે. રશિયાના પુતિને કબજે કરેલ યુક્રેનના પ્રદેશમાંથી અમેરિકા આ મૂલ્યવાન ખનીજો ભલે લઈ લે, ત્યાં સુધી સહમતિ આપી છે. પુતિનને ગમે તે ભોગે યુદ્ધ બંધ કરાવવું છે. ચીને આફ્રિકાના અનેક દેશોને લોન આપીને ત્યાંના ખનીજો પર પોતાનું નિયંત્રણ સ્થાપ્યું છે. ટ્રમ્પની આર્થિક અને વ્યાપારી નીતિઓ યુદ્ધનો એક નવો પ્રકાર છે. ટ્રમ્પની ધમકીઓ વાંચીએ ત્યારે કોઈ અપહરણકર્તા અપહૃત વ્યક્તિના પરિવાર પાસેથી જેમ ખંડણી માંગતા હોય તેમ ટ્રમ્પ પોતાનાં વ્યાપારિક હિતો સાકાર કરવા તમામ પરંપરાનો અનાદર કરીને પોતાનું ધાર્યું કરાવવા કૃતનિશ્ચયી છે.

હવે પ્રશ્ન એ છે કે અમેરિકાને ફરી મહાન બનાવવાના ધ્યેયને વરેલા ટ્રમ્પ આડકતરી રીતે ત્રણ બાબતો સ્વીકારે છે : (૧) અમેરિકા શક્તિશાળી છે, પણ તેનો પ્રભાવ ઘટતો જાય છે. (૨) અમેરિકાની વિદેશ વ્યાપારની ખાધ નિવાર્યા વિના અમેરિકાના અર્થતંત્ર પર મોટું જોખમ રહેલું છે. (૩) અમેરિકી સરકારની નાણાંકીય ખાધના કારણે દેવું વધે છે, રોજગારી ઘટી છે અને અમેરિકા આર્થિક પતનની કગાર પર પહોંચ્યું છે. આ માટે અમેરિકાની અગાઉની સરકારોની ભૂલભરેલી નીતિઓ જવાબદાર છે તેમ માનીને તે રદ કરે કે તેમાં ફેરફાર કરે તે વાત તો સમજી શકાય, પણ અમેરિકાના અર્થતંત્રને મજબૂત કરવામાં અન્ય તમામ દેશોને અમેરિકાના તાલે નચાવવાના ટ્રમ્પના પ્રયાસો જોખમી છે. ટ્રમ્પ જે રીત સાથી મિત્ર કે શત્રુ દેશ સાથેના સંબંધોનો ઈતિહાસ જોયા વિના ટેરીફ અને વ્યાપારિક નિર્ણયોમાં દાદાગીરીનું તત્ત્વ ઉમેરે છે, ત્યારે ગુજરાતી કવિતાની પંક્તિ યાદ આવે છે :

*'ઝાઝાં નબળાં લોકથી કદી ન કરીએ વેર,*
*કીડી કાળા નાગનો પ્રાણ હરે તે પેર.'*

દરેક દેશને છંછેડીને, તેને પોતાના હિત વિરુદ્ધ વર્તવાની ફરજ પાડતા ટ્રમ્પના આ ઉધામા 'નૂતન આર્થિક સંસ્થાનવાદ'નું કદરૂપું સ્વરૂપ ઉજાગર કરે છે. અમેરિકા તમામ જોડે પોતાના ખ્યાલો પ્રમાણે એકપક્ષીય વહીવટ કરશે તો અમેરિકાને એકલું પડી જતાં વાર નહીં લાગે. એક હાર પામ્યા બાદ જ્વલંત વિજય મેળવનાર ટ્રમ્પને ઘણી ઉતાવળ છે. તેમની સમજણ કે તેના અભાવના આધારે તે વ્યાપારયુદ્ધ જારી રાખશે તો દુનિયામાં અંધાધૂંધીનો માહોલ ફેલાશે. તમામ આર્થિક કારોબારોમાં અનિશ્ચિતતા, નિરાશા અને એકહથ્થુ નિર્ણયોના કારણે દરેક દેશમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. ટ્રમ્પ દ્વારા ટેરીફને શસ્ત્ર તરીકે વાપરવાનો નિર્ણય અમેરિકાને પણ નડશે તેવો તજજ્ઞોનો મત અવગણી શકાય નહીં.

જે રીતે પરિસ્થિતિ આકાર લઈ રહી છે તેમાં ચીન, રશિયા અને અમેરિકા પોતાના હિત ખાતર નવું જૂથ રચી આર્થિક વ્યવહારો પોતાના નિયંત્રણમાં લેશે, તો એશિયા, યુરોપ અને આફ્રિકાના અનેક દેશોમાં આર્થિક કટોકટી પેદા થશે. તુલસીદાસે કહ્યું છે : 'સમરથ કો નહીં દોષ ગુંસાઈ' જેવી હાલતમાં ભારતે અમેરિકાના સંબંધોમાં શું કરવું અને શું ન કરવું તેની દ્વિધા ગંભીર છે.

ટ્રમ્પે ભારત સાથે ૧૦ કરાર કરી ૧૩૫ બિલિયન ડૉલરની આયાત માટે ભારતને મજબૂર કર્યું છે. ૪૫ બિલિયનના ટ્રેડ સરપ્લસનો છેદ ટ્રમ્પે આગામી ત્રણ વર્ષ માટે ઉડાડી દીધો છે. અંતમાં, હેનરી કિસિન્જરના નામે કહેવાતું વાક્ય યાદ આવે છે – 'અમેરિકા સાથે શત્રુતા ભારે પડી જાય તેમ છે, પણ અમેરિકાની મિત્રતા તો ઘાતક જ બને છે.' અમેરિકા તો શત્રુ-મિત્રોના ભેદ ભૂલીને વિશ્વના અર્થતંત્રને પોતાની રીતે આકાર આપવા દૃઢાગ્રહી છે, ત્યારે અનેક આર્થિક પડકારો ઝીલવા દેશોએ પોતે જ સુસજ્જ થવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી.

*"વિશ્વવિહાર"માંથી સાભાર*

વર્તમાન

# અમેરિકા અને આપણે

ડૉ. સુધીર શાહ
એડવોકેટ

૧૪મી સદીમાં ભારતના મરીમસાલા અને રેશમી કાપડની યુરોપ અને ઇંગ્લેન્ડમાં ખૂબ જ માંગ હતી. આથી ભારત આવવાનો ટૂંકો રસ્તો ખોજવા સ્પેનના ક્રિસ્ટોફર કોલંબસ ત્રણ વહાણોનો કાફલો લઈને નીકળ્યા હતા. પૃથ્વી ગોળ છે એ માન્યતાના આધારે એમણે વિચાર્યું કે જો હું પશ્ચિમ તરફ પ્રયાણ કરીશ તો પૂર્વમાં આવેલ ભારતમાં જલદી પહોંચી જઈશ. આથી એમણે યુરોપથી પશ્ચિમ તરફ એમનાં વહાણો હંકાર્યાં. અનાયાસે તેઓ, એ પહેલા, સાવ અજાણ એવા, અમેરિકા ખંડમાં જઈ પહોંચ્યા. એમને એવું લાગ્યું કે તેઓએ ભારતની ધરતી ઉપર પગ મૂક્યો છે. ત્યાં વસતા લોકોની ચામડીનો રંગ ભૂખરો હતો. આથી કોલંબસે એમને રેડ ઇન્ડિયનો તરીકે ઓળખાવ્યા.

ઇંગ્લેન્ડ અને યુરોપના લોકો એ સમયે રાજા અને ધર્મગુરૂઓના રંજાડના કારણે ત્રાસી ગયા હતા. એમના દેશોમાં પ્લેગનો રોગચાળો ફેલાયેલો હતો. ઇંગ્લેન્ડમાં બટાટાનો દુકાળ પડ્યો હતો. આ સર્વે કારણોને લીધે જેવી એ દેશોના લોકોને જાણ થઈ કે એક નવો દેશ શોધાયો છે, ત્યાં ખેતીવાડી માટે અફાટ જમીન છે, જમીનનું પેટાળ ખનિજોથી ભરેલું છે, એટલે તેઓને સ્થળાંતરના કુદરતી 'પુશ એન્ડ પૂલ'ના નિયમ અનુસાર ઇંગ્લેન્ડ અને યુરોપે એમના દેશમાંથી બહાર જવા માટે 'પુશ' કર્યા અને નવા ખોજાયેલા અમેરિકાએ એ સૌને પોતાને ત્યાં 'પૂલ' કર્યા. વિશ્વના અન્ય દેશોના લોકો પણ એ તક અને છતના દેશમાં આકર્ષાયા. ભારતીયોએ એ સમયે અમેરિકા પ્રત્યે લક્ષ ન સેવ્યું, કારણ કે ત્યારે ભારતનો સુવર્ણકાળ હતો.

યુરોપ અને ઇંગ્લેન્ડના દેશોની બંદૂકો સામે અમેરિકાના મૂળ વતનીઓનાં તીરકામઠાં કામ ન લાગ્યાં. પશ્ચિમના દેશોએ અમેરિકામાં પોતાનો પગ જમાવી દીધો અને મોગલોએ ભારત ઉપર આક્રમણો કર્યા અને ભારતનાં રાજ્યો ઉપર કબજો જમાવ્યો. ત્યારબાદ પોર્ટુગીઝો, ફ્રેન્ચો અને છેવટે અંગ્રેજોએ ભારતમાં પગપેસારો કર્યો. ઇંગ્લેન્ડે તો ૨૦૦ વર્ષ સુધી ભારત ઉપર રાજ્ય કર્યું.

કોલંબસે ખોજેલા અમેરિકાએ ધીરે ધીરે પ્રગતિ પ્રત્યે કૂચ કરવા માંડી. ત્યાં જઈને વસેલા લોકોએ એમનું બધું જ કૌશલ્ય અમેરિકામાં વાપર્યું અને અમેરિકા ઇંગ્લેન્ડને બાજુએ મૂકીને વિશ્વનો આગળ પડતો દેશ બન્યો અને મોગલો, ત્યારબાદ પોર્ટુગીઝ, ફ્રેન્ચ અને છેવટે અંગ્રેજોની હકૂમતને કારણે ભારત પછાત બની ગયો અને ભારતીયો પણ અમેરિકા પ્રત્યે આકર્ષાયા.

અમેરિકા આમ ઇમિગ્રન્ટોનો દેશ બન્યો.

આજે અમેરિકામાં વસતી દરેકેદરેક વ્યક્તિ કાં તો પોતે ઇમિગ્રન્ટ છે અથવા તો એના પૂર્વજો અમેરિકામાં આવીને વસ્યા હોય છે. અમેરિકા પ્રત્યે ઇમિગ્રન્ટોનો ધસારો એટલો બધો વધી ગયો કે એને ખાળવા માટે અમેરિકાએ 'પુશ એન્ડ પૂલ'ના કુદરતી નિયમને વેગળો મૂકીને 'થિયરી ઓફ લેજિસ્લેટિવ રીસ્ટ્રેન્ટ' અપનાવી. ઇમિગ્રેશનને લગતા કાયદાઓ ઘડ્યા અને અમેરિકામાં પ્રવેશતા ઇમિગ્રન્ટોને ચાળવા તેમ જ ખાળવા લાગ્યા.

આજે વર્ષ ૧૯૫૨માં ઘડવામાં આવેલ 'ધ ઇમિગ્રન્ટ ઍન્ડ નેશનાલિટી એક્ટ', અમેરિકામાં, ટૂંક સમય યા કાયમ માટે પ્રવેશવા ઇચ્છતા પરદેશીઓનું નિયંત્રણ કરે છે. એમની શું શું લાયકાતો હોવી જોઈએ, એમનામાં એવા શું અવગુણો હોય જેથી એમને અમેરિકામાં પ્રવેશતા અટકાવવા અમેરિકાના હિતમાં છે એ આ કાયદા હેઠળ ઠરાવવામાં આવ્યું.

'આઈએનએ' તરીકે ટૂંકામાં ઓળખાતો અમેરિકાના ઇમિગ્રેશનને લગતો આ કાયદો બે પ્રકારના 'વિઝા' સૂચવે છે. જેમને અમેરિકામાં કાયમ રહેવું હોય એમના માટે 'ઇમિગ્રન્ટ વિઝા' અને જેમને કોઈ ખાસ કારણસર, થોડા સમય માટે જ જવું હોય, એમના માટે જુદા જુદા પ્રકારના 'નોન-ઇમિગ્રન્ટ વિઝા' ઘડવામાં આવ્યા. આ વિઝા મેળવવાની જુદી જુદી પ્રક્રિયાઓ તેમજ સંખ્યા આ કાયદામાં દર્શાવવામાં આવી.

'વિઝા' એટલે તમારા પાસપૉર્ટ ઉપર મારેલો એક થપ્પો. જે દેખાડીને તમે અમેરિકામાં પ્રવેશવાની માગણી કરી શકો. વિઝા અમેરિકાની બહાર જ પ્રાપ્ત કરી શકાય. વિઝા હોય એટલે તમને અમેરિકામાં પ્રવેશ મળશે જ એવી કોઈ ગેરંટી નથી હોતી. દરેક વિઝા જોડે એક સ્ટેટસ એટલે કે જે કાર્ય કરી શકાય એ સંકળાયેલું હોય છે.

અમેરિકામાં કાયમ રહેવું હોય તો ઇમિગ્રન્ટ વિઝા મેળવવાની જરૂરિયાત રહે છે. તમારાં પતિ, પત્ની યા સંતાન અમેરિકન સિટીઝન હોય તો તેઓ તમારા લાભ માટે ઇમિજિયેટ રિલેટીવ કેટેગરી હેઠળ ઇમિગ્રન્ટ વિઝા માટેની પિટીશન દાખલ કરી શકે છે. આ પિટીશન હેઠળ એક વર્ષમાં

ગમે તેટલા વિઝા મળી શકે છે. ચાર જુદી જુદી 'ફેમિલી પ્રેફરન્સ' તેમ જ ચાર જુદી જુદી 'એમ્પ્લોયમેન્ટ બેઝ્ડ પ્રેફરન્સ' કેટેગરી હેઠળ પણ ઈમિગ્રન્ટ વિઝા પ્રાપ્ત કરી શકાય છે. એક વર્ષમાં ફેમિલી પ્રેફરન્સ કેટેગરી હેઠળ ૨,૨૬,૦૦૦ ઈમિગ્રન્ટ વિઝા આપવામાં આવે છે. એમ્પ્લૉયમેન્ટ બેઝ્ડ પ્રેફરન્સ કેટેગરી હેઠળ ૧,૪૦,૦૦૦ ઈમિગ્રન્ટ વિઝા આપવામાં આવે છે.

તમે અમેરિકામાં કોઈ નવા બિઝનેસમાં દસ લાખ પચાસ હજાર યા આઠ લાખ ડોલરનું રોકાણ કરીને અથવા તો એટલા પૈસા માન્યતા પામેલા રિજનલ સેન્ટરમાં ઇન્વેસ્ટ કરીને પણ ગ્રીનકાર્ડ મેળવી શકો છો. લૉટરી દ્વારા દર વર્ષે પંચાવન હજાર ઈમિગ્રન્ટ વિઝા આપવામાં આવે છે. રાજકીય આશરો માગીને યા રેફ્યુજી સ્ટેટસ મેળવીને કે પછી અમેરિકાની મિલિટરીમાં જોડાઈને પણ એક પરદેશી ઈમિગ્રન્ટ વિઝા મેળવી શકે છે.

ઈમિગ્રન્ટ વિઝા મળ્યેથી પરદેશીને ગ્રીનકાર્ડ આપવામાં આવે છે. એ મળ્યેથી એ પરદેશી અમેરિકામાં કાયમ રહી શકે છે, પ્રોપર્ટી લે-વેચ કરી શકે છે, નોકરી યા ધંધો કરી શકે છે, ભણી શકે છે, પણ અમેરિકાની ચૂંટણીમાં મતદાન નથી કરી શકતો.

ગ્રીન કાર્ડ ધારકે એની વિશ્વમાં કશે પણ આવક હોય એની ઉપર ટેક્સ અમેરિકામાં ભરવાનો રહે છે. જો અમેરિકાની સરકારને એવું જણાય કે ગ્રીનકાર્ડધારકે કાયદાનો ભંગ કર્યો છે એનો ઈરાદો અમેરિકામાં કાયમ રહેવાનો નથી તો તેઓ એ વ્યક્તિનું ગ્રીનકાર્ડ પાછું ખેંચી લઈ શકે છે. ઈમિગ્રન્ટ વિઝા મેળવ્યા બાદ પાંચ વર્ષ પછી, અને જો એ લગ્નના આધારે મેળવ્યા હોય તો ત્રણ વર્ષ પછી, નેચરલાઈઝેશનની પ્રક્રિયા દ્વારા તમે અમેરિકન નાગરિક બનવાની અરજી કરી શકો છો.

નોન-ઈમિગ્રન્ટ વિઝાના અનેક પ્રકાર છે. એ સર્વેની વ્યાખ્યા આઈએનએની કલમ ૧૦૧માં આપવામાં આવી છે. અમુક પ્રકારના નોન-ઈમિગ્રન્ટ વિઝા માટે અમેરિકામાં પિટીશન દાખલ કરવાની રહે છે. અમુક પ્રકારના નોન-ઈમિગ્રન્ટ વિઝા વાર્ષિક ક્વોટાની સંખ્યાથી મર્યાદિત હોય છે.

તમે એક પ્રકારના નોન-ઈમિગ્રન્ટ વિઝા મેળવીને અમેરિકામાં પ્રવેશો અને પછી બીજા પ્રકારના નોન-ઈમિગ્રન્ટ વિઝા ઉપર જે કાર્ય કરી શકો એ કરવાની જરૂરિયાત ઊભી થાય તો તમે અરજી કરીને તમારું 'સ્ટેટસ ચેન્જ' કરી શકો છો. નોન-ઈમિગ્રન્ટમાંથી ઈમિગ્રન્ટ સ્ટેટસ પણ 'સ્ટેટસ એડજસ્ટ' કરવાની અરજી કરીને બદલી શકો છો. તમને રહેવાનો જેટલો સમય આપવામાં આવ્યો હોય એથી વધુ સમય રહેવું પડે એવા અનિવાર્ય સંજોગો ઊભા થયા હોય તો તમે 'એક્સટેન્શન ઑફ ટાઈમ ટુ સ્ટે'ની અરજી કરીને અમેરિકામાં રહેવાનો સમય લંબાવી શકો છો. તમારાં માતા-પિતાના લાભ માટે ઈમિગ્રન્ટ વિઝાની પિટીશન દાખલ કરવામાં આવી હોય અને એ પ્રોસેસ થઈને મંજૂર થાય અને એની હેઠળ વિઝા ઉપલબ્ધ થાય ત્યારે તમારી ઉંમર જો એકવીસ વર્ષથી વધુ થઈ ગઈ હોય, જેથી તમને ડિપેન્ડન્ટ ઈમિગ્રન્ટ વિઝા આપવામાં ન આવે તો, તમે 'ચાઈલ્ડ સ્ટેટસ પ્રોટેક્શન ઍક્ટ' હેઠળ પિટીશન દાખલ કરીને તમારાં માતાપિતા માટે દાખલ કરવામાં આવેલ પિટીશનને મંજૂર કરવા માટે ઈમિગ્રેશન ખાતાએ જેટલો સમય લીધો હોય એટલો સમય તમારી ઉંમરમાંથી બાદ માગી શકો છો. એ બાદબાકી કરતાં જો તમારી ઉંમર એકવીસ વર્ષથી નીચેની થાય તો તમને ડિપેન્ડન્ટ ઈમિગ્રન્ટ વિઝા મળી શકશે.

તમે જો કંઈ ખોટું કર્યું હોય અને તમારી ઉપર અમેરિકામાં ફરી પાછા પ્રવેશવા ઉપર પાબંદી મૂકવામાં આવી હોય તો આવા સંજોગોમાં તમે નોન-ઈમિગ્રન્ટ યા ઈમિગ્રન્ટ 'વેવર'ની અરજી કરીને એ પાબંદીમાંથી અમુક સંજોગોમાં મુક્તિ મેળવી શકો છો. આવી અનેક છૂટ અને સવલતો આઈએનએમાં અમેરિકાની સરકારે ઈમિગ્રન્ટોને આપી છે.

આજે ભારતીયોમાં અને એમાં પણ ખાસ કરીને ગુજરાતીઓ, પંજાબીઓ અને દક્ષિણ ભારતીયોમાં અમેરિકાનું આકર્ષણ એટલું બધું વધી ગયું છે કે ત્યાં કાયમ રહેવા માટે જે ઈમિગ્રન્ટ વિઝા મેળવવા પડે છે એ માટે વર્ષોની રાહ જોવી પડે છે. નૉન-ઈમિગ્રન્ટ વિઝા પણ જો તમે એવું પુરવાર કરી ન શકો કે તમારો અમેરિકામાં કાયમ રહેવાનો ઈરાદો નથી તો એ મળવા મુશ્કેલ છે.

નોન-ઈમિગ્રન્ટ પ્રકારના બી-૧/બી-૨ વિઝા, જે બિઝનેસમેનો અને ટૂરિસ્ટો માટે છે, એની વિશ્વમાં સૌથી વધુ માગણી ભારતીયો કરે છે. ભારતીય વિદ્યાર્થીઓ સૌથી વધુ સંખ્યામાં, લગભગ એક વર્ષના ત્રણેક લાખ જેટલા, અમેરિકાની યુનિવર્સિટીઓમાં ભણવા જાય છે. સ્પેશિયાલિટી ઓક્યુપેશન વર્કરો માટેના જે એચ-૧બી વિઝા છે એના વાર્ષિક ક્વોટા ૮૫,૦૦૦ના છે. આ માટે ચાર-પાંચ લાખ અરજીઓ થાય છે. ૮૫,૦૦૦માંના પોણા ભાગના ભારતીયોના ફાળે જાય છે. આંતરકંપની ટ્રાન્સફરી એલ-૧ વિઝા જે મૅનેજરો, એક્ઝિક્યુટિવો અને ખાસ જાણકારીવાળી વ્યક્તિઓ માટે છે, એના ઉપર સાત યા પાંચ વર્ષ અમેરિકામાં રહીને કામ કરી શકાય છે એ એલ-૧ વિઝા પણ ભારતીયો ખૂબ મોટી સંખ્યામાં મેળવે છે. અન્ય પ્રકારના નોન-ઈમિગ્રન્ટ વિઝા માટે પણ સૌથી વધુ અરજીઓ ભારતીયો જ કરે છે.

ક્વોટાનાં બંધનોના કારણે તેમ જ લાંબો સમય રાહ જોવી પડતી હોય એના કારણે યા તો લાયકાતોના અભાવના કારણે હજારો લાખો ભારતીયો જુઠ્ઠાણાંનો આશરો લે છે. ગેરકાયદેસર પ્રવેશવાના પ્રયત્નો કરે છે. એ માટે તેઓ ૨૫-૫૦ લાખ, અરે એક કરોડ રૂપિયા સુધી ખર્ચે છે. ભારતમાં સુખ અને શાંતિ છે, બધા જ ધર્મના લોકોને એક સરખી રીતે જોવામાં આવે છે, તેમ છતાં અનેકો ભારતની સરકાર ઉપર ખોટા ખોટા આક્ષેપો કરીને અસાયલમની માગણી કરે છે. એમ કહેવાય છે કે આજે અમેરિકામાં દસ લાખથી વધુ ભારતીયો ગેરકાયદેસર રહે છે.

અમેરિકાના બંધારણના ૧૪મા સુધારા દ્વારા એવું ઠરાવવામાં આવ્યું છે કે જેઓ અમેરિકાની ધરતી ઉપર જન્મ લે એ બાળકને જન્મના આધારે જ અમેરિકાની સિટીઝનશિપ પ્રદાન કરવામાં આવે છે. અનેક ભારતીય સ્ત્રીઓ ગર્ભવતી થતાં એ વાતને છુપાવીને બી-૧/બી-૨ વિઝા ઉપર અમેરિકામાં પ્રવેશે છે અને ત્યાં એમના બાળકને જન્મ આપે છે જેથી એમને અમેરિકાનું નાગરિકત્વ પ્રાપ્ત થાય છે અને મોટા થઈને તેઓ એમનાં માબાપને ઇમિજેટ રીલેટિવ કેટેગરી હેઠળ ઇમિગ્રન્ટ વિઝા અપાવે છે. ભાઈબહેનોને ફેમિલી ફોર્થ પ્રેફરન્સ કેટેગરી હેઠળ અને ભારતની પત્ની યા પતિને ફેમિલી સેકન્ડ (એ) પ્રેફરન્સ કેટેગરી હેઠળ ઇમિગ્રન્ટ વિઝા અપાવે છે.

આમ વિશ્વનો એક નંબરનો દેશ હોવાના કારણે અને ત્યાં જતા ભારતીયો એમના રૂપિયાના ડૉલર કરી શકે છે, એકના ૮૮ કરી શકે છે એટલે ખરું-ખોટું કરીને લાખ્ખો રૂપિયા ખર્ચીને જીવના જોખમે પણ અમેરિકામાં પ્રવેશવાનો અને ત્યાં પ્રવેશ્યા બાદ ગેરકાયદેસર કામ કરવાનો ઈરાદો સેવે છે. આજે અમેરિકામાં વસતી દર છ વ્યક્તિઓમાં એક વ્યક્તિ ગેરકાયદેસર છે.

અમેરિકાને આ ગેરકાયદેસર ઇમિગ્રન્ટોનો પ્રશ્ન વર્ષોથી મુંઝવતો આવ્યો છે. એમના દરેકેદરેક પ્રમુખોએ ગેરકાયદેસર ઇમિગ્રન્ટોનો પ્રશ્ન હલ કરવા માટે જાતજાતના પ્રયત્નો આદર્યા છે. બીજી વાર અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવેલા ડોનાલ્ડ ટ્રમ્પને ગેરકાયદેસર ઇમિગ્રન્ટ પ્રત્યે પુષ્કળ ધૃણા છે. એમને તો ઈમિગ્રન્ટો પણ ગમતા નથી. આથી જ એમણે જેવો વ્હાઈટ હાઉસ, જે અમેરિકાના પ્રમુખોનું નિવાસસ્થાન છે, એમાં પગ મૂક્યો કે ૨૦મી જાન્યુઆરી, ૨૦૨૫ના દિવસે જ, ઇમિગ્રન્ટોને રોકવા માટે એક્ઝિક્યુટિવ ઑર્ડરો બહાર પાડયા.

સૌપ્રથમ 'પ્રોટેક્ટિંગ ધ મીનિંગ એન્ડ વેલ્યુ ઓફ અમેરિકન સિટીઝનશિપ' આ એક્ઝિક્યુટિવ ઑર્ડર બહાર પાડીને બર્થ સિટીઝનશિપને અટકાવી દીધી. ત્યારબાદ અમેરિકામાં ગેરકાયદેસર રીતે વસતા ભારતીયોને હાથકડી પહેરાવીને પગમાં સાંકળો બાંધીને ત્રણ મિલિટરી વિમાનોમાં ભારત મોકલી આપ્યા.

ડોનાલ્ડ ટ્રમ્પે 'પ્રોટેક્ટિંગ ધી યુનાઈટેડ સ્ટેટ્સ ફ્રોમ ફોરેન ટેરરીસ્ટ ઍન્ડ અધર નેશનલ સિક્યોરિટી એન્ડ પબ્લિક સેફટી થ્રેટ્સ' – આ નામનો એક્ઝિક્યુટિવ ઑર્ડર બહાર પાડીને અમેરિકાની બધી જ એજન્સીઓ જેઓ પરદેશીઓને વિઝા આપે છે એમને વિઝા-ઇચ્છુકોની અરજીઓ ખૂબ જ સૂક્ષ્મ અને કડક રીતે તપાસવાનો ઓર્ડર કર્યો.

'સિક્યોરિંગ અવર બોર્ડર એન્ડ ડિક્લેરિંગ અ નેશનલ ઈમરજન્સી એટ ધી સધર્ન બોર્ડર ઓફ ધી યુનાઈટેડ સ્ટેટ્સ', 'અમેરિકા ફર્સ્ટ ટ્રેડ પોલિસી', 'પ્રોટેક્ટિંગ ધ અમેરિકન અગેઈન્સ્ટ ઇન્વેઝન', 'ગેરન્ટીંગ ધ સ્ટેટ્સ પ્રોટેક્શન અગેન્સ્ટ ઇન્વેઝન', 'રીઅલાઈનિંગ ધી યુનાઈટેડ સ્ટેટ્સ રેફ્યુજી એડમિશન પ્રોગ્રામ' તેમ જ 'ઇનિશિયલ રિસેસન્સ ઑફ હાર્મફુલ એક્ઝિક્યુટિવ ઓર્ડર ઍન્ડ એક્શન' – આમ જુદા જુદા એક્ઝિક્યુટિવ ઓર્ડરો ૨૦મી અને ૨૧મી જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન જ એમણે બહાર પાડ્યાં. આ કારણસર અમેરિકામાં જ નહીં, સમગ્ર વિશ્વમાં હાહાકાર મચી ગયો. જેઓ અમેરિકન સ્વપ્નું સેવી રહ્યા છે તેમની ઊંઘ ઊડી ગઈ. અમેરિકાનાં લગભગ ૨૨ જેટલાં રાજ્યોએ આ બધા એક્ઝિક્યુટિવ ઓર્ડરો સમક્ષ પોતાની નારાજગી દર્શાવી છે. અમુક એક્ઝિક્યુટિવ ઓર્ડરોને કોર્ટોમાં પડકારવામાં આવ્યા છે. પ્રમુખ ટ્રમ્પે એવું પણ જાહેર કર્યું છે કે વર્ષ ૧૯૯૦માં જે ઈબી-૫ પ્રોગ્રામ દાખલ કરવામાં આવ્યો છે જેની હેઠળ ઇન્વેસ્ટમેન્ટ કરતાં ગ્રીનકાર્ડ પ્રાપ્ત કરી શકાય છે એ પ્રોગ્રામને તેઓ બંધ કરશે અને એની જગ્યાએ પચાસ લાખ ડોલર અમેરિકાની સરકારને આપીને 'ગોલ્ડ કાર્ડ' મેળવવાનો પ્રોગ્રામ દાખલ કરશે.

ડોનાલ્ડ ટ્રમ્પે હમણાં એક ગ્રીનકાર્ડધારક વિદ્યાર્થીને 'હમાસ્સ'ને સપોર્ટ અને અમેરિકા વિરુદ્ધ કાર્ય કરવા માટે અમેરિકા બહાર મોકલી દેવાનો હુકમ કર્યો છે. છેલ્લે છેલ્લે જે એટર્નીઓએ એમની વિરુદ્ધ કેસો કર્યા હતા કે લડ્યા હતા એમની સામે પણ પગલાં લેવાની જાહેરાત કરી છે. હજુ બીજા કેવા કેવા એક્ઝિક્યુટિવ ઓર્ડર પ્રેસિડન્ટ ટ્રમ્પ બહાર પાડશે? ઇમિગ્રન્ટો સામે શું શું પગલાં લેશે એનો અમેરિકન સ્વપ્નું સેવતા વિશ્વના બધા જ લોકો વિચાર કરી રહ્યા છે.

ભારતીયો, જેઓ અમેરિકામાં ફરવા જાય છે, ભણવા જાય છે, થોડા સમય માટે નોકરી કરવા જાય છે યા ગ્રીનકાર્ડ મેળવીને ત્યાં કાયમ રહેતા હોય છે કે પછી ભારતની

નાગરિકતા ત્યજીને અમેરિકાના નાગરિક બની ચૂક્યા છે એ સૌએ ડોનાલ્ડ ટ્રમ્પના એક્ઝિક્યુટિવ ઓર્ડરો, એમના ઈમિગ્રન્ટો પ્રત્યેનાં જુદાં જુદાં પગલાંઓ, તેમજ એમના આચારવિચારો સારા છે? ખરા છે? કાયદેસરના છે? એની ચર્ચાવિચારણામાં પડવાનું ટાળવું જોઈએ.

તમે બી-૧/બી-૨ વિઝા ઉપર અમેરિકામાં પ્રવેશો યા અન્ય કોઈ પ્રકારના વિઝા ઉપર અમેરિકામાં દાખલ થાવ અને પછી અમેરિકા જેનો વિરોધ કરતું હોય એ દેશની વાહ વાહ કરો અને અમેરિકાને વખોડો, સ્ટુડન્ટ વિઝા ઉપર રાજકારણમાં ભાગ લો, અમેરિકાના વિશ્વના અન્ય દેશો પ્રત્યેના વલણને વખોડો અને અમેરિકાની વિરુદ્ધના દેશોના પક્ષમાં ભાષણો કરો, ત્રણ અઠવાડિયા જ અમેરિકામાં ફરવા જવું છે એવું જણાવીને બી-૧/બી-૨ વિઝા મેળવ્યા હોય અને પછી છ મહિના ત્યાં રહો, અમેરિકામાં ભણવા જાઓ એ માટેના ખર્ચાની રકમ હવાલા મારફતે મેળવો, સ્ટુડન્ટ વિઝા ઉપર શનિ-રવિની રજામાં ગેરકાનૂની નોકરી કરો, ગ્રીનકાર્ડ મેળવવા માટે અમેરિકન સિટીઝન યા ગ્રીનકાર્ડધારક જોડે બનાવટી લગ્ન કરો, ગર્ભવતી છો એ વાત છુપાવીને તમારા બાળકને અમેરિકાની ધરતી ઉપર જન્મ આપવા અમેરિકામાં બી-૧/બી-૨ વિઝા ઉપર પ્રવેશો, તમારા પોતાના દેશને વખોડો, ખોટા ખોટા આક્ષેપો કરો અને અમેરિકામાં અસાયલમની માગણી કરો, આ શું વાજબી છે? તમે કોઈ પણ કારણસર અમેરિકા જવા માગતા હોવ તો જો ત્યાં કાયદેસર જશો અને ત્યાંના કાયદાઓનું ઉલ્લંઘન નહીં કરો, અમેરિકાના રાજકારણમાં માથું નહીં મારો તો તમારે ચિંતા કરવાની કંઈ જ જરૂર નથી.

અમેરિકા જે તક અને છતનો દેશ છે જ્યાં તમે તમારા રૂપિયાના ડૉલર કરી શકો છો, કુશળતા હોય તો આકાશને આંબી શકો છો એ દેશમાં જવું હોય, ત્યાં રહેવું હોય અને પ્રાપ્ત સગવડો ભોગવવી હોય તો તમારે કાયદેસર અમેરિકામાં પ્રવેશવું જોઈએ. જે પ્રકારના કાર્ય માટે અમેરિકામાં પ્રવેશ્યા હોય એ જ કાર્ય કરવું જોઈએ. અમેરિકાના રાજકારણમાં દખલગીરી કરવી ન જોઈએ. આટલું કરશો તો પ્રમુખ ટ્રમ્પના એક્ઝિક્યુટિવ ઓર્ડરો, નિયમો અને કાયદાઓ તમને નડશે નહીં. જો ગેરકાયદેસર અમેરિકામાં જશો, રહેશો અને કામ કરશો, અમેરિકા વિરુદ્ધ પ્રચાર કરશો, તો એનાં પરિણામ જરૂરથી માઠાં આવશે.

***"વિશ્વવિહાર"માંથી સાભાર***

*ફોનમાં અને મનમાં બિનજરૂરી ડેટા સેવ ના કરો, સ્પીડ ઘટશે જ.*

## ભારતની મહિલાઓ પાસે અધધધ કહી શકાય તેટલું ૨૪૦૦૦ ટન સોનું

ટોચના પાંચ દેશોના કુલ સોના જેટલું ૨૪૦૦૦ ટન સોનું ભારતની મહિલાઓ પાસે જોવા મળે છે.

દક્ષિણ ભારતમાં કુલ સોનાના ૪૦ ટકા જેટલું સોનું છે.

માત્ર તામિલનાડુમાં જ ૨૮ ટકા સોનું છે.

દેશ આઝાદ થયાના ૭૭ વર્ષ થયા ત્યારે એ સમયે ભારતમાં સોનાનો ભાવ એક તોલાનો ૧૦૩ રૂપિયા હતો. ચાંદીનો એક કિલોનો ભાવ ૧૬૩ રૂપિયા હતો. ત્યારે ડોલર સામે માંડ બે રૂપિયા બોલાતા હતા.

સોનાની તેજીની અસર ક્યાં જઈને અટકશે તે કહેવું મુશ્કેલ છે.

*ભારતમાં દર પાંચ વર્ષે સોનાના ભાવ પર એક નજર*

| વર્ષ | રૂપિયા | વર્ષ | રૂપિયા |
|---|---|---|---|
| ૧૯૪૭ | ૧૦૩ | ૧૯૯૨ | ૪૩૩૪ |
| ૧૯૫૨ | ૮૯ | ૧૯૯૭ | ૪૭૭૦ |
| ૧૯૫૭ | ૧૦૫ | ૨૦૦૨ | ૭૮૫૦ |
| ૧૯૬૨ | ૧૧૯ | ૨૦૦૭ | ૧૯૩૦૦ |
| ૧૯૬૭ | ૮૩ | ૨૦૧૨ | ૫૫૭૦૦ |
| ૧૯૭૨ | ૨૦૨ | ૨૦૧૭ | ૩૭૮૨૫ |
| ૧૯૭૭ | ૬૫૫ | ૨૦૨૨ | ૫૫૧૦૦ |
| ૧૯૮૨ | ૧૧૭૫ | ૨૦૨૫ | ૯૨૭૦૦ |
| ૧૯૮૭ | ૨૫૭૦ | (૩૧ માર્ચ) | |

## હાઈકોર્ટના જજોની સંપત્તિ

સુપ્રીમના આદેશ અનુસાર ૧૧ એપ્રિલ ૨૦૨૫ સુધી માત્ર ૧૨ ટકા જજોએ જ પોતાની સંપત્તિ જાહેર કરેલ છે.

૧૮ હાઈકોર્ટના જજોની સંપત્તિની વિગતો વેબસાઈટ પર નથી.

હાઈકોર્ટોના કુલ ૭૬૨ જજોમાંથી માત્ર ૯૫ જજોની વિગતો જ વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

કેરળ હાઈકોર્ટના ૪૪ જજોમાંથી ૪૧ જજોએ પોતાની સંપત્તિ જાહેર કરેલ છે.

સુપ્રીમ કોર્ટના ૩૩ માંથી ૩૦ જજોએ મુખ્ય ન્યાયાધીશ સમક્ષ પોતાની સંપત્તિ જાહેર કરી છે.

ઇમિગ્રેશન બિલ-૨૦૨૫

# વિઝા-વિદેશી કાયદામાં થશે મોટા ફેરફાર
# લોકસભામાં રજૂ થયું ઇમિગ્રેશન બિલ ૨૦૨૫

ડૉ. મિહિર એમ. વોરા

લોકસભામાં ગુરૂવાર તા. ૨૭ માર્ચના રોજ ઇમિગ્રેશન એન્ડ ફોરેનર્સ બિલ ૨૦૨૫ પાસ થયું હતું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, 'સરકાર પ્રવાસીઓ તરીકે અથવા શિક્ષણ, આરોગ્ય અને વ્યવસાય માટે ભારત આવવા માગતા લોકોને આવકારવા તૈયાર છે, પરંતુ જેઓ ખતરો ઉભો કરે છે તેમની સાથે ગંભીરતાથી કાર્યવાહી કરવામાં આવશે.'

અમિત શાહે કહ્યું હતું કે, 'નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર ફક્ત એવા લોકોને ભારત આવતા અટકાવશે જેમના ઈરાદા ખોટા છે. દેશ કોઈ ધર્મશાળા નથી. જે લોકો રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ઉભો કરે છે તેમને દેશમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. જો કોઈ દેશના વિકાસમાં યોગદાન આપવા માટે દેશમાં આવે છે, તો તેનું હંમેશાં સ્વાગત છે.'

કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, 'પ્રસ્તાવિત કાયદો દેશની સુરક્ષાને મજબૂત બનાવશે, અર્થતંત્ર અને વેપારને વેગ આપશે તેમજ આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રોને ઉત્તેજીત કરશે. ઈમિગ્રેશન બિલ એ સુનિશ્ચિત કરશે કે દેશને ભારતમાં આવતા દરેક વિદેશી વિશે નવીનતમ માહિતી મળે!'

કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે લોકસભામાં તાજેતરમાં ઈમિગ્રેશન ઍન્ડ ફોરેનર્સ બિલ ૨૦૨૫ રજૂ કર્યું છે. આ બિલનો ઉદેશ ભારતમાં વિદેશીઓ માટે ઘડાયેલા કાયદાઓની ખામી દૂર કરી સુધારાઓ કરવાનો છે.

આ નવા બિલને સંસદમાં મંજૂરી મળી તો તે ફોરેનર્સ ઍક્ટ, ૧૯૪૬, પાસપોર્ટ (એન્ટ્રી ઇન ટુ ઇન્ડિયા) એક્ટ, ૧૯૨૦, રજિસ્ટ્રેશન ઓફ ફોરેનર્સ ઍક્ટ, ૧૯૩૯ અને ઈમિગ્રેશન (કરિયર લાયબિલિટી) ઍક્ટ, ૨૦૦૦નું સ્થાન લેશે. આ બિલનો ઉદ્દેશ રાષ્ટ્રીય સુરક્ષામાં વધારો કરવા, ઈમિગ્રેશન પર નિયંત્રણો લાદવા તેમજ વિદેશીઓના પ્રવેશ અને રોકાણ શરતોને વધુ કડક બનાવવાનો છે.

કેન્દ્રીય રાજ્ય ગૃહ મંત્રી નિત્યાનંદ રાયે દેશના ગૃહ મંત્રી અમિત શાહ તરફથી આ બિલ રજૂ કરતા કહ્યું હતું કે, હું અમિત શાહ તરફથી પ્રસ્તાવ મૂકી રહ્યો છું કે, ભારતમાં પ્રવેશતા અને બહાર જનારા વ્યક્તિઓના પાસપોર્ટ અને દસ્તાવેજોની જરૂરિયાતોને નિર્ધારિત કરતાં કેન્દ્ર સરકાર અમુક સત્તાઓ સોંપશે, તેમજ વિદેશીઓ દ્વારા ઈમિગ્રેશન કાયદાનો ભંગ ન થાય તેનું ધ્યાન રાખતી જોગવાઈઓ ઘડવામાં આવશે. જેમાં વિઝા અને રજિસ્ટ્રેશનની જરૂરિયાત સામેલ છે. ઈમિગ્રેશન અને ફોરેનર્સ બિલમાં જો કોઈ વિદેશી દ્વારા રાષ્ટ્રની સુરક્ષા, સાર્વભૌમત્વ અને પ્રામાણિકતા પર જોખમ ઊભું થાય તો તેવા વિદેશી નાગરિકને દેશમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. વધુમાં વિદેશીઓના આગમન પર રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવાશે. જેથી તેઓ પ્રતિબંધિત અને સુરક્ષિત વિસ્તારોની મુલાકાત રજિસ્ટ્રેશનના આધારે લઈ શકે. પ્રત્યેક શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો અને નર્સિંગ હોમ્સે પોતાને ત્યાં દાખલ વિદેશી નાગરિકની માહિતી અવશ્યપણે ઈમિગ્રેશન ઓથોરીટીને આપવી પડશે.

આ બિલમાં નિયમોનું ભંગ કરનારાઓ માટે ભારે દંડની જોગવાઈ છે. ભારતમાં પાસપોર્ટ તથા વિઝા વિના પ્રવેશવા પર પાંચ વર્ષની જેલની સજા અને રૂપિયા પાંચ લાખ સુધીનો દંડ થઈ શકે છે. નકલી ડૉક્યુમેન્ટ્સ પર પ્રવેશ કરનારાઓને બેથી સાત વર્ષની જેલની સજા તથા રૂપિયા એકથી દસ લાખ સુધીનો દંડ થઈ શકે છે. વિઝાની શરતોનું ઉલ્લંઘન કરવા તેમજ પ્રતિબંધિત વિસ્તારોમાં ઘૂસણખોરીના બદલે ત્રણ વર્ષની સજા અને રૂપિયા ૩ લાખનો દંડ થઈ શકે છે.

ગૃહમંત્રી અમિત શાહે લોકસભામાં ઈમિગ્રેશન અને વિદેશી બિલ ૨૦૨૫ પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, 'રોહિંગ્યા હોય કે બાંગ્લાદેશી, જો તેઓ ભારતને નુકસાન પહોંચાડવાની માનસિકતા સાથે આવશે તો તેમની સાથે ખૂબ જ કડક કાર્યવાહી કરવામાં આવશે. જો કોઈ યોગદાન આપવા આગળ આવે તો તેનું સ્વાગત છે. આ નીતિમાં ઉદારતા અને કડકતા બંનેની જરૂર છે. ભારત આવતા તમામ વિદેશી નાગરિકોના અપડેટ્સ જાળવવામાં આવશે. તેઓ કયા રસ્તેથી આવી રહ્યા છે? ક્યાં રોકાઈ રહ્યા છે? શું કરી રહ્યા છે તેની માહિતી અપડેટ કરવામાં આવશે. મોદીજીનું લક્ષ્ય ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત બનાવવાનું છે અને આને ધ્યાનમાં રાખીને છેલ્લા ૧૦ વર્ષમાં આ ગૃહમાં અનેક બિલ આવ્યા છે.

અમે દરેક ક્ષેત્રમાં દરેક કાયદાને મજબૂત બનાવવા માટે કામ કર્યું છે. આજે હું આ બિલ લઈને આવ્યો છું. જેના દ્વારા સંશોધનના ક્ષેત્રમાં R & D કરનારા અને ત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનાવનારાઓને ઉદાર પદ્ધતિ મળશે. ઈમિગ્રેશન એક્ટ બ્રિટીશરોએ બનાવ્યો હતો માળખાગત સુવિધાઓના ક્ષેત્રમાં પણ ઘણા ક્ષેત્રોમાં સંશોધનની જોગવાઈ હશે. હાલમાં, ચારેય કાયદાઓમાં ઘણી ગોઠવણો છૂટીછવાઈ છે. આ એક જ બિલ ચાર કાયદાઓને રદ કરશે અને તેમને એક કાયદામાં રૂપાંતરિત કરશે. ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાના લક્ષ્ય તરફ આગળ વધશે. આમાં એક મજબૂત ઈમિગ્રેશન

નીતિનું ખૂબ મહત્ત્વ છે.

આ અમારી સિસ્ટમને સરળ બનાવશે અને વધુ વિશ્વસનીય પણ બનાવશે. તેને ત્રણ વર્ષના ઊંડા વિચાર પછી ડિઝાઇન કરવામાં આવ્યું છે. રાજકીય કારણોસર આનો વિરોધ ન કરવો જોઈએ. ભારત આવતા મુસાફરોનો ડેટાબેઝ બનાવવામાં આવશે, પ્રવાસન ક્ષેત્રનો પણ વિકાસ થશે. આ બિલ વૈશ્વિક બ્રાન્ડિંગ વધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. રોકાણ, રોજગાર અને GDPના ક્ષેત્રોમાં મોટા ફાયદા થશે. ભારતનું નામ વિશ્વભરમાં ફેલાવવાના કામની ગતિ વધુ વધશે. રોગોને દબાવવાને બદલે, રોગમુક્ત માનવ શરીર બનાવવાનો અમારો પ્રાચીન વિચાર હતો, જેને આજે આખી દુનિયા પસંદ કરી રહી છે. સુરક્ષાના દૃષ્ટિકોણથી, અમે આ બિલમાં ડ્રગ કાર્ટેલ, ઘૂસણખોરોના કાર્ટેલ અને હવાલાના વેપારીઓને નાબૂદ કરવા માટે વ્યવસ્થા કરી રહ્યા છીએ

પાસપોર્ટ કાયદો પાસપોર્ટ-વિઝાની જરૂરિયાતને મજબૂત બનાવશે અને વિદેશીઓની નોંધણીને વધુ કડક બનાવશે. ઇમિગ્રેશન એક્ટ ૨૦૦૨ પણ કેટલાક ફેરફારો સાથે સામેલ કરવામાં આવ્યો છે. ૧૯૨૦, ૧૯૩૦ અને ૧૯૪૬ના કાયદા બ્રિટીશ સંસદમાં બનાવવામાં આવ્યા હતા.

આપણા દેશની આટલી મહત્ત્વપૂર્ણ નીતિ જે સુરક્ષા, વિકાસ સુનિશ્ચિત કરે છે. વિદેશી સાંસદો દ્વારા આ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આજે ૩૦ સાંસદોએ પોતાના મંતવ્યો આપ્યા છે અને એક પણ સાંસદ વિદેશથી નથી. સંસદ પણ આપણી છે. આ ગર્વની વાત છે.

આ અમૃતકાલમાં ભારતના હિત માટે બનાવવામાં આવ્યું છે. ડેટા મેનેજમેન્ટ અને માન્યતાની જટિલતા દૂર થાય છે. અધિકારક્ષેત્ર પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. એક જ બિલ આ કાનૂની મૂંઝવણનો અંત લાવશે.'

અમિત શાહે કહ્યું, 'આ ભારતના ભલા માટે આવનારા લોકોને લાગુ નહીં પડે.' કોંગ્રેસના સાંસદ મનીષ તિવારીએ વિદેશી નાગરિકને દેશમાં પ્રવેશતા અટકાવવાના અધિકાર અંગે ઉઠાવેલા સવાલનો જવાબ શાહ આપી રહ્યા હતા.

શાહે કહ્યું કે, અગાઉ પણ આ અધિકાર કાયદા હેઠળ અધિકારીઓ પાસે હતો. ૨૦૧૯માં અમે આ પ્રથા બનાવી હતી કે ૨૪ પોઈન્ટની સંપૂર્ણ તપાસ પછી જ વ્યક્તિને રોકી શકાય છે. કોઈને પણ છૂટ આપવામાં આવી નથી. હેડ કોન્સ્ટેબલ મૃત્યુદંડની સજા પામેલા ગુનેગારોની પણ તપાસ કરે છે.

બંધારણ બનાવવામાં આવ્યું અને અમે બંધારણ હેઠળ વિજયી થયા. કેટલાક મંત્રી બન્યા. કેટલાક વિપક્ષી નેતા બન્યા. જ્યાં પણ દેશની સુરક્ષા જોખમમાં હોય, ત્યાં કોર્ટ જ એકમાત્ર ઉપાય છે. આમાં અપીલ કરવાનો કોઈ અધિકાર નથી. આ ભારતના ભલા માટે જે આવે છે તેના પર લાગુ પડશે નહીં. આ તે લોકોને લાગુ પડશે જેઓ સુરક્ષા માટે ખતરો ઉભો કરે છે.

આનાથી યુનિવર્સિટી પર કોઈ બોજ પડશે નહીં. બધું ઓનલાઈન છે. અમારી યુનિવર્સિટીમાં આટલા બધા વિદેશીઓ અભ્યાસ કરે છે તેનો એક રીપોર્ટ આપી શકતા નથી. શા માટે છુપાવવું? તેના વિશે માહિતી મેળવવી એ સરકારનો અધિકાર છે.

ગૃહમંત્રીએ કહ્યું કે, ઇમિગ્રેશન અને ફોરેનર્સ બિલ ૨૦૨૫ કાયદો ૩૬ કલમોમાં બનેલો હશે. અત્યાર સુધી જો એજન્સીઓ બ્લેકલિસ્ટ કરતી હતી, તો તેનું કોઈ સમર્થન નહોતું. આ કાયદામાં તેને વૈધાનિક સ્વરૂપ આપવાનું કામ કરવામાં આવ્યું છે.

જો કોઈ ઍરપોર્ટ કે બંદર સિવાય બીજે ક્યાંયથી આવે છે, તો તેને ગેરકાયદેસર ગણવામાં આવશે. આ કાયદો પ્રતિબંધિત સ્થળોની મુલાકાત લેવાની પણ મનાઈ ફરમાવે છે. આપણી સરહદ પર કેટલાક સંવેદનશીલ સ્થળો છે, ત્યાં સૈન્ય મથકો છે. આપણે તેમને આખી દુનિયા માટે ખુલ્લા છોડી શકીએ નહીં.

તે પહેલા પણ બંધ કરવામાં આવ્યું હતું, પરંતુ ત્યારે કોઈ નિયમ નહોતો. આપણી પાસે નિયમો બનાવીને આને રોકવાની હિંમત છે. વૈજ્ઞાનિક રીતે સમગ્ર વ્યવસ્થાને કાયદામાં બાંધવાનું કામ કરવામાં આવ્યું છે.

૨૦૦૫ માં પાંચ દેશોને ઓનલાઈન પ્રવાસી વિઝા આપવાની સુવિધા શરૂ કરવામાં આવી હતી. ૨૦૧૦ સુધીમાં આ સેવા સાત દેશોમાં અને ૨૦૧૪ સુધીમાં ૧૦ દેશોમાં વિસ્તૃત કરવામાં આવી. અમે તેને ૧૬૯ દેશોમાં વિસ્તારવાનું કામ કર્યું છે.

વિઝાની દરેક શ્રેણીનો ઉલ્લેખ કરતા શાહે કહ્યું કે, અમે વિદેશીઓના આગમનને સરળ બનાવ્યું છે. અમે ફક્ત એવા લોકોને રોકવા માંગીએ છીએ જેમના વિચારો ખોટા છે.

કોઈએ કહ્યું કે, કોણ નક્કી કરશે? તો તેના જવાબમાં કહેવામાં આવ્યું કે, ભારત સરકાર નક્કી કરશે. અમે સરકારમાં હોવાથી નિર્ણય લઈશું. અમે બધા એરપોર્ટને જોડવાનું કામ પૂર્ણ કરી લીધું છે. ઘણા લોકોએ ઇમિગ્રેશન ચેક પોઇન્ટને આધુનિક બનાવવાની યોજનાઓ પણ બનાવી છે. અમે આઠ એરપોર્ટ પર ફાસ્ટેગ ઇમિગ્રેશન પેસેન્જર પ્રોગ્રામ લાગુ કર્યો છે, જેમાં ૩૦ સેકન્ડનો સમય લાગશે. અમે ઇમિગ્રેશન ચેકપોઇન્ટમાં ૭૩% વધારો કર્યો છે. ૨૦૨૪ માં ૮ કરોડ ૧૨ લાખ મુવમેન્ટ થયા હતા.

*સંદર્ભ : વિવિધ અખબારી અહેવાલ અને ઇમિગ્રેશન બિલનો મુસદ્દો*

*"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,*
*વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫*

જીવન જીવવાની મજા

# ૮-એસ નો સરવાળો એટલે ૬૫ વર્ષ પછી જીવન જીવવાની મજા

ડૉ. કમલેશ એન. શાહ

મિત્રો, આપણી જિંદગી ખરેખર ૩૫-૪૦ વર્ષે શરૂ થાય છે. જ્યારે જીવન ૬૫ વર્ષની ઉંમર પછી better થતું જાય છે. આ લેખમાં જે ૮-S ના સરવાળાની વાત કરી છે તે પહેલાં ૬૫ વર્ષ પછી આપણી પાસે જીવન જીવવાના ૨ રસ્તા છે : (૧) ફરિયાદ કરતાં કરતાં જીવો. મતલબ માનનીય શ્રી ગુણવંત શાહ સાહેબની રીતે કહીએ તો મરતાં મરતાં જીવો. (૨) પરિસ્થિતિનો સ્વીકાર કરીને જીવો. એટલે જીવતાં જીવતાં મરો. હવે જોઈએ ૮ એસ (S) જેનો સરવાળો આપણને સરસ મજાનો મુરબ્બો આપે છે તે છે : સ્વીકાર, સ્વાસ્થ્ય, સંયમ, સંસ્કાર, સત્સંગ, શ્રધ્ધા, સેવા ને શેરીંગ. બધાના અર્થ સમજીએ તે પહેલાં આ પંક્તિઓના ઊંડાણમાં જઈએ...

B એટલે Birth ને D એટલે Death – આ બેમાંથી એક પણ આપણા હાથમાં નથી

B ને Dની વચ્ચે આવે C એટલે Choice – જે આપણા હાથમાં છે, તો ચાલો જીવી બતાવીએ.

**(૧) સ્વીકાર :** આપણે હવે મોટીવેશન માટે નથી. મતલબ વડીલ થતાં શીખો. ફેમિલી બિઝનેસ હોય તો દીકરાના હાથમાં મૂકો ને ઘર દીકરાની વહુ સંભાળી લેશે. મહાભારતના પાંચ પાંડવોમાં પાંચમાં સહદેવની જેમ જીવીએ - "પૂછે તો જ બોલવું." નવી પેઢીની વિચારધારા અલગ છે. સંઘર્ષ ન થવો જોઈએ. ગૌરવપૂર્ણ રીતે જીવો. પ્રોફેશનલ હોઈએ તો પોતાના વ્યવસાયમાં ક્યાં કેટલું અટકવું તે શીખી લેવું પડશે.

**(૨) સ્વાસ્થ્ય (હેલ્થ) :** રોજે રોજ ચાલવું - યોગ કે કસરત કરવી. એકલતા ન આવે તેમ કરવું પડશે. ઘરમાં નાની નાની બાબતોમાં ધ્યાન આપવું નહિ. મને પૂછ્યું નહિ એવી અપેક્ષા ન રાખવી. નહિતર, ફિઝીકલ માનસિક અને ઈમોનેશનલ હેલ્થ બગડશે. હેલ્થ અને વ્યવહાર બગડે તેનું મુખ્ય કારણ છે જીભ.

**(૩) સંયમ :** અપેક્ષાઓ ઓછી રાખવી. પેટને અનુકૂળ આવે તે જમવાનું. ઘરમાં તમે વધારાની વ્યક્તિ છો તેવુ ના લાગવું જોઈએ. અકળાવું નહીં. તેમ ન થાય તો Irritaion વધે. વારંવાર ટોકવાનું નહીં. હંમેશાં Smile આપતા રહેવું. તમારી ટોકા ટોક કેટલી વાર સાંભળે ને સહન કરે, નહિતર પ્રશ્નો તો થશે જ. તો શું કરવાનું સમજી લઈએ...

*જતું કરો, જાતે કરો ને જોયા કરો*
*સાહેબ જિંદગી જીવવા જેવી લાગશે.*

**(૪) શ્રદ્ધા :** નામ સ્મરણ જીવન જીવવાનો ધ્યેય બની શકે. ભક્તિમાં મન પરોવવાનું. શું ફાયદા થાય? વિજ્ઞાનની રીતે ફિલાડેલ્ફિયામાં પ્રયોગ થયો. સેમ્પલ સર્વે ૮૦૦૦ વ્યક્તિઓ. જેમાં ૪-૧૨ વર્ષના ૨૦૦૦, ૧૩ થી ૨૨ વર્ષમાં ૨ હજાર, ૨૩ થી ૬૦ વર્ષના ૨૦૦૦ અને ૯૦ વર્ષથી ઉપરની ઉંમરના ૨૦૦૦. દરેકના સાયકો ન્યુરો સોફ્ટવેર (૨.૦) થી તથા એમ.આર.આઈ. દ્વારા મેપિંગ કરી, ન્યુરોટ્રાન્સમિટર સ્ત્રાવોના આધારે અઠવાડિયા સુધી દરેક ઉંમરની વ્યક્તિઓના ૧૨ મિનિટ રોજ નામ સ્મરણના આધારે અભ્યાસ થયો. અભ્યાસના તારણો...

(૧) દરેક ઉંમરે યાદશક્તિમાં ૨૫ ટકાનો વધારો.
(૨) બીજી કેટેગરીમાં Confidenceમાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો.
(૩) ત્રીજી કેટેગરીમાં બફર શક્તિ એટલે દુ:ખ સહન કરવાની શક્તિમાં ૧૫થી ૨૦ ટકા વધારો.
(૪) ૬૦ વર્ષથી વધારે ઉંમરવાળામાં રોગ પ્રતિકારક શક્તિમાં વધારો. ૪૦ ટકા વ્યક્તિઓમાં હૃદયરોગ થવાની શક્યતામાં ઘટાડો. હકારાત્મક વિચારોમાં રહે. છેલ્લી અવસ્થા સુધી પરિવારની વ્યક્તિઓને ઓળખી શક્યા ને સહિષ્ણુતા તથ પ્રેમથી વર્તી શક્યા. (બધી જનરેશન સાથે)

**(૫) સેવા :** તમે રીટાયર્ડ છો. સારો સમય પસાર કરવો છે તો તમારી આસપાસ નજર કરી કોઈપણ મંદિર, હોસ્પિટલ, ગૌશાળા, બ્લડબેંકમાં માનદ સેવા આપવા માટે જવુ. મનને પ્રફુલ્લિત રાખવું. આખી જિંદગી લાલ લાઈટવાળી ગાડીઓમાં ફરનારાને ગૌશાળા કે મંદિરમાં કચરો વાળતા જોયા છે તેવું જાણીતા વક્તા પૂ. જ્ઞાનવત્સલ સ્વામિનું કહેવું છે. કોઈપણ જાતની અપેક્ષા રાખ્યા વિના ખુશ રહેવા અને ચહેરા ઉપર સંતોષની લાગણી ફેલાયેલી જોવા આ જરૂર છે, ના થાક ન કંટાળો - આનંદિત રહેવાય. કોઈકે સાચું જ કહ્યું છે કે, ***આવતીકાલે આપણી પાસે બહુ સમય હશે એ આપણા જીવનનો સૌથી મોટો ભ્રમ છે.***

**(૬) શેરીંગ :** આદાન પ્રદાન - બધી જ વિગતો તમારા કુટુંબની વ્યક્તિઓને જણાવો. મિલકતો હોય તો વિલ બરોબર બનાવીને જજો. રજિસ્ટર કરાવજો. રૂપિયા માટે ૬૫ વર્ષ પછી Leave it or Give it. કશુંજ સાથે આવતું નથી. તમારી

(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૫ ઉપર)

જૈન ધર્મના સિદ્ધાંતો

# તમારી દૃષ્ટિએ કોણ શ્રેષ્ઠ?

મહેન્દ્ર લખમશીભાઈ મોતા

*જેણે ફૂંક્યાં અતિ ઓછી જરૂરિયાતનાં બણગા,*
*તેણે રાખ્યા અતિ વધુ જરૂરિયાતને અળગા.*

કોલસા બળતણ કરતાં ડીઝલ એન્જિન સારું પડે. છૂટી પડતી ડીઝલની રાસાયણિક ઉર્જા વિદ્યુત ઉર્જામાં રૂપાંતર પામે અને વિદ્યુર મોટર પૈડાંને ગતિ આપે છે. હવે હાઈડ્રોજન સંચાલિત એન્જિનથી દોડતી ટ્રેનને ઈલેક્ટ્રિક દોરડાં અને થાંભલાની જરૂર પડતી નથી. ડબ્બાનું વજન ખેંચવા અને ગતિ આપવાના સંચાલન માટે કયું એન્જિન શ્રેષ્ઠ?

જૈન તીર્થંકર ભગવંતોએ પોતાના શરીરના સંચાલન માટે ફક્ત ત્રણ જરૂરિયાતો મેળવી : (૧) ખોરાક લીધા વિના માત્ર સૂર્યપ્રકાશમાંથી ઉર્જા શક્તિ મેળવી, (૨) પાણી, (૩) હવા. જૈન ગુરૂ ભગવંતો શરીર પર કોઈ વસ્ત્ર ધારણ કરતા નહોતા. તે દિગંબર ગુરૂ ભગવંતો પોતાના શરીર સંચાલન માટે (૧) ખોરાક, (૨) પાણી, (૩) હવા જરૂરિયાતો મેળવી. શ્વેતાંબર ગુરૂ ભગવંતોએ શરીર સંચાલન માટે (૧) વસ્ત્ર, (૨) ખોરાક, (૩) પાણી, (૪) હવા જરૂરિયાતો મેળવી. હવામાં શ્વાસ લેતી વખતે કોઈ જીવ ન હણાય તે માટે સ્થાનકવાસી ગુરૂ ભગવંતોએ શરીરના સંચાલન માટે (૧) મુહપત્તિ, (૨) વસ્ત્ર, (૩) ખોરાક, (૪) પાણી, (૫) હવા જરૂરિયાતો મેળવી. તેઓ દેરાસરનું નિર્માણ કરવામાં તથા દીવો પ્રગટાવવામાં માનતા નથી.

હું વર્ષ ૧૯૬૨માં પહેલીવાર નલિયા - કચ્છમાં ગયો હતો. તે સમયે ત્યાં પણ સવારના ચા-દૂધને રોટલા, બપોરના રોટલી/રોટલા, શાક અને છાસ અને સાંજના ખીચડી, કઢી અને રોટલાનો જમવામાં 'ત્રણ' વાનગીનો ઉપયોગ કરતા હતા. તેમજ કોઈ પણ શુભ અવસરની ખુશાલીમાં જમણવારમાં ફાડાનો શીરો, રસાવાળા વઘારિયા, ભાત – ત્રણ વાનગી પીરસાતી હતી. ધનિક દાતા હોય તો લાડું અને ભજીયાની વાનગીનો ઉમેરો થતો હતો પણ અતિ ધનિક દાતા હોય તો વધારે વાનગીના બદલે સમાજ ઉપયોગી લહાણી કરવાનું કહેવામાં આવતું હતું. કારણ? કચ્છમાં પાની (પાણી), માની (ખોરાક), વાણી – ત્રણનો ઓછી માત્રામાં ઉપયોગ કરવાનો આગ્રહ રાખતા હતા. વંદનીય શ્રી નરશી નાથા કચ્છી જૈન બાલાશ્રમ - નલિયામાં પણ જમવામાં ત્રણ વાનગી, જમવા માટે ફક્ત વાસણો – થાળી, વાટકો, લોટો. વાસણો કપડા, ચોપડાં રાખવા માટે એક કબાટમાં ખાના પણ ત્રણ હતા.

જૈનની ત્રણ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અંગ્રેજોએ પણ હોંશિયાર કે સાવચેત કરવા વન-ટુ-થ્રી નો આદેશ કરતા હતા. તેવી રીતે કોઈ પણ વ્યક્તિ કૂવામાં કૂદકો મારે તો બચવા માટે કૂવાનું પાણી તેને ત્રણવાર સપાટી પર લાવે છે. મહાત્મા ગાંધીજીએ ત્રણ વાંદરાના માધ્યમ દ્વારા કહ્યું હતું : બૂરું ના જુઓ – બૂરું ના બોલો – બૂરું ના સાંભળો.

***<u>ચોખવટ</u>*** : ચોવીસ તીર્થંકરો. તેઓ ધરતી પર માના પેટે અવતાર લઈ રાજા-મહારાજા ક્ષત્રિય - આર્ય તરીકે આવ્યા તેમજ આ લેખ નિરીક્ષણ, અવલોકન, અનુભવો સહિત તર્ક સાથે લખાયેલ છે.

મેરા જૈન ધર્મ મહાન!

કેવી રીતે મહાન?

રાજમહેલની સંપૂર્ણ સુખ સુવિધાઓ હોવા છતાં તીર્થંકરોને મનુષ્યનાં દુઃખોનો આભાસ થઈ ગયો હતો કે બીમારી, વૃદ્ધત્વ અને મૃત્યુને જોઈને ખબર પડી કે માનવ જીવન દુઃખોથી ભરપૂર છે. તેથી ચોવીસ તીર્થંકર ભગવંતો રાજપાટનો ત્યાગ કરી સંન્યસ્ત લઈ કઠોર સાધના કરવા વનમાં ગયા.

તેઓ વનમાં વિહાર કરતાં કરતાં સાથે ધ્યાનથી નિરીક્ષણ પણ કરતાં જોયું કે વન્ય જીવસૃષ્ટિમાં ખોરાક અને રક્ષણ મેળવવા જાતજાતની અજાયબભરી યુક્તિઓ હતી. જીવજંતુઓમાં શારીરિક શક્તિ ઓછી હોય છતાંય પોતાની જાતનું રક્ષણ કરી શકે અને ખોરાક મેળવી શકે તેવી અદ્‌ભુત કુદરતી શક્તિઓ છે. આગિયા જીવડાં રાત્રિના અંધકારમય વાતાવરણમાં પ્રકાશ વેરતા - ઝળકતાં ઊડતા જોયાં, તેમાં તેમણે અગ્નિ સિવાય પ્રકાશ મેળવવાની પ્રેરણા લીધી.

નાના જંતુઓ પણ જમીનમાં જાતજાતના દર અને રાફડા બનાવીને રહે છે. નાનકડા જીવો ઘણી આશ્ચર્યજનક કારીગરી ધરાવે છે. તેમાંય લાકડાને કોરી ખાતી કીડી જેવડી ઊધઈની અદ્‌ભુત કારીગરી જોઈને ખૂબ જ સલામત અને હુંફાળા ઘર બનાવવાની પ્રેરણા મળી.

પક્ષીઓને હવામાન, વરસાદ, ગરમી, ઠંડી અન્ય શિકારી પક્ષીઓથી કે સાપથી સૌથી વધુ રક્ષણ મેળવવું પડતું અને ઈંડાં પણ સાચવવા પડે છે. આ માટે પક્ષીઓને વિવિધ પ્રકારના માળા બાંધવાની કળા કુદરતે બક્ષેલી છે. તેમાંય સુગરીનો પાણીથી રક્ષિત (વોટરપ્રુફ) માળો જાણીતો છે. કેવી અદ્‌ભુત

સમજ, આર્ટવર્ક, એન્જિનિયરીંગવાળું મગજ છે! પછી કોણ કહે પશુ-પંખીઓ - જીવજંતુઓમાં સમજ કે બુદ્ધિ (આદિ માનવના સમયે આપણા કરતાં વધારે હતી) નથી હોતી! દેડકો ચોમાસા સિવાય જમીનમાં સુષુપ્ત અવસ્થામાં ખોરાક લીધા સિવાય કેમ જીવન વિતાવે છે. સતત વરસતા વર્ષા સમયે કોઈ પણ પક્ષીઓ માળામાંથી બહાર નીકળતા નથી, તેનું પણ નિરીક્ષણ કરેલ.

છેલ્લે તીર્થંકરજી એક ઝાડ નીચે ધ્યાનમગ્ન હતા. તે સમયે તેમની થોડે દૂર નાનો છોડ ઊગેલો હતો. સંજોગોવશાત તે છોડને સૂર્યનો પ્રકાશ મળતો બંધ થઈ ગયો. પરિણામે દિન પ્રતિદિન તે છોડ પીળો પડતો જતો હતો. તીર્થંકરજીએ તે છોડને ઉપાડી જ્યાં સૂર્યનો પ્રકાશ પડતો હતો ત્યાં રોપી દીધો. સમય જતાં તે છોડ લીલોછમ ઉગતો થઈ ગયો.

સતત નિરીક્ષણ, અવલોકન, મનન તેમજ ઘોર સાધના થકી તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયેલ છે અને શ્રી પ્રભુજી બન્યા. વનસ્પતિમાં જીવ છે અને તે પણ સૂર્ય પ્રકાશમાંથી ઉર્જા મેળવે છે. હું પણ સૂર્યપ્રકાશમાંથી ઉર્જા કેમ ન મેળવું? ત્યારથી સૂર્ય પ્રકાશમાંથી ઉર્જા મેળવતા થયા અને ગોચરી વહોરાવવા માટે વસતીમાં જવાની મુક્તિ મેળવે છે. તેઓ પ્રાતઃ અને સંધ્યા સમયે સૂર્ય કિરણોમાંથી ઉર્જા મેળવવા માટે ઉચ્ચ સ્થળ (ડુંગર) તરફ વિચરે છે.

ઠંડી, ગરમી, બરફીલા વર્ષા, પવનના સૂસવાટા, વીજળીની ચમક વગેરે વૃક્ષની જેમ નિર્વસ્ત્ર. તેમાંથી તેઓ પસાર થયેલા તેમજ કાનમાં શૂળ ભોંક્યા જેવી યાતના, ઠોકર, મુશ્કેલીઓ, હાડમારીઓ અને કઠણાઈનો સામનો કરેલ છે. ત્યારે ધીરજ, હિંમત અને સહનશીલતા જેવા ગુણો મહેલ કે સંસારમાં રહેવાથી આપમેળે નથી વિકસતા. તેના માટે તે યાતનાભરી જિંદગી જોઈએ છે. ત્યારે પૃથ્વી ઉપર જીવસૃષ્ટિમાં વધુ આયુષ્ય – ત્રણસોથી અધિક આયુષ્ય ભોગવવામાં પ્રથમ નંબરે વૃક્ષો આવે છે. પછી બીજા નંબરે બસ્સોથી અધિક આયુષ્ય ભોગવવામાં શ્રી પ્રભુજી આવે છે.

એક ભયંકર વનમાં પ્રભુજી વિચરતા હતા ત્યારે માર્ગમાં કાળોતર નાગ પ્રભુના પગમાં ડંખ આપે છે. પરંતુ ડંખનો ઝેર પગમાં પ્રસરતો નથી. કેમ? ભારતભરના દેરાસરમાં તમામ પ્રભુની પ્રતિમા પદ્માસનવાળી બેઠેલા જણાય છે. જે પ્રભુજી પદ્માસન વાળી જાણે તે યોગાસન - પ્રાણાયામ પણ કરી જાણે, તે યોગાસન વડે જ્યાં ડંખ માર્યો તે ભાગને નિષ્ક્રિય કરતાં તે ઝેર પગમાં પ્રસરતું નથી.

કુદરતનાં અનેક ગૂઢ રહસ્યોને નિહાળી અને ઉકેલી જીવન સમૃદ્ધ બનાવ્યું. આદિ માનવના જીવને સુખી અને સમૃદ્ધ બનાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપેલ છે. તે આદિમાનવ પોતપોતાના જીવનનો પૂરેપૂરો આનંદ માણે તેમજ તેમના ઉપદેશ થકી આદિમાનવ અપૂર્ણતાથી પૂર્ણતા તરફ વધ્યા. આથી ભારતની ભવ્ય સંસ્કૃતિનું નિર્માણ થયું. ત્યારબાદ તક્ષશિલા અને નાલંદા વિદ્યાપીઠ સ્થપાઈ.

'મંગલ મંદિર'ના ડિસેમ્બર ૨૦૦૬ અંકના પાના નં.- ૨૭ ઉપર "પ્રભુ" – મારા લેખના અંતમાં લખેલ છે કે જૈન ધર્મ આધારિત અસ્ત્ર, શસ્ત્ર વગર, સત્ય અને અહિંસાથી શ્રી મહાત્મા ગાંધીજીએ ભારતને આઝાદી અપાવી હતી. તેથી ભારત અને વિદેશમાં શ્રી મહાત્મા ગાંધીજીના પૂતળાને તેમના સન્માનાર્થે ફૂલહાર પહેરાવવામાં આવે છે. તેવી જ રીતે જૈન ધર્મીઓ આ ચોવીસ શ્રીપ્રભુજી પ્રત્યેના સન્માનાર્થે ભારતમાં ડુંગર પર કે અન્ય સ્થળે સુંદર કોતરણીવાળાં દેરાસર નિર્માણ કરી તેની અંદર શ્રી પ્રભુજીની પ્રતિમા પધરાવીને પૂજા અર્ચના કરે છે. શા માટે?

જીવન-મરણના ચક્રમાં મુક્તિ અપાવે અને જીવનકાળમાં માનવીને સન્માર્ગે જીવન વિતાવવામાં માર્ગદર્શક હતા. તેઓના સમયે ચોમાસામાં કાચા માર્ગમાં પગ ખૂંપી જતાં ત્યારે પગ નીચે જીવજંતુઓ મરે કે કરડે નહીં તે માટે ચોમાસા (ચાતુર્માસ) દરમિયાન સુરક્ષિત સ્થળે ધર્મમાં મન પરોવવું. એટલે સારા વિચાર કરવા, બ્રહ્મચર્યનું પાલન કરવું, બને તો એકાસણા, બ્યાસણા, ઉપવાસની ક્રિયા કરવાથી શરીર સ્વાસ્થ્યની જાળવણી, દેહશુદ્ધિ થતી હતી. સમય જતાં આજના સમયે જૈન ધર્મીઓ પર્યુષણ પર્વમાં ધર્મની આરાધના કરે છે. સત્ય, અહિંસા, ત્યાગ, સંયમ, પ્રામાણિકતા વગેરે સદ્‌ગુણ નિયમોના તેઓ સર્જક હતા. આ નિયમોનું પાલન કરવાથી ચિંતા, અહમ્, ઉચાટ, અજંપો અને અશાંતિ જેવા ખરાબ અને નબળાં તત્ત્વોનો નાશ થાય છે અને જીવનમાં શાંતિ, સંતોષ, આનંદ, ચિંતા મુક્ત જીવન જીવાશે.

પૂર્વજોના સમયનાં જૈન ધર્મીઓને શ્રીપ્રભુજીના દેરાસર પ્રત્યે એટલો ભક્તિપ્રેમ હતો કે દેરાસરની ધ્વજ ટોચ કરતાં પોતાના નિવાસ સ્થાન નીચા બાંધતા હતા. આજના સમયમાં આ જ વાતને લોકોને સમજાવવાની જરૂર નથી કે શ્રી પ્રભુજીની બેઠક ઉચ્ચ સ્થાને, તેમના કરતાં નીચે ગુરૂ ભગવંતો, પછી આપણું સ્થાન હોય છે. તે સમયે હિંસક પ્રાણીઓથી રક્ષણ માટે ઘરનાં આંગણે ઢોરો બાંધતા હતા. ઝાડમાંથી શુદ્ધ ઓક્સિજન નીચે તરફ હોય છે, તેનો પણ લાભ મળતો. ઊંચાઈ પર રહેલા દેરાસરનાં દસ કે પંદર પગથિયાં ચડવા-ઉતરવાથી શરીરને કસરત મળતી હતી. પ્રભુનાં દર્શન કર્યા પછી ત્રણ ખમાસણા તેમજ સામાયિક કે પ્રતિક્રમણમાં પણ ખમાસણા અવાર-નવાર

કરવાથી તેઓ હાર્ટ એટેકથી ભયમુક્ત હતા. પગથિયાની બંને બાજુ મૂકેલા હાથીના પૂતળાના દર્શન થાય છે કારણકે હાથીઓની મદદથી ખૂબ જ દૂરથી વજનદાર શિલાઓ ઊંચકી દેરાસરોનું નિર્માણ થયું છે. દેરાસરમાં ટીંગાયેલા ઘંટના ડંકાના ધ્વનિથી જીવજંતુઓ દૂર ભાગે. ઘંટના ડંકા નિયત સમયે વગાડવાથી સમયની જાણકારી થતી હતી, સંકટના સમયે ઘંટના સતત ડંકા વગાડવાથી દૂર ગયેલા ગ્રામજનોને ભયની ચેતવણી મળતી હતી.

- **ગુરૂ ભગવંતો (શ્રી ગુરૂદેવ) :**

આદિ માનવના સમયના લોકોને કોઈ માહિતી, સમાચાર કે આરોગ્ય જેવી સમસ્યા માટે શ્રી ગુરૂદેવની રાહ જોવી પડતી હતી. તેમના તરફથી માનવ જીવનની પ્રગતિ અને નવીનતાની ઉત્કૃષ્ટતાનું માર્ગદર્શન મળી રહેતું હતું. સમાજની નવી પેઢીને જૈન ધર્મના સિદ્ધાંતનો પ્રચાર શ્રી ગુરૂદેવ કરે છે કે "જીવો અને જીવવા દો." એટલે કે તમે શાંતિથી જીવો અને આપણા પૂર્વજો જેવા કે વનસ્પતિ, વૃક્ષો, જીવજંતુઓ, પશુઓ અને પંખીઓ જેઓ પાસેથી પ્રેરણા લઈને મોટાભાગે જૈન ધર્મ રચાયો છે, તેમને જીવવા દો. તેથી જીવદયા કરો અને અમુક તિથિએ શાકભાજીનો વપરાશ ન કરવા આગ્રહ રખાય છે. વિશ્વમાં અન્યની સ્વતંત્રતા ના છીનવો અને સૌ કોઈને જીવવા માટે અનુકૂળતા કરી આપો.

વ્યવહાર, વર્તન, વાણી, વિનય, વિવેક અને 'નમે તે સૌને ગમે' – એ સારી રીતે જીવન જીવવા માટે મોક્ષમાર્ગ બતાવે છે. ખાસ કરીને જાહેર જીવનમાં પડેલા બધા આગેવાનો (મંત્રી હોય કં તંત્રી)માં આ સૂત્ર હોવું જ જોઈએ. "કૂવામાં હોય તો હવાડામાં આવે" – એ પ્રમાણે આગેવાનમાં સંસ્કાર/સભ્યતા હોય તો સમાજના સભ્યોમાં ઉતરે!

આ જૈન ધર્મની વિનમ્રતાનો પ્રચાર કરવા માટે સો કે દોઢસો માઈલનો પંથ કાપે ત્યારે શ્રી ગુરૂદેવને ઉપાશ્રયનો સહારો મળતો હતો. આ સમયે ભારતમાં કોઈ પાકા રસ્તા ન હતા. એક નગરમાંથી બીજા નગરમાં જવા જંગલોમાંથી પસાર થવું પડતું હતું. જંગલમાં હિંસક પ્રાણીઓ, અજગર અને લૂંટારાનો સામનો કરવો પડતો હતો. તે સમયે જંગલમાંથી પસાર થવા ભલભલાના ગાભા-છોતરાં નીકળી જતા હતા. એટલે કે જંગલમાંથી સાવધાનીથી પંથ કાપવો પડતો હતો.

આજે વિશ્વ બદલી નાંખનારા વિચારોનું "નવનીત" મૂળ શેમાંથી પ્રગટ થયું તે ભવ્ય સંસ્કૃતિ ધરાવતા ભારત દેશના સત્યમેવ જયતે, અહિંસા પરમો ધર્મ અને જાણે અજાણે અપરાધ થયો તે ક્ષમા (મિચ્છામિ દુક્કડમ્) એ વીરનું ભૂષણ છે.

*(ક્રમશઃ)*

***આગામી લેખમાં ઉપાશ્રય, મહાત્મા ગાંધીજીને ભારતમાંથી અંગ્રેજોને હાંકી કાઢવા જૈન ધર્મના સત્ય, અહિંસા, ત્યાગ, ઉપવાસ, અપરિગ્રહ વગેરેના નિયમનો સહારો કેમ લેવો પડ્યો તે જાણો અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પૂર્વ પ્રમુખ સ્વ. શ્રી બાબુભાઈ વીરમ શાહને જૈન ધર્મના શ્રી ચકેશ્વરી દેવીમાં શ્રદ્ધા રાખી તેનો શો ફાયદો થયો, તેનો ભાગ-૨ માં ઉલ્લેખ થશે.***

## ૮-એસ નો સરવાળો એટલે...

**(અનુસંધાન : પાના નં. – ૫૨ ઉપરથી ચાલુ)**

પાસે છે તેમાંથી દસ ટકા બીજા માટે આપતા રહો.

**(૭-૮) સહકાર ને સંસ્કાર :** ચકલી જેવા પક્ષીમાં પણ વૃદ્ધ કબૂતરના મોંમા દાણા આપતા જોયા છે. વૃદ્ધ કબૂતર દાણા ચણવા જઈ શકતું નથી તો તેની ચાંચમાં પેલી ચકલી દાણા આપી આવે છે. બીજાના સુખમાં આપણું સુખ ને બીજાની પ્રગતિમાં આપણી પ્રગતિ શોધી કાઢો. તમારી આસપાસ જ જરૂરિયાતવાળાઓ મળી જશે. તેને આપો / તક આપો. છેલ્લે તમને કોઈકના આશિષ મળતા રહેશે.

*કારણકે....*

*જમાને કા યે દસ્તૂર હૈ પુરાના, હોતા હૈ યહાં સબકા આના જાના*
*આપ જહાં ભી રહો ઐસી છાપ છોડ જાના કી હર કોઈ*
*ગુનગુનાતા રહે બસ આપકા હી તરાના, આપકા હી તરાના...*

## અરવિંદ પટેલ : જીવદયાના મશાલચી

**(અનુસંધાન : પાના નં. – ૫૬ ઉપરથી ચાલુ)**

ગુજરાત. એમાંય જૂનાગઢ અને આણંદ એમનું કાર્યક્ષેત્ર. ત્યાં પિતાનાં પગલે ચાલી બિલ્ડર બન્યા. પછી રોડ કોન્ટ્રાક્ટર બન્યા.

રોડ બનાવવા માટેના ભારતના પ્રથમ વીસ કોન્ટ્રાક્ટરોની અંદર એમનું નામ આવે. મુંબઈ દિલ્હી એક્સપ્રેસ વે બનાવતી વખતે માત્ર ચોવીસ કલાકમાં અઢી કિલોમીટર (ફોર લેન) સુપર હાઈવે બનાવી રેકોર્ડ બનાવ્યો. હાલમાં આણંદ પાસે એક મસમોટું એજ્યુકેશન હબ બનાવી રહ્યા છે. જ્યાં આ રોડ કોન્ટ્રાક્ટરના સેંકડો કામદારોના અને આદિવાસી બાળકો કે. જી. મા દાખલ થાય અને એન્જિનિયર બનીને બહાર આવે એવી યોજના બનાવી, અમલમાં લાવી દીધી છે. એવા ગર્વિલા, મોજીલા અને જીવદયાના મશાલચી અરવિંદભાઈ રાધાબેન વિઠ્ઠલભાઈ પટેલને ઘણી ખમ્મા.

***મુંબઈ ● મો. ૯૭૫૭૪ ૦૫૮૭૨***

વ્યક્તિ વિશેષ

# અરવિંદ પટેલ : જીવદયાના મશાલચી

વસંત મારૂ

નાગાલેન્ડ! ભારતના દામુલ ગરીબીમાં સબડતા પ્રદેશમાં આક્રમક બોડો પ્રજાતિનો દમામ છે. હ્યુમન ટ્રાફિકિંગનું કેન્દ્ર સ્થાન. ત્રણ ચાર વર્ષના બાળકોને ઉપાડી જઈને, ચોરીને વેચી દેવાય. જ્યારે આ વાતની ખબર પડી ત્યારે કરુણાભાવથી નીતરતા ગુજરાતના જીવદયાના મશાલચી આનંદભાઈ પટેલ સ્વામિનારાયણ સંપ્રદાયના સંત નારાયણ ચરણ સ્વામિની સાથે આણંદથી છેક નાગાલેન્ડ પહોંચી ગયા. જીવના જોખમે એક બે નહીં પણ પૂરા પંદર બાળકોને બચાવી લીધા. કોના બાળકો છે એ જાણ ન થતાં નાગાલેન્ડથી આ આદિવાસી બાળકોને આણંદ લઈ એમના ઉછેરની ચેલેન્જ ઉપાડી લીધી.



**શ્રી અરવિંદભાઈ પટેલ**

આપણે આજે ઘરમાં બે બે બાળકો સાચવી નથી શકતા ત્યાં પંદર બાળકોનો ઉછેર કાંઈ ખાવાનો ખેલ નો'તો. પણ અરવિંદ પટેલ અલગ માટીના બનેલ છે. ચાણોદ ગુજરાતમાં એમના વ્રજભૂમિ આશ્રમમાં આ અબુધ બાળકોને રાખ્યા. વ્રજભૂમિ આશ્રમ માત્ર ચાણોદનું જ નહીં આખા ગુજરાતમાં સંસ્કૃતના સંસ્કાર આપતું ગુરૂકુળ છે. ત્યાં રહીને આ પંદર બાળકો આદિવાસીમાંથી સંસ્કૃત અને સંસ્કૃતિથી ઝળાહળ થવા લાગ્યા. પંદર કિશોરોની કાયાપલટ કરવાનું કામ સ્વામીજી અને અરવિંદભાઈએ કર્યું. એટલે આજે એ બાળકો ઉર્મિથી છલકાઈ ઉઠ્યા છે. આખો આશ્રમ આનંદ પટેલ પોતાના ખર્ચે ચલાવી ગુજરાતના બાળકો માટે સંસ્કારનું ઉત્તમ કાર્ય કરી રહ્યા છે.

અરવિંદભાઈનો જન્મ બોરીવલીમાં થયો. ત્યારે બોરીવલીની કાયાપલટ થઈ રહી હતી. ગિરીશભાઈ વીસરિયા જેવા મોજીલા મિત્રો સાથે રમ્યા, રખડ્યા, બાળપણના સ્મરણની મૂડી ભેગી કરી શક્યા અને હમણાં એક દિવસ અરવિંદભાઈનું આમંત્રણ મિત્રોને મળ્યું. પોતાના ખર્ચે અરવિંદભાઈએ એકસો વીસ મિત્રોને અજરબેઝાન દેશમાં લઈ જઈ મૈત્રીનો ઉત્સવ કર્યો. એ પણ લખ લૂટ ખર્ચે... અરવિંદભાઈના જન્મ દિવસના પૂર્વ મૈત્રીના માંડવે એકસો વીસ જણને અજરબૈઝાન નામના દેશમાં સહેલ કરી..... અરવિંદભાઈને અજરબૈઝાનના પાડોશમાં આવેલ રશિયા યુદ્ધની ફિકર નો'તી, પણ ચિંતા હતી આણંદમાં આવેલ એમની એનિમલ હોસ્પિટલની. વર્ષે દહાડે પોતાની કમાઈના કરોડો રૂપિયા ખર્ચી, એ ગાયથી લઈ કૂતરા સુધીના પ્રાણીઓની સેવા કરી શુકુન મેળવે છે.

અરવિંદભાઈ દ્વારા આણંદ એનિમલ હેલ્પલાઇન જાન્યુઆરી ૨૦૧૪માં શરૂ કરવામાં આવી હતી. અરવિંદભાઈના પિતા વિઠ્ઠલબાપાની પ્રેમાળ સ્મૃતિમાં તેનું નામ વી.જી. પટેલ ફાઉન્ડેશન રાખવામાં આવ્યું છે. અરવિંદભાઈ વી. પટેલનું સ્વપ્ન છે કે તેઓ રખડતા અનાથ કૂતરાઓ અને અન્ય પ્રાણીઓની સારવાર માટે શ્રેષ્ઠ માળખાગત સુવિધાઓ ઉભી કરે. અરવિંદભાઈના શબ્દોમાં કહીએ તો, "તે દરેક જીવન આપણા માટે મહત્ત્વનું છે."

તેમની પાસે ત્રણ કૂતરા હતાઃ ટફી (બ્રાઉન લેબ્રાડોર - પ્રોસ્ટેટ કેન્સરને કારણે મૃત્યુ પામ્યા) અને ટાયસન (ગોલ્ડન રીટ્રીવર આગળના હાડકાના કોન્ડ્રોસારકોમાને કારણે મૃત્યુ પામ્યા). ટફી અરવિંદભાઈની સૌથી નજીક હતી. તેઓ ઓફિસ જતા અને આવતા પહેલા દરરોજ તેણીને લાડ લડાવતા હતા.

આજે એમની આણંદ એનિમલ હેલ્પલાઇન ભારતની સૌથી વધુ રેટેડ એનિમલ હોસ્પિટલ કમ શેલ્ટર સુવિધા છે. જ્યાં મફત સારવાર અને શેલ્ટર સુવિધાઓ ઉપલબ્ધ છે. (ગૂગલ રીવ્યુ રેટીંગ મુજબ).

અગિયાર વર્ષના સમયગાળામાં આવા ૭૬,૬૬૪ કેસોની સફળતાપૂર્વક સારવાર કરી છે. ૫૩૧૨૮ કૂતરા, ૯૧૦૦ કબૂતર, ૬૨૩૮ બિલાડી, ૩૨૯૩ ગાય અને ૩૯૦૫ અન્ય પ્રજાતિના પ્રાણીઓની સારવાર કરી છે.

અત્યાર સુધીમાં પશુઓની ૫૮૩૭ મોટી સર્જરીઓ કરી છે જેમાં પશુઓના હાડકાના ફ્રેક્ચરનું સમારકામ, કેન્સર સર્જરી અને રોગગ્રસ્ત ભાગોના અંગવિચ્છેદનનો સમાવેશ થાય છે. છેલ્લા ૭ મહિનાથી, દરરોજ ૧૦૮ કેસોની સારવાર કરે છે. જેમાં દરરોજ ૨-૩ મોટી સર્જરીનો સમાવેશ થાય છે!

આમ અરવિંદભાઈ કરૂણાભાવથી છલકાય છે અને મિત્રભાવથી પણ છલકાય છે. એ મૂળ ભલે મુંબઈમાં જન્મ્યા, ભણ્યા, કામિનીબેન સાથે પ્રેમ લગ્ન કરી કુણાલ અને પાર્થના પિતા બન્યા, એમને પણ પરણાવ્યા પણ કાર્યક્ષેત્ર એમનું

(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૫ ઉપર)

તંદુરસ્તી

# માનસિક સ્ટ્રેસની શરીર પર અસર
## ભાગ-૪ : લક્ષણો

ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આપણે જાણ્યું કે માનસિક સ્ટ્રેસના નિર્માણ માટે બાહ્ય પ્રસંગ કે બાહ્ય ઘટના કરતાં વ્યક્તિનો પ્રતિભાવ તથા પ્રતિક્રિયા વધારે મહત્ત્વના છે.

માનસિક સ્ટ્રેસના નિર્માણ માટે આંતરિક પરિબળ : (૧) આનુવંશિકતા, (૨) શરીરની ખાસ કરીને બ્રેઈનમાં આવેલા મનના અવયવોની રચના તથા એમાંના રસાયણો – ન્યુરોટ્રાન્સમિટર્સ, (૩) માનસિક ઉછેર, (૪) વ્યક્તિત્વ (Personality), (૫) લાગણીશીલતા (Emotionality) વધારે મહત્ત્વના છે અને આ ૯૦% ભાગ ભજવે છે.

નકારાત્મક પ્રતિભાવ તથા નકારાત્મક પ્રતિક્રિયા બ્રેઈનમાં નકારાત્મક ન્યુરોટ્રાન્સમિટર્સ ઉત્પન્ન કરે છે. જેથી માનસિક બીમારી થવાની શક્યતા ખૂબ જ વધતી જાય છે (ભાગ-૩ નો કિશોરભાઈનો કિસ્સો)

આ લેખમાં માનસિક સ્ટ્રેસના લક્ષણો વિશે ઊંડાણમાં જાણકારી મેળવીએ.

- **સ્ટ્રેસના લક્ષણો :**

માનસિક સ્ટ્રેસના લક્ષણોને ત્રણ ઉપ વિભાગમાં વર્ણવી શકાય.

**૧. શારીરિક લક્ષણો :**

સામાન્ય રીતે દર્દી ડૉક્ટર પાસે સ્ટ્રેસના લક્ષણો માટે શારીરિક તકલીફ / ફરિયાદને લીધે આવે છે. ભાવનાત્મક કે માનસિક ફરિયાદ કે લક્ષણોને લીધે ડૉક્ટરને જવલ્લે જ કન્સલ્ટ કરે છે.

(૧) માથું ભારી થઈ જવું, (૨) માથામાં દુઃખાવો, (૩) છાતીમાં દુઃખાવો, (૪) પેટમાં દુઃખાવો, (૫) નબળાઈ, (૬) થાક લાગવો, (૭) ગભરામણ થવી, (૮) શરીરમાં કળતર થવી, (૯) ઉબકા આવવા, (૧૦) કબજિયાત, (૧૧) હાથ-પગ સૂઈ જવા, (૧૨) વજન ઓછું થઈ જવું, (૧૩) હાથમાં ધ્રુજારી થાય, (૧૪) હાથ-પગમાં ઝણઝણાટી થાય કે ખાલી ચડી જાય.

**૨. ભાવનાત્મક લક્ષણો :**

સામાન્ય રીતે ભાવનાત્મક તથા માનસિક લક્ષણો / તકલીફો વિશે દર્દી ડૉક્ટર પાસે ફરિયાદ કરતા નથી. દર્દીને લાગે છે કે ડૉક્ટર / કુટુંબીજનો આ તકલીફ સમજી નહીં શકે તથા આ તકલીફો પર ધ્યાન નહીં આપે.

ડૉક્ટરે/કુટુંબીજનોએ દરેક દર્દીને ભાવનાત્મક તથા માનસિક લક્ષણો વિશે પોતાના તરફથી પહેલ કરીને પૂછવું અગત્યનું છે. આથી ભાવનાત્મક તથા માનસિક લક્ષણો વિશે જાણકારી મળે છે. જે રોગના યોગ્ય નિદાન માટે અત્યંત આવશ્યક છે.

(૧) નર્વસ થઈ જવાય, (૨) ખોટી અકારણ ચિંતા થાય, (૩) વિચારોમાં ખોવાઈ જવું, (૪) નકારાત્મક વિચારો આવવા, (૫) નજીવી બાબતોમાં ચીડાઈ જવું, (૬) નિરાશાની લાગણી, (૭) મૂડ ન રહેવો, (૮) ગમગીનીમાં ડૂબી જવું, (૯) મોજશોખમાંથી રસ ઊડી જવો, (૧૦) વારંવાર રડવું આવવું, (૧૧) ધંધા/કામ પર અનિયમિત જવું.

**૩. માનસિક લક્ષણો :**

(૧) એકાગ્રતા ઓછી થવી, (૨) ભૂલકણાપણું, (૩) આત્મવિશ્વાસ ઓછો થવો, (૪) ગ્રહણશક્તિ ઘટી જવી, (૫) નિર્ણયશક્તિ ઓછી થવી, (૬) કામમાં મન ન લાગવું, (૭) બેચેની થવી, (૮) એક જગ્યાએ બેસી ન શકવું, (૯) અજંપો થવો, (૧૦) મુંઝારો થવો, (૧૧) ચા-કોફી પીવાનું પ્રમાણ વધી જવું, (૧૨) ધૂમ્રપાન વધી જવું, (૧૩) ઊંઘ વધારે આવવી, (૧૪) ભૂખ વધારે લાગવી.

- **સારાંશ :**

જ્યારે પણ શારીરિક તકલીફો હોય, વૈદ્યકીય તપાસ, લેબોરેટરી તપાસ, એક્સ-રે, સોનોગ્રાફી, સી.ટી. સ્કેન, એમ.આર.આઈ. સ્કેન બધું જ નોર્મલ હોય ત્યારે ભાવનાત્મક તથા માનસિક લક્ષણો વિશે જાણકારી તથા તપાસ કરવી જરૂરી છે. મનોચિકિત્સક પાસે મનની વૈજ્ઞાનિક તપાસ (Mental Status Examination – MSE) કરાવવી જોઈએ. વિચારો, લાગણી, કાર્ય, એકાગ્રતા, ગ્રહણશક્તિ, સ્મરણ શક્તિ વિશે મનોવૈજ્ઞાનિક તપાસ કરવાથી યોગ્ય નિદાન થઈ શકે છે તથા યોગ્ય મનોચિકિત્સા દ્વારા દર્દી ગુણવત્તાભર્યું જીવન (Quality Life) જીવી શકે છે.

માનસિક સ્ટ્રેસની સારવાર વિશે હવે પછીના લેખમાં જાણકારી મેળવીશું.

*(ક્રમશઃ)*

તંદુરસ્તી

# ડાયાબિટીસ નેફ્રોપથી (Nephropathy)

ડૉ. કમલેશ એન. શાહ
M.D., F.I.C.A. (USA)

- **ડાયાબિટીસ નેફ્રોપથી એટલે શું?**

કિડનીના રોગોના કારણે ખાસ કરીને ડાયાબિટીસને લઈને કિડની લોહીમાં રહેલા ખરાબ-ઝેરી તત્ત્વોને ફીલ્ટર ના કરી શકે, તેને ડાયાબિટીસ નેફ્રોપથી કહેવાય.

ડાયાબિટીસ નેફ્રોપથી એ ડાયાબિટીસ ટાઈપ-૧ તથા ડાયાબિટીસ ટાઈપ-૨ની આડઅસર છે.

કિડની ઉપરની આ આડ અસર ધીમે ધીમે પાંચ સ્ટેજમાં થાય છે.

- **ડાયાબિટીસ નેફ્રોપથીની ખબર કેવી રીતે પડે?**

ડાયાબિટીસના દર્દીની પેશાબની તપાસમાં - પ્રોટીન (Albumin) આવે. તેની કેટલી માત્રા છે તે પ્રમાણે આ રોગના સ્ટેજ નક્કી થાય છે. તેના સચોટ નિદાન માટે પેશાબની સ્પેશિયલ તપાસ જેમાં, કિડની કેટલા પ્રમાણમાં પ્રવાહી તથા ઝેરી તત્ત્વો કાઢી શકતી નથી તેની ખબર છે. આ ટેસ્ટ આ પ્રમાણે છે.

Urine - Albumin / Creatinine આ માત્રા સામાન્ય રીતે ૧ થી ૩૦ mg સુધીની હોય છે. જો તેથી વધારે થાય તો દર્દીના ડૉક્ટર તમને કિડનીના ડૉક્ટર એટલે કે નેફ્રોલોજિસ્ટ પાસે મોકલે છે.

- **ડાયાબિટીસ નેફ્રોપથીમાં કિડનીમાં કેવા પ્રકારનું નુકસાન થાય છે?**

આપણી કિડની એક ફિલ્ટર સિસ્ટમ છે. જેના એકમને ફોન કહેવાય છે. જેમાં લોહી લઈ આવતી લોહીની નસોને નુકસાન થાય છે. તેના કારણે તેમાં છિદ્રો પડે છે. આથી તેમાંથી ધીમે ધીમે નુકસાન વધતું જાય છે જે અંતે કિડની ફેઈલ તરફ જાય છે.

**ડાયાબિટીસને લઈને કિડનીમાં નુકસાન થવાના કારણો :**

૧. ડાયાબિટીસ કાબૂમાં ન હોવો - સતત (Hyperglycemia).
૨. લોહીનું ઊંચું દબાણ – Hypertension.
૩. લોહીમાં ચરબીનુ અતિશય પ્રમાણ (Dyslipedemia).
૪. કોઈપણ પ્રકારનું ધૂમ્રપાન (Smoking).
૫. બેઠાડું જીવન (Obesity).
૬. કુટુંબમાં ડાયાબિટીસ અને કિડનીના રોગો હોય તો.

**ચિન્હો** : (symptoms) ૦-ફોમી પેશામ (ફીણવાળો)

૧. ઉબકા, ઉલટી, ભૂખ જતી રહેવી, થકાન.
૨. ઊંઘના પ્રશ્નો, સ્નાયુઓમાં Cramps.
૩. વારંવાર પેશાબ થવો અથવા પેશાબ ઓછો થવો.
૪. પગ ઉપર સોજા - ચામડી સૂકી થવી.
૫. ઝેરી કચરો ને વધારાનું પાણી કિડનીઓ દ્વારા ફિલ્ટર ન થવાને કારણે પાણીનો શરીરમાં ભરાવો. દા.ત. ફેફસામાં.
૬. સતત હાઈ બ્લડ પ્રેશર.

- **ડાયાબિટીસ નેફ્રોપથીની તપાસ**

૧. પેશાબનો Albumin Test.
૨. Urine Albumin / Creatinine.
૩. GFR – Glomerular, filtration rate.
૪. Blood Creatinine, Protein - Cholesterol.
૫. Ultrasound of Both Kidneys – Sign of Kidney & cortex - medulla differentiation.
૬. Kidney Biopsy.

- **ડાયાબિટીસ નેફ્રોપથી અટકાવવાના ઉપાયો :**

૧. બ્લડ સુગરની નિયમિત તપાસ. ટાઈપ-૧ ડાયાબિટીસ કે ટાઈપ-૨ ડાયાબિટીસને સખત કાબૂમાં રાખો. તમારું HBA1C લેવલ ૬.૫ થી ૭.૦ ની વચ્ચે હોવું જોઈએ. Fasting Blood Sugar ૧૧૦ ની અંદર અને PP blood sugar ૧૬૦-૦ની આસપાસ.
૨. હાઈ ફાઈબર ખોરાક. વધારાનું મીઠું ત્યજવું.
૩. નિયમિત કસરત. રોજ ૩૦ મિનિટ ચાલવાનું ફરજિયાત.
૪. દારૂ તથા ધૂમ્રપાનના સેવનનો ત્યાગ કરવો.
૫. નિયમિત ડૉક્ટર પાસે ચેક-અપ. જેથી બ્લડ સુગર કોલેસ્ટ્રોલ તથા બ્લડ પ્રેશર કાબૂમાં રહે.
૬. પેશાબમાં થતા ચેપ (ઈન્ફેક્શન) માટે તુરંત સારવાર કરાવવી.
૭. સાંધાના દુ:ખાવા - અન્ય દુ:ખાવા મટે વપરાતી pain killer લેવાનું ટાળવું. માત્ર પેરાસીટામોલ – Calpol લઈ શકાય.

● **કિડની ફંકશનના આધારે ડાયાબિટીસ નેફ્રોપથીના સ્ટેજ :**

૧. સામાન્ય નુકશાન સાથે GFR 90%

૨. સામાન્ય નુકશાન સાથે GFR 60-90%

૩. કિડનીને, USGમાં દેખાતું નુકશાન GFR 30-60%

૪. કિડનીને વધુ નુકશાન GFR 15-30%

૫. કિડની ફેલ્યોર (End stage renal disease GFR < 15%)

● **ડાયાબિટીસ નેફ્રોપથીની સારવાર**

૧. હાઈ બ્લડ પ્રેશરને કાબૂમા રાખવાની દવાઓ
જેવી કે ACE Inhibitors તથા ARB inhibitors.

૨. લોહીમાં રહેલી શર્કરાને કાબૂમા રાખવી.
SGLT2 Inhibitor નો ઉપયોગ.

૩. ખોરાક-પાણી, સોડિયમ, પ્રોટીન, ફોસ્ફરસ, પોટેશિયમનું નિયમિત કરવું

૪. Kerendia (Fineremone)નો ઉપયોગ કરવો.

૫. ડાયાબિટીસ કાબૂમાં ન રહેતો હોય તો Human Insulinનો ઉપયોગ કરવો.

૬. સ્ટેજ (૫) માટે ESRD – End Stage Renal Disease.

*ડાયાલિસિસ* — *કિડની ટ્રાન્સપ્લાન્ટ.*

॥ જય શ્રી કૃષ્ણ ॥

## અમદાવાદમાં હવાઈ પ્રવાસીઓની સંખ્યા બમણી થઈ ગઈ

છેલ્લા ૧૦ વર્ષમાં અમદાવાદમાં હવાઈ પ્રવાસીઓની સંખ્યા વધીને બમણી થઈ ગઈ.

આંતરરાષ્ટ્રીય મુસાફરોની અવર જવરમાં ૫૦ ટકાનો વધારો.

૨૦૧૫માં ૪૪,૬૯૮ ફલાઇટમાં ૬૦.૮૫ લાખ પ્રવાસીઓની અવરજવર, જ્યારે ૨૦૨૪માં ૯૬,૯૭૭ ફલાઇટમાં ૧.૨૭ કરોડ મુસાફરોએ પ્રવાસ કર્યો.

## તો રોજ ચાલો...

★ બંને પગ એકસાથે માનવ શરીરના ૫૦% જ્ઞાનતંતુ ધરાવે છે, ૫૦% રક્તવાહિનીઓ અને ૫૦% રક્ત તેમાંથી વહે છે. ***તો રોજ ચાલો...***

★ તે સૌથી મોટું રૂધિરાભિસરણ નેટવર્ક છે જે શરીરને જોડે છે. ***તો રોજ ચાલો...***

★ જ્યારે પગ સ્વસ્થ હોય ત્યારે જ લોહીનો પ્રવાહ સરળ રીતે વહે છે. તેથી જે લોકોના પગના સ્નાયુઓ મજબૂત હોય છે તેઓનું હૃદય ચોક્કસપણે મજબૂત હોય છે. ***તો રોજ ચાલો...***

★ વૃદ્ધત્વ પગથી ઉપરની તરફ શરૂ થાય છે. ***તો રોજ ચાલો...***

★ જેમ જેમ વ્યક્તિ મોટી થાય છે તેમ, મગજ અને પગ વચ્ચે સૂચનાઓના પ્રસારણની ચોકસાઈ અને ઝડપ ઘટતી જાય છે. જ્યારે વ્યક્તિ યુવાન હોય ત્યારે તેનાથી વિપરીત. તેથી ***કૃપા કરીને દરરોજ ચાલો...***

★ આ ઉપરાંત, કહેવાતા બોન ફર્ટીલાઇઝર કેલ્શિયમ વહેલા કે પછી સમયની સાથે નષ્ટ થઈ જશે, જે વૃદ્ધોને હાડકાંના ફ્રેક્ચર થવાની સંભાવના વધારે છે. તેથી ***કૃપા કરીને દરરોજ ચાલો...***

★ વૃદ્ધોમાં હાડકાંનું ફ્રેક્ચર સરળતાથી શ્રેણીબદ્ધ ગૂંચવણો પેદા કરી શકે છે, ખાસ કરીને મગજના થ્રોમ્બોસિસ જેવા જીવલેણ રોગો. તેથી ***કૃપા કરીને દરરોજ ચાલો...***

★ શું તમે જાણો છો કે સામાન્ય રીતે ૧૫% વૃદ્ધ દર્દીઓ મહત્તમ મૃત્યુ પામે છે – જાંઘના હાડકાના ફ્રેક્ચરના એક વર્ષની અંદર... તેથી ***રોજ નિષ્કાળજી વગર ચાલો...***

★ પગની કસરત, ૬૦ વર્ષની ઉંમર પછી પણ ક્યારેય મોડું થતું નથી. ***ચાલવું જરૂરી છે...***

★ આપણા પગ ધીમે ધીમે સમયની સાથે વૃદ્ધ થતા જશે, તેમ છતાં આપણા પગની કસરત એ જીવનભરનું કાર્ય છે. ***રોજ 10,000 ડગલાં ચાલો...***

★ માત્ર નિયમિત રીતે પગને મજબૂત કરવાથી વ્યક્તિ વધુ વૃદ્ધાવસ્થાને રોકી કે ઘટાડી શકે છે. તેથી ***૩૬૫ દિવસો ચાલો...***

★ તમારા પગને પૂરતી કસરત મળે અને તમારા પગના સ્નાયુઓ સ્વસ્થ રહે તેની ખાતરી કરવા કૃપા કરીને ***દરરોજ ઓછામાં ઓછા ૩૦-૪૦ મિનિટ ચાલો...***

ચકલી બચાવ અભિયાન

# એક હતો ચકો અને એક હતી ચકી વાર્તાનું વિસરાતું મહાત્મ્ય

મનીષ જોશી 'મૌન'

## વિશ્વ ચકલી દિવસ ઠેર ઠેર ઉજવાયો, ચકલીની ઘટતી વસ્તીથી પંખી પ્રેમીઓ ચિંતિત

સમગ્ર વિશ્વએ ૨૦મી માર્ચના રોજ 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી કરી. માનવની સાથે રહેતી પંખીની એક નાનકડી પ્રજાતિ એટલે ચકલી. નળિયાવાળા મકાન. એમાં માળો કરવાની સુગમતા. દીવાલ પર મોટી તસવીરની પાછળ ચકલીના માળા હોય. પરંતુ નળિયા અને મોટા ફોટાઓ દૂર થતાં ઘર ચકલી હવે ઘટતી જાય છે.

બચપણથી બાળકને એક હતો ચકો અને એક હતી ચકી... વાર્તા કહેવામાં આવતી હતી. આ વાર્તાનો ખૂબ ઊંડો ભાવ હતો, તાત્પર્ય હતું. ચકો લાવે ચોખાનો દાણો અને ચકી લાવે મગનો દાણો... આમ 'સહયોગ વિના નહીં ઉધ્ધાર'ની ભાવના આ નાનકડી વાર્તા સમજાવી જતી. પરંતુ વાર્તા કહેવાનો સમય વિભક્ત કુટુંબમાં રહ્યો નથી. તેની સાથે ચકલી પણ જોવા ઓછી મળે છે. તેને લઈને સમાજશાસ્ત્રીઓ અને પંખી પ્રેમીઓ ચિંતિત બન્યા છે.

વિશ્વ ચકલી દિવસ આવે એટલે ચકલીના માળાનું વિતરણ થાય. ચકલીને પીવાના પાણીના બાઉલ વિતરણ થાય. આ રીતે ચકલી દિવસ ઉજવાય છે.

વર્ષો પહેલા ગુરૂ નાનકજીએ "રામકી ચીડિયા, રામકા ખેત, ખાલો ચીડિયા ભર ભર પેટ" ગાયું હતું.

આજે પરીસ્થિતિ બદલાઈ. શહેરી વિસ્તારોમાં ચકલીઓ ચિંતાજનક પ્રમાણમાં ઘટી છે. તેથી વિશ્વભરમાં ૨૦૧૦થી "ચકલી બચાવ અભિયાન" શરૂ થયું છે.

અગાઉ તો રમતમાં પણ રમત રમતાં ગવાતું હતું કે : ચકી ચોખા ખાંડે છે, પિતાંબર પગલા માંડે છે, ચકી ગઈ ધોવા, ચકો બેઠો રોવા, રોઈ-રોઈ થાક્યો, ઈ ચકીનો કાકો, સોઈ જોઈએ કે સાંબેલું?

કે નૃત્ય સાથે ગવાતું હતું કે : "ચકીબેન, ચકીબેન, મારી સાથે રમવાને આવશો કે નહીં?"

સમાજનું અભિન્ન અંગ હોવાથી કહેવતમાં પણ ચકલી વણાઈ ગઈ હતી.. જેમકે "ચકલી નાની ને ફેડકો મોટો." "અબ પછતાયે ક્યાં હોત, જબ ચીડિયા ચુગ ગઈ ખેત."

એ પણ યાદ હશે કે ધૂળમાં નહાતી ચકલી જોઈ વરસાદની આગાહી કરવામાં આવતી હતી.

અમદાવાદના જગત કિનખાબવાલા ચકલીઓને બચાવવા માટે એક અભિયાન ચલાવતા હોવાથી સ્પેરોમેનનું બિરૂદ આપવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાર્યક્રમ 'મન કી બાત'માં સ્પેરોમેન ઘર આંગણાના પક્ષી ચકલી બચાવવાના અભિયાનને યાદ કરી તેઓને અભિનંદન આપ્યા હતા.

આપણે પણ ચકલીને બચાવવા માટે સ્પેરોમેન જરૂરથી બની શકીએ.

- **સંવેદના :**

*ઓછું ભોજન લેનારાને 'ચકલીના ચણ જેવું કેમ ખાય છે?' એવું પૂછાતું.*

*'મેઘવર્ષા', ૧૪, સપ્તગિરિ સોસાયટી વિભાગ-૩,*
*સાંઇ મંદિર અને બગીચાની પાછળ,*
*વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા-૩૯૦ ૦૦૧.*
*મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮*
*ઈ-મેઈલ : maunjoshi@gmail.com, maun_66@yahoo.co.in*

## હાઈકુ

તાલ મિલાવે,
વર્ષાઋતુ સંગ રે,
મયૂર નાચે!

વૈષ્ણવજન,
ઈશારો કરે - બનો
શ્રેષ્ઠ માનવ!

આ બલિહારી
ગુરુજી તણી, જેણે
બતાવ્યો પંથ!

ભાગ્યમાં લખ્યું
હશે તે થશે! પણ
આયુ સામે જો!

રામાયણની
ઊર્મિલા છે સન્નારી,
ઝુરાપો વેઠ્યો!

*હસમુખ રામદેપુત્રા - રાજકોટ*
*મો. ૯૮૭૯૪ ૮૫૬૬૭*

વાર્તા

વાર્તા : કચ્છ સ્પેશિયલ

# માણસાઈનું ઋણ

ધીરજલાલ ડી. તન્ના

શેઠ આપનું ૩૦ વીઘાનું આંબાવાડિયું જો ઈજારાથી આપવાનું હોય તો અમારી ગણત્રી રાખવાની છે. આમ કહી સુરેશે આત્મારામ શેઠની પાસે આંબાનો ઈજારો આપવા વિનંતી કરી.

શેઠે આગંતુક સામે જોતા સાધારણ પહેરવેશના અજાણ્યા માણસને ઈજારો આપવાની ગણત્રી ના હોતાં બોલ્યા, ભાઈ અમારો ઓણ ઈજારો આપવાનો ઈરાદો નથી. અમે અમારી પેઢીનાં માણસો મારફત જાત દેખરેખથી ફાલ ઉતરાવી લેશું. આમ કહી ચતુરાઈથી નકારમાં જવાબ આપી દીધો.

શેઠ તમારો બગીચો અમને ઈજારે આપો તો તમારી મોટી મહેરબાની થશે. અમારે પેટિયું રળવા કામની જરૂર છે. મોટી આશાએ તમારું નામ સાંભળી આવ્યા છીએ. સુરેશનો બહુ આગ્રહ જોઈ શેઠે પૂછ્યું, તમને આંબાનાં બગીચાનો કાંઈ અનુભવ છે?

છે ને શેઠ! અમારે દશ વીઘા જમીનમાં આંબાવાડિયું છે. 'ક્યાં છે?' ના જવાબમાં સુરેશ બોલ્યો, શેઠ સોરઠ દેશમાં ગીરમાં અમારી જમીનમાં આંબાનાં ૩૦૦ થડિયા છે.

તો પછી તમે એમાં માવજત કરોને! દશ વીઘા જમીનનાં આંબામાં ગુજરાન ખુશીથી ચાલે. તમે સોરઠથી અહીં સુધી કેમ આવ્યા છો?

શેઠ ગયા વર્ષે કેરીમાં મેઘરવો, ઝાકળ અને સોનમાખ આવી ગઈ. એટલે કેરીનો પાક સાવ નિષ્ફળ ગયો. ઈજારદાર પાસેથી બાનાનાં પચાસ હજાર લીધેલ તે પાક નિષ્ફળ જતાં જતા રહેલ. આ વખતે પોષ મહિનામાં એકદમ વાઝડી ઉપડી અને માવઠાથી મોર અને નાની ખાખડીઓ પડી ગઈ, જેથી ઓણ કાંઈ ઉપજ આવે એમ નથી. બગીચાનાં ખાલામાં વાવેતર કરત પણ ખરીફ અને રવિ પાકની સીઝન જતી રહી છે. અમને બગીચાનો અનુભવ હોઈ અને સમાચાર હતા કે કચ્છમાં આંબાના બગીચા છે એટલે પૂછતા પૂછતા તમારી પાસે આવ્યા.

સોરઠનું નામ બોલેલ એટલે શેઠે પૂછ્યું તમારું નામ અને કયા ગામનાં છો? આમેય અજાણ્યાનો અમારે કેમ ભરોસો કરવો? અહીં કોઈની ઓળખાણ હોય તો અમે વિચારીએ.

શેઠ મારું નામ સુરેશ છે અને ગામનું નામ દર્શાવ્યું. શેઠ અમારો મલક ત્રણસોથી સાડા ત્રણસો કિ.મી. દૂર થાય. અહીં અમને કોણ ઓળખે?

ગામનું નામ અને સુરેશ નામ સાંભળી શેઠે પૂછ્યું તમારા પિતાશ્રીનું નામ શું છે? એમનું નામ જણાવી 'ઠક્કર' દર્શાવતા આત્મારામ શેઠ બોલ્યા, કોઈ વાંધો નહીં. અત્યારે તમારે ગામમાં કાંઈ કામ હોય તો પતાવી આવો. બાર વાગે પેઢીએ આવી જાજો. અમે પણ ઠક્કર છીએ આપણે ભળતે ભાણે હોઈ બપોરે મારા ઘરે સાથે જમી લેશું.

સુરેશ ગામમાં તો ગયો. વર્તમાનમાં ખોવાઈને વિચારતો હતો કે, શેઠે જમવાનું તો કહ્યું પરંતુ ઈજારો આપવાની તો કોઈ ચોખવટ કરી નહીં! જમતા જમતા મારે શેઠ સાથે ચોખવટ તો કરવી પડશે. પાછો વિચાર આવ્યો કે હું ચોખવટ કરવા જઈશ તો શેઠ બાનાની રકમ માંગશે. એ વધારે હશે તો હું એ રકમ કયાંથી કાઢીશ? રૂપિયાના વાંકે મને ઈજારો નહીં આપે તો? આવા વિચારમાં ખોવાઈ ગયો.

★

જ્યારે આત્મારામ શેઠ ૨૪ વર્ષ પહેલાનાં ભૂતકાળમાં સરી પડ્યા. જાણે આજ બન્યું હોય એમ દશ્યો ઊભા થયા. કચ્છમાં એક તો પાણીની તંગી અને એમાં દુષ્કાળ પડ્યો. બાપાને સાત આઠ ભેંસો. તેમનાં ચારા-પાણીની વ્યવસ્થા દુષ્કર થઈ પડી. વરસ કેમ કાઢવું એ વિચાર મૂંઝવતો હતો. જમીન ૫૦ વીઘા પરંતુ પાણી વિના શા કામની! વરસ પાર કરવા સોરઠ ભણી દોટ મૂકી, લીલવણી ઓઢણી ઓઢેલ ગીરની ધરતીનાં આશરે આવ્યા. ગીરમાં પાણીનાં અખૂટ ભંડાર. વરસ પાર કરવા તાલાલામાં નામ સાંભળી હરિભાઈને ત્યાં જઈ વિનંતી કરી. ભોજદેની સીમમાં જમીન. એમાં ચારો પાણી માટે અડધી જમીનમાં વાવેતર કરવા દીઓ તો મારા માલઢોર નભી જાય અને દયાળુ હરિભાઈએ રૂડા હ્રદયથી આવકારો આપી ઉચ્ચક રોકડ રકમ લઈ ખેતર વાવવા આપ્યું.

સમયનાં મારથી આવેલ હોઈ બાપાને હરિભાઈ સગાભાઈની જયમ સાચવે. આપણો આશરા ધર્મ છે એમ સમજી આશરા ધર્મ નિભાવતા હતા. બાપાને હું એકનો એક દીકરો અને હરિભાઈને પણ એક જ દીકરો. બન્ને આઠથી નવ વર્ષનાં સમવયસ્ક. કુટુંબ એકબીજા સાથે ભળી ગયું. મારું તારું ભૂલાઈ ગયું. વર્ષ નીકળી ગયું પરંતુ અમારી કરમ કઠણાઈ નીકળી નહીં. કચ્છમાં ફરીથી દુષ્કાળ પડ્યો અને હરિભાઈએ કહ્યું, કોઈ વાંધો નહીં, તમે અહીં રોકાઈ જાઓ. કચ્છમાં સારું

વરસ થાય ત્યારે જવાનું રાખજો. બાપા કહે, પણ મારી પાસે તો તમને દેવા ફૂટી કોડી પણ નથી હું કયા મોઢે તમને ખેતર વાવવાની વાત કરું? અને હરિભાઈ ખરેખર હરિસ્વરૂપ ધારણ કરી બોલ્યા, એ રકમ તમે કચ્છમાં ગયા પછી પણ મોકલી શકો છોને! અને અમને રોકી દીધા. હરિભાઈનો દીકરો અને હું બન્ને ધિંગામસ્તી કરીએ, લડીએ, ઝઘડીએ અને પાછા ભેળા રમીએ. આમ કરતા બીજું વર્ષ પણ નીકળી ગયું અને કચ્છમાં સારો વરસાદ પડતા વતન તરફ અમોએ પ્રયાણ કર્યું. આ આખું ભૂતકાળનું ચલચિત્ર નજર સામે દેખાવા લાગ્યુ.

ગીરથી હરિભાઈનું આર્થિક અને લાગણીનું કરજ માથે લઈને કચ્છ આવ્યા. બીજા વર્ષે સારું વરસ થાય એટલે પ્રથમ હરિભાઈનું કરજ ઉતારી, વધે એ પૈસો ઘરમાં લઈ આવવો એવો સંકલ્પ બાપાનો હતો. પણ સમયે કરવટ બદલી. ૨૬મી જાન્યુઆરીનાં રોજ મહાવિનાશક ભૂકંપ આવ્યો અને તબાહીએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું. સઘળુ ખેદાનમેદાન થઈ ગયુ. આવા નુકસાનથી હતપ્રભ થઈ ગયાની યાદ આવતા આત્મારામ શેઠને શરીરમાં લખલખું આવી ગયુ. દુઃખદ પળમાં સરકાર વહારે આવી. કેશડોલનાં પૈસાની જરૂરિયાત હતી પરંતુ બાપાએ માણસાઈનાં બોજને હલકો કરવાને પ્રાધાન્ય આપતા આવેલ પૈસામાંથી હરિભાઈને આભારસહ પૈસા મોકલી કરજ ચૂકવ્યું ત્યારે એમને શાંતિ થઈ.

સરકારે કચ્છ માટે ખાસ પેકેજ બહાર પાડ્યું. ફોરટ્રેક રોડ બનાવવામાં સરકાર લાગી ગઈ. નર્મદાના નીર રાપરથી નલીયા સુધી પહોંચાડવાનું બીડું ઝડપ્યું. લોન અને સહાયથી અદ્યતન ટેક્નોલોજીથી મકાન બાંધકામ જેટ ગતિએ બનાવી દસ વર્ષમાં કચ્છને બેઠું કરી દીધું. ઉદ્યોગોને વિશેષ કરમાફી આપવામાં આવી. એ અંતર્ગત હાલની મારી ફેકટરી ધમધમતી થતાં આજે હું નગરશેઠ બની ગયેલ છું. મારા માટે તો તબાહી જ તારણહાર બની, આફત અવસરમાં પલટી ગઈ.

કચ્છની પાણીદાર પ્રજાએ પાણીનાં સહારે પોતાનું પાણી બતાવી દીધું. જે દુકાળીયો દેશ કહેવાતો હતો એ આજ લીલી નાઘેરથી રૂમિઝુમી ઉઠ્યો. દસ હજારમાં કોઈ જમીનની લેવાલી નહોતી એ જમીન આજ કોઈ દસ લાખમાં દેવા તૈયાર નથી. અને કચ્છને ગુજરાતની રીઝર્વ બેંકનું બિરૂદ મળી ગયું. 'કચ્છડો બારેમાસ' ચરિતાર્થ થયો. આવા ભૂતકાળના સંસ્મરણોની કેસેટ મગજમાં ચાલતી હતી ત્યાં શેઠને સુરેશનાં જય શ્રીકૃષ્ણ સંભળાયા. વિચારતંદ્રામાંથી જાગૃત થતા બોલ્યા, આવી ગયા? ચાલો જમવાનો સમય થઈ ગયો છે હવે સીધા ઘરે જ જઈએ.

સુરેશ અને આત્મારામ શેઠ જમવા બેઠા. શેઠ સુરેશને આગ્રહ કરી જમાડે. પરંતુ સુરેશ કોઈ ઊંડા વિચારમાં ખોવાયેલ એટલે જમવામાં ધ્યાન આપતો ના હોઈ શેઠ બોલ્યા, તમે કોઈ ઉપાધિમાં છો? કેમ જમતા નથી?

ના, ના, આવું કશું જ નથી.

પણ નજરપારખુ શેઠ કળી ગયા અને બોલ્યા તમે કશી ઉપાધિમાં છો અને મને જણાવતા નથી; જે વાત હોય એ વિગતે કરો, ના કહો તો તમને મારા સમ છે.

શેઠ હું ઈજારા માટે તમારી પાસે આવ્યો એ બાબતની કોઈ વાત ના થઈ શકી. વાત થયા પહેલા તમે જમવા લઈ આવ્યા. હું તમારા ૩૦ વીઘાના બગીચાનો ઈજારો રાખું તો મારે બાના પેટે કેટલી રકમ દેવી પડશે? કારણ કે બે વરસથી અમારે ઉપજમાં કાંઈ થયેલ નથી એટલે વધારે રકમ મારી પાસે નથી એની મને મૂંઝવણ છે.

ઓહ! આ વાતની મૂંઝવણ છે? એની ચિંતા નહીં કરો તમે જ્ઞાતિબંધુ છો. તમે એકલાજ આવેલ હોઇ ઘરનાંઓને લેતા આવો. વાડીએ પૂરી સગવડતાવાળા રહેણાંક મકાન પણ છે. એટલે તમારે રસોઈ તેમજ ઘરનાં કામ કરવાનાં બચી જાય તો તમે બગીચાનું ધ્યાન પણ સારી રીતે રાખી શકો. અને બાનાની રકમ તમે બગીચામાંથી ઉપજ આવતી જાય તેમ તેમ આપતા જાજો. અત્યારે પૈસા નહીં આપો તો ચાલશે.

સુરેશ બે દિવસમાં એમનાં ઘરનાંઓને તેડી આવ્યો અને વાડીએ રહેણાંક ચાલુ કરી દીધું. શેઠનાં પત્નીને નિસર્ગ વાતાવરણ પ્રિય એટલે દરરોજ વાડીએ જાય. આમ બન્ને પરિવારોને ઘરોબો બંધાઈ ગયો. શેઠને ૭ વર્ષનો દીકરો હતો તો સુરેશને પણ ૬ વર્ષનો દીકરો. બન્ને બાળગોઠિયા થઈ ગયા. લડે, ઝઘડે અને પાછા કોઈની મધ્યસ્થી સિવાય સંપ સુલેહ પણ કરી લીએ. આને કહેવાય નિર્દોષતા.

બે-એક માસ ગયા કેરીનો ફાલ ઉતરવા લાગ્યો. દૂધ પેંડો કેરી સરસ ઉતરી. બધા બેઠા હતા. શેઠનો દીકરો આ કેરી ખાતો હતો અને સુરેશનાં દીકરાએ માંગી. એટલે ખીજવવા શેઠનાં દીકરાએ ના પાડી. સુરેશનો દીકરો રડવા લાગ્યો. રહેમ ખાઈને શેઠનાં દીકરાએ એને ગોટલો આપી બોલ્યો, 'તમારે દૂધ પેંડો ના ખાવાનો હોય, તમારે તો છાશ ફોદા ખાવાનાં હોય.'

શેઠનાં કાને આ શબ્દો અથડાયા અને બોલ્યા, 'સિંહનાં બચ્ચા ખડ ના ખાય.' આમ બોલી કોઈ સમજે વિચારે એ પહેલા શેઠ ઊભા થઈ પોતાનાં દીકરાને ગાલ પર એક ઝાપટ ચોડી દીધી. આ જોઈ બધા અવાચક થઈ ગયા. સુરેશ અને એની પત્ની બોલી પડ્યા, શેઠ, આ શું કરો છો? આ તો બાળક છે એનાં બોલવા સામું થોડું જોવાય? બાળકનાં બોલવા પર ઝાપટ

મરાતી હશે?

તો 'ખાખરાની ખીસકોલી આંબાનો સ્વાદ શું જાણે!' એ શબ્દ ઉપર ઝાપટ મરાય? આ બોલ શેઠનાં મુખેથી નીકળતા સુરેશ વિચારમાં પડી ગયો. એ નાનો હતો અને આત્યાને કેરી આપવાનાં બદલે આ શબ્દો બોલેલ ત્યારે બાપાએ પોતાના ગાલ પર ઝાપટ ચોડેલ. પણ આ વાતની શેઠને કેમ ખબર પડી હશે? આમ વિચારી શેઠ સામે ગાલ ખંજવાળતો બારીકાઈથી જોવા લાગ્યો.

શેઠ બોલ્યા, મારા સામું શું જુવો છો? બોલો ઝાપટ મરાય? જવાબ આપો!

અને સુરેશનાં હોઠ ફફડ્યા. જાણ્યે તમે આતુભાઈ શેઠ તો નહીંને?

શેઠ નહીં, ખાલી તારો આત્યો કહે. આમ કહી એકબીજાને ભેટીને રડી પડ્યા. સુરીયા, આ હરિબાપાની માણસાઈની જ્યોત છે. આ જ્યોત ના બૂઝાય એટલે મારે દીકરાને ઝાપટ મારવી પડી. આત્યાનાં આ દેવતાઈ વેણથી દેવોને પણ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરવાનું મન થયુ હશે.

*સમયે કામ કરી લ્યો, એ સમય કદાચ ફરી નહીં આવશે.*
*સમય આવ્યે સમય સાચવી લ્યો, ગયા પછી પસ્તાવો થશે.*
*સમય એક આઘૂર્ણમાન યોગ છે, નસીબે જ ફરી આવશે.*
*સમયે સાથ આપજો કોઈને, સમય સાથ આપને આપશે.*
*કહેતા નહીં સમય નથી, નહિંતર ફક્ત સમય જ રહેશે.*

**કેશોદ**
**મો. ૯૭૩૭૭ ૧૨૯૯૯**

## 36 RECOMMENDATIONS FOR A HAPPY AND HEALTHY POST-RETIREMENT LIFE

This is a list of 36 recommendations for a happy and healthy post-retirement life. This is a circulation by the HR department of a reputed company.

1. Avoid travelling alone.
2. Travel with your spouse.
3. Avoid going out during peak hours.
4. Avoid excessive exercise or walking.
5. Avoid excessive reading, mobile use or watching TV.
6. Avoid overmedication.
7. Visit doctors on time and take medications regularly.
8. Avoid property dealings after retirement.
9. Always carry your ID and important phone numbers.
10. Forget the past and don't worry too much about the future.
11. Eat what suits you, and chew slowly.
12. Be cautious in the bathroom and toilet.
13. Avoid smoking and drinking, they're harmful.
14. Don't boast about your achievements.
15. Travel extensively for a few years after retirement, then avoid crowded places.
16. Don't discuss your property and assets with others.
17. Exercise according to your capacity and health.
18. Avoid headstands and kapalabhati if you have high BP or heart issues.
19. Stay positive and avoid excessive emotions.
20. Don't sleep immediately after eating
21. Don't lend money to others.
22. Avoid giving unsolicited advice to the next generation.
23. Respect others' time.
24. Don't try to earn more if you don't need to
25. Avoid daytime naps to sleep well at night.
26. Have your own space and respect others' privacy.
27. Make a will and consult your spouse.
28. Avoid giving your retirement savings to the next generation.
29. Join a senior citizens' group, but avoid conflicts.
30. Don't disturb others if you can't sleep.
31. Don't pluck flowers from trees.
32. Avoid discussing politics, or accept differing opinions.
33. Don't constantly complain about your health.
34. Avoid quarreling with your spouse, they're your primary support.
35. Attend spiritual events, but don't become a blind follower.
36. Live a stress-free life with a smile.

***This post is shared by the National Senior Citizens' Welfare Association of India is very useful for everyone. Please go through and try to understand and follow.***

બોધકથા

# ચાલોને, આજે ફરી એક બારણું ખખડાવીએ...

પ્રેષક : નવનીત પટેલ

તમે ક્યારેય એ નોંધ લીધી છે કે દુનિયામાં, જિંદગીમાં પ્રતિ વર્ષ બહુ ઝડપથી ઘટતી કોઈ બાબત હોય તો એ છે આત્મીયતાભર્યા સબંધો..!

ક્યારેક આંખ બંધ કરીને આપણાં પોતાને થોડા પ્રશ્નો કરીએ...

☞ પીઠ પર ધબ્બો મારી તું કહેનારા સબંધો કેટલા...???

☞ ફોન કર્યા વગર, સમય લીધાં વગર, સીધાં જ કોઈનાં ઘરે જઈ શકાય એવાં સબંધો કેટલા...???

☞ કામ વગર, કારણ વગર, ફક્ત મળવાનું મન થયું માટે કે ઉમળકો થયો માટે જઈને મળી શકાય તેવાં સબંધો કેટલાં..???

☞ એક પગલું આગળ, જેનાં ઘરમાં રસોડા સુધી જઈ શકાય અને તાજાં બનતાં દાળ-ભાત ચમચીથી સીધો થાળીમાં લઈને ખાઈ શકાય એવાં ઘર કેટલાં..??

☞ એ આવે ત્યારે પહેરણ અને લેંઘો પહેરીને બેઠા હોઈએ અને પેન્ટ પહેરવાં દોડવું ના પડે એવાં મિત્રો કેટલાં...???

☞ એનું કશુક ના ગમે અને ધડ દઈ શબ્દો ગોઠવ્યાં વગર અસહમત થઈએ અને છતાં બીજી સવારે વાત થાય ત્યારે એની અસર ના હોય એવાં સબંધ કેટલાં..???

આવા રોજબરોજનાં ઘણાં માપદંડ તારવી શકાય. પણ, જો આપણે પૂરતાં પ્રામાણિક હોઈશું તો દરેકનાં જવાબ શૂન્ય કે એકાદ જ આવશે...

એવુ શું થયું આપણાં સંબંધોને..??? હવે તો એવું વિચારવાનો પણ સમય ક્યાં છે?

સંખ્યા વધી, વિસ્તાર વધ્યો, વ્યાપ વધ્યો પણ અંતરનું ઉંડાણ ઘટ્યું. મોબાઈલમાં બે હજાર સંપર્કો સેવ થયેલા છે પણ સ્ક્રોલ કરતી વેળા, ડાયલ કરવાનો ઉમળકો થાય એવા નંબર ગાયબ છે. આત્મિયતા ગૂમ છે, દંભ દેખાડા વગર આમને સામને થઇ શકાય એવાં સંબંધો ગૂમ છે...

નોકરીનાં સબંધો, આપણી વિદાયમાં ગળગળા અવાજે ભાષણ આપનાર, બીજી સવારે આપણને હૃદય અને મોબાઈલની મેમરીમાંથી ડિલીટ કરી નાખે છે. કારણ, ખપ પૂરો થયો છે.

સગપણનાં સબંધો, જ્ઞાતિનાં સબંધો, પાડોશી સંબંધોમાં પણ લગભગ આવું જ છે. આપણે સબંધ નથી બાંધતાં, આપણે સોશિયલ નેટવર્કિંગ કરીએ છીએ. ઓછામાં ઓછાં ખપમાં આવી વધુમાં વધુ ઉપયોગ કરી લેવાની વાત આવડત કે સ્માર્ટનેસમાં ખપે છે.

આ વાત વ્યવહાર પૂરતી સીમિત નથી, લાગણીની પણ લેણદેણ ચાલે છે. દર્દ, દુઃખ વહેંચવા છે, લેવા નથી. કહેવું છે, સાંભળવું નથી. ખામીઓ કાઢવી છે પણ સુધારવામાં મદદ કરવી નથી. ક્યારેક અહંકારને પંપાળવા કોઈ જોઈએ છે, કોઈની ફોડલી પરત્વેની સહાનુભૂતિ એટલે છે કે, તેને પણ દુઃખે છે તેનો સંતોષ મળે છે. માટે સંબંધો ખોખલા બની જાય છે. ટોળાં વચ્ચે શૂન્યતા સર્જાય છે, ભીતરે આવાં જ પ્રતિસાદ બોદા આવે છે.

તો, હવે???

કુદરતે આપણને આ ધરતી પરના ઉત્કૃષ્ટ જીવ તરીકે જન્મ આપ્યો છે, જેની પાસે ભૂખ પણ છે અને સ્વાદ પણ છે, જેને વાસ્તવનું તર્કબધ્ધ વિશ્લેષણ પણ છે, સપના અને કલ્પના પણ છે. તો શા માટે આમ શુષ્ક જીવન જીવવું?

ચાલોને, આજે ફરી એક બારણું ખખડાવીએ.

કોઈને સહજ આવવું ગમે એવો વ્યવહાર બનાવીએ.

મળીએ ત્યારે કશુંક લેવા નહીં પણ કેવળ મળવા જઈએ. કદાચ પ્રતિસાદ ના પણ મળે, તો પણ... ચાલોને, પ્રયાસ તો કરીએ...!!! ■

## આંબાના એક જ વૃક્ષ પર ઝુમતી ૧૪ પ્રકારની કેરીઓ

ધારી તાલુકાના દીતલા ગામનો ખેડૂત પ્રગતિશીલ પ્રોગ્રામમાં સફળ થયો.

આંબાના એક જ વૃક્ષ પર ઝુમતી ૧૪ પ્રકારની કેરીઓ.

ગ્રાફ્ટિંગ અને ખૂંટા પદ્ધતિથી બાગાયતકારે કરેલો પ્રયોગ સફળ થયો. નજીકના દિવસોમાં આ પ્રકારની કેરીઓ બજારમાં મળશે.

આ પદ્ધતિથી એક વૃક્ષ પર કેરીની ૧૦૦ જાત વિકસાવી શકાય.

બોધકથા

# બે 'પેઢી' વચ્ચેની સરખામણી

એક યુવાને તેના પિતાને પૂછ્યું: 'તમે લોકો પહેલા કેવી રીતે રહેતા હતા? ટેક્નોલોજી ન હતી, કાર કે પ્લેન નહીં, ઈન્ટરનેટ નહીં, કોમ્પ્યુટર નહીં, મૉલ નહીં, કલર ટીવી નહીં, મલ્ટિપ્લેક્સ સિનેમા નહીં, મોબાઈલ ફોન નહીં, સારી હોટેલો, રેસ્ટોરન્ટ નહીં, સારા કપડા નહીં, હિલ સ્ટેશન પર ફરવા જવાનું નહીં...!!

તેના પિતાએ જવાબ આપ્યો: જેમકે તમારી પેઢી આજે કેવી રીતે જીવે છે? અમને આશ્ચર્ય થાય છે... કોઈ પ્રાર્થના નથી, કરુણા નથી, કોઈ સન્માન નથી, કોઈ માન નથી, મોટો પરિવાર નથી, શરમ નથી, નમ્રતા નથી, સમયનું આયોજન નથી, રમતગમત નથી, વાંચન નથી, ખેતીકામ નથી, માં - બાપ કે વડીલો પ્રત્યે આદર નથી.'

***અમે – ૧૯૫૦-૧૯૮૦ની વચ્ચે જન્મેલા આશીર્વાદિત લોકો છીએ. અમે જીવંત નવલકથા છીએ.***

☞ રમતી વખતે અને સાઈકલ ચલાવતી વખતે અમે ક્યારેય હેલ્મેટ પહેરી ન હતી. શાળા પછી અમે સાંજ સુધી રમતા. અમે ક્યારેય ટીવી જોયું નથી. અમે સાચા મિત્રો સાથે રમ્યા - ઈન્ટરનેટ મિત્રો સાથે નહીં.

☞ જો અમને ક્યારેય તરસ લાગે તો અમે નળનું પાણી પીધું, બોટલનું નહીં. અમે ચાર મિત્રો સાથે એક જ ગ્લાસ શરબત શૅર કરતા હોવા છતાં અમે ક્યારેય બીમાર પડ્યા નથી.

☞ અમારું વજન ક્યારેય વધ્યું નથી. કારણ અમે રોજ રોટલો દહીં અથાણું ગોળ ખાતા હતા. ખુલ્લા પગે ફરવા છતાં કંઈ થયું નથી. કાંટા અમારાથી દૂર રહેતા.

☞ અમારા માતા અને પિતાએ અમને સ્વસ્થ રાખવા માટે કયારેય કોઈ સપ્લીમેન્ટ્સનો ઉપયોગ કરવા દીધો નથી. મગફળી, ગોળ, બાજરાનો - ઘઉંનો પોંક, મકાઈના ડોડા અને ક્યારેક શેરડીનો સાંઠો મળે એટલે ભયો ભયો...

☞ અમે અમારા પોતાના રમકડા બનાવતા અને તેની સાથે રમતા. ધૂળમાં, રેતીમાં દેશી રમતો રમતા. વાગે તો કાળી માટી લગાવી દેતાં... દુઃખ ગાયબ...

☞ અમારા માતા-પિતાએ અમને પ્રેમ અને સંસ્કાર આપ્યા દુન્યવી ભૌતિક સાધન સામગ્રી નહીં. અમારી પાસે ક્યારેય સેલફોન, ડીવીડી, પ્લે સ્ટેશન, એક્સબોક્સ, વીડિયો ગેમ્સ, પર્સનલ કોમ્પ્યુટર, ઈન્ટરનેટ ચેટ નહોતા – પણ.... અમારે સાચા મિત્રો હતા તે અમારા માટે 'નેટવર્ક'નું કામ કરતા.

☞ અમે અમારા મિત્રોના ઘરની બિનઆમંત્રિત મુલાકાત લીધી અને તેમની સાથે ભોજનનો આનંદ માણ્યો.

☞ તમારી દુનિયાથી વિપરીત, અમારે નજીકમાં રહેતા સંબંધીઓ હતા. જેથી કુટુંબનો સમય અને સંબંધો એક સાથે માણવામાં આવ્યા. મામા, માસી, કાકા, ફઈનો પ્રેમ જોવા તમારે એક પેઢી આગળ જન્મ લેવાની જરૂર હતી.

☞ અમે ભલે બ્લેક એન્ડ વ્હાઈટ ફોટામાં હતા પણ તમને એ ફોટામાં રંગીન યાદી જોવા મળશે. અમે હવે તમારા માટે કલર ઝેરોક્ષ છીએ.

અમે એક અનોખી અને કદાચ સૌથી વધુ સમજદાર પેઢી છીએ, કારણકે અમે એવી છેલ્લી પેઢી છીએ જેમણે તેમના માતા-પિતાનું નત મસ્તકે સાંભળ્યું છે.

ઉપરાંત... અમે એવી પ્રથમ પેઢી છીએ જેઓએ તેમના બાળકો પાસેથી પણ સાંભળવુ પડ્યું છે. હજી પણ બાળકો દલીલો કરે છે. ખોટા સાબિત કરવા પ્રયત્નો આંખની પણ શરમ વગર કરે છે પણ અમે સાંભળી લઈએ છીએ...

અને અમે એવા લોકો છીએ જેઓ હજુ પણ વધુ સ્માર્ટ છીએ અને તમને તે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં મદદ કરી રહ્યા છીએ જે અમે તમારી ઉંમરના હતા ત્યારે ક્યારેય અસ્તિત્વમાં જ ન હતું... જોયું જ ન હતું.... તેથી તમારા માટે એ વધુ સારું છે કે અમે આ પૃથ્વી અને તમારા જીવનમાંથી અદશ્ય થઈએ તે પહેલાં તમે અમારાથી આનંદ લો. અમારી પાસેથી શીખો. માનો કે ન માનો પણ... અમે હરતી ફરતી યુનિવર્સિટી છીએ

આમ જોવા જઈએ તો.. અમે એક અનલિમિટેડ ડીશ છીએ. તમે ધરાઈ જશો. જો પચાવી શકો તો અમને માણો...

## રામસેતુ

ભગવાન શ્રી રામની વાનરસેનાએ બાંધેલો રામસેતુ આજે પણ ભારતમાં સમુદ્ર ઉપરનો સૌથી મોટો પૂલ.

ભારતમાં દરિયા પરના ૩૬ બ્રિજમાં નં.-૧ બ્રિજ એટલે મુંબઈનો અટલ સેતુ ૨૧.૮ કિ.મી. લાંબો જ્યારે રામસેતુ ૪૮ કિ.મી. લાંબો પૂલ છે.

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૭૬

### શ્રી જેસલમેર તીર્થ
### (શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન)



રાજસ્થાનના મુખ્ય શહેર જોધપુરથી ૧૪૦ માઈલ દૂર આવેલ જેસલમેર ગામ પાસે ટેકરી પરના કિલ્લામાં આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૧૦૫ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. એક સમયે જૈનોની જાહોજલાલી ધરાવતા આ નગરમાં ૨૭ જેટલા જૈન શ્રાવકોના પરિવાર રહેતા હતા. જેસલમેરમાં જૈન શિલ્પકલાનું અદ્‌ભુત સૌંદર્ય જોવા મળે છે. એના પ્રત્યેક મંદિરમાં તોરણો, પૂતળીઓ, સ્તંભો વગેરેમાં પશ્ચિમ રાજસ્થાનની શિલ્પકલાની ઉત્કૃષ્ટતા જોવા મળે છે. શિલ્પીઓએ કોઈ પણ પથ્થર પર ક્યાંય એટલી પણ જગ્યા છોડી નથી કે જ્યાં કોઈને કોઈ કલાના દર્શન ન થાય. વળી અહીંનો પીળો પથ્થર પણ અત્યંત કઠણ હોવા છતાં આવી કારીગરી કરવી તે કોઈ નાનીસૂની વાત નથી. સમગ્ર દેશમાં જેસલમેર જેવું એક પણ સ્થાન નથી કે જ્યાં મંદિરો જ નહિં, પણ ઘરના છજા અને ઝરૂખામાં પણ સૂક્ષ્મ કારીગરી જોવા મળે છે. અહીં આશરે સાત હજાર જિનપ્રતિમાઓ છે. દુર્લભ તાડપત્રીય ગ્રંથો ધરાવતા સાત જ્ઞાનભંડારો છે. ૧૮ ઉપાશ્રય છે. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની ભવ્ય પ્રતિમા દર્શનીય છે. એના પ્રવેશદ્વાર પર સેંકડો કલાકૃતિઓ ધરાવતા બે આકર્ષક સ્તંભો પર આકર્ષક તોરણ છે. ગર્ભગૃહ, ગૂઢ મંડપ, સભામંડપ અને ભમતિમાં ૫૧ દેવકુલિકાની શૃંગાર ચોકી છે. ગભારામાં મૂળનાયક ભગવાનની દેદીપ્યમાન મૂર્તિ છે. ૧૪મી સદીથી પણ પહેલાની અનન્ય ભવ્ય પ્રતિમાઓ અને કલાત્મક મંદિર ચિત્તને આકર્ષિત કરે છે. વિ.સં. ૧૨૬૩ના ફાગણ સુદ બીજે લોદ્રવાના પતનને પરિણામે મૂળનાયક ભગવાનની પ્રતિમા અહીં લાવીને બિરાજમાન કરવામાં આવી. વિ.સં. ૧૪૫૯ અને વિ.સં. ૧૪૭૩માં પ્રતિષ્ઠા થયાના ઉલ્લેખો મળે છે.

## તીર્થ દર્શન-૭૭

### શ્રી જમ્મુ તીર્થ
### (શ્રી મહાવીર ભગવાન)



કાશ્મીર રાજયના જમ્મુ શહેરમાં આવેલું આ શિખરબંધી જિનમંદિર છે. અહીં રાજા સંપ્રતિના સમયની મૂળનાયક ભગવાન મહાવીરની પ્રભાવશાળી પ્રતિમા છે. આ પ્રતિમા ખંભાતથી લાવીને આ મંદિરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી તેમજ સ્થાનિક સંઘે આ નૂતન મંદિરનું નિર્માણ કર્યું. આજથી દસેક વર્ષ પહેલાં શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા આ મંદિરનો જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો તેમજ પૂ.આ. શ્રી સમુદ્રસૂરીશ્વરજી મ.સા.ના સુહસ્તે તેની પ્રતિષ્ઠા કરવામાં આવી. જ્યારથી ભગવાનને મંદિરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા છે ત્યારથી અહીંનો શ્રી સંઘ દિનપ્રતિદિન ઉન્નતિ પામી રહ્યો છે. મૂળનાયકની પ્રતિમાની એક બાજુ શ્રી પાર્શ્વનાથ ભગવાન અને શ્રી શાંતિનાથ ભગવાન અને બીજી બાજુ શ્રી પાર્શ્વનાથ ભગવાન અને શ્રી ઋષભદેવ ભગવાન પ્રતિષ્ઠિત છે. મૂળનાયક શ્રી મહાવીર ભગવાનની પ્રતિમા અદ્‌ભુત અને દર્શનીય છે. વળી આ સ્થળે યાત્રાળુઓ માટે ઉત્તમ પ્રબંધ છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

## મોટા ભાગે

મોટા ભાગનાં ઘેર,
'નળ' તો હોય છે,
છતાં
પ્રશ્ન પાણીનો સૌને,
કેમ 'નડતો' હોય છે.

*અરવિંદ સોમૈયા - નખત્રાણા, કચ્છ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
## શ્રી બિપીનચંદ્ર કાનજી રવજી (નાની ખાખરવાલા) કેળવણી સહાય ફંડ

### શૈક્ષણિક સહાય અરજી

ક્રમ
(કાર્યાલયના ઉપયોગ માટે)

પ્રતિ,
શૈક્ષણિક સહાય સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.

*જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે મારા પાલ્ય ચિ. ______________________*
*______________ ના ચાલુ અભ્યાસ માટે આ વર્ષે રૂા. ______________*
*અંકે રૂા. __________________________________ પૂરા ની*
*શૈક્ષણિક સહાયની જરૂર છે જે મંજૂર કરવા વિનંતી છે.*

■ ***વિગતવાર માહિતી નીચે મુજબ છે :***

અરજી કરનાર વાલીનું નામ : ______________________

પત્ર વ્યવહારનું પૂરું સરનામું : ______________________

______________________ પીન કોડ : __________

મોબાઈલ : ______________ સભ્યપદ નંબર : __________

કુટુંબના બધા સભ્યોની મળીને કુલ આવક રૂા. ______________

અંકે રૂપિયા ______________________

પાલ્યનું પૂરું નામ : ______________ અભ્યાસનું ધોરણ : __________

જ્યાં અભ્યાસ કરતો હોય તે શાળા / કોલેજનું નામ : ______________

અને પૂરું સરનામું : ______________________

અન્ય સ્થળેથી મળતી શૈક્ષણિક સહાય-લોન ઈત્યાદિ રકમ રૂા. ______________

અંકે રૂપિયા ______________________

■ ***બાળક / વિદ્યાર્થીના એકલાના અથવા વાલી સાથેના સંયુક્ત બેંક ખાતાની વિગત :***

બેંકનું નામ : ______________ બ્રાંચ : __________

ખાતા નંબર : ______________________

■ ***આ અરજી સાથે નીચેની બાબત જોડવી :***

૧. ઉત્તીર્ણ કરેલ છેલ્લી પરીક્ષાની માર્કશીટની અધિકૃત નકલ.
૨. શાળા - કોલેજમાં ફી ભર્યાની રસીદની અધિકૃત નકલ.
૩. જે બાબત માટે શૈક્ષણિક સહાયની માંગણી કરી છે તેના ખર્ચ આધાર કે પુરાવાની અધિકૃત નકલો વગેરે.
૪. **સમાજ દ્વારા ચલાવાતા 'સક્ષમ'ના કાર્યક્રમમાં મારો પાલ્ય અચૂકપણે હાજરી આપશે.**
૫. **મારો પાલ્ય કમાતો થયાના ૧ વર્ષ બાદ આ લોન—સહાય યોગ્ય હપ્તાવાર પરત કરવા બંધાયેલો છે.**

***સ્થળ : અમદાવાદ.*** ***વાલીની સહી :*** ______________

***તારીખ :*** ______________ ***વાલીનું નામ :*** ______________

CUT FROM HERE

<u>**નોંધ**</u> **:**

૧. અધૂરી વિગતોવાળી કે ખર્ચના આધાર કે પુરાવા બીડેલ ન હોય તેવી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

૨. જે જે હેતુ માટે શૈક્ષણિક સહાયની જરૂર છે તેના વાર્ષિક ખર્ચ, જોઈતી સહાયની રકમ આ ફોર્મની પાછળ આપેલ જગ્યામાં વિગતવાર દર્શાવવી. વિગતો વધુ હોય તો વધારાના પાના સાથે જોડવા.

૩. સંસ્થા વખતોવખતની જોગવાઈ અને ઉપલબ્ધ ફંડ અનુસાર વિદ્યાર્થીને શૈક્ષણિક સહાય / લોન મંજૂર કરશે.

૪. **સહાય / લોનની રકમ ચેકથી વિદ્યાર્થીના નામે આપવામાં આવશે. જેથી વિદ્યાર્થીના નામનો બેંક એકાઉન્ટ વાલી ખોલાવે તે જરૂરી છે.**

૫. આ અરજી બીડાણ સાથે નીચેના સરનામે મોકલવી :

**શૈક્ષણિક સહાય સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ,**

**શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, નેતાજી માર્ગ, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.**

## ● વાલીઓએ નીચેની દરેક બાબત વિગતવાર ભરવી ●

| ક્રમ | સહાયની બાબત | વાર્ષિક ખર્ચ રૂપિયા | જોઈતી સહાય/લોન રૂપિયા |
|---|---|---|---|
| ૧. | સ્કૂલ ફી | | |
| ૨. | પાઠ્ય પુસ્તક અને નોટબુક ખર્ચ | | |
| ૩. | અન્ય શૈક્ષણિક ઉપકરણ ખર્ચ | | |
| ૪. | યુનિફોર્મ ખર્ચ | | |
| ૫. | ટ્યુશન ક્લાસ ખર્ચ | | |
| ૬. | અન્ય ખર્ચ : (વિગત દર્શાવવી) | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | કુલ રકમ : રૂા. | | |

# બાળકોને મોજ આપે એવાં પુસ્તકો

## બાળકથાઓ

| | | |
|---|---|---|
| સિંહનો મોબાઇલ | કિશોર વ્યાસ | 75 |
| લપસણીની મજા | કિશોર વ્યાસ | 90 |
| પતંગિયાની ઉડાન (પુરસ્કૃત) | ગિરિમા ઘારેખાન | 70 |
| બોરનો વરસાદ | રમેશ ત્રિવેદી | 200 |
| ટોલ્સ્ટોયની બાળકથાઓ | રશ્મિન મહેતા | 70 |
| બકાનાં ગતકડાં (બાળહાસ્યકથાઓ) | નિકેતા વ્યાસ કુંચાલા | 225 |
| સિકંદરનો ખજાનો અને બીજી બાળવાર્તાઓ | વરેણ્ય ત્રિવેદી | 170 |
| જલપરીના દેશમાં | નટવર પટેલ | 125 |
| પશુપંખીકથાઓ | મહેન્દ્ર ત્રિવેદી | 160 |
| અવનવી પ્રાણીકથાઓ | ડૉ. અરુણિકા મનોજ દરૂ | 120 |
| દેશ-દેશના બીરબલ | રવીન્દ્ર અંધારિયા | 225 |
| ઊડતો કાચબો | રવજીભાઈ કાચા | 125 |
| સોટી અને પોઢી (પુ. 5) | ધનંજય શાહ | 250 |
| ધ લિટલ પ્રિન્સ | અનુ. નીતિન ભટ્ટ | 100 |
| આવો, કહું એક વાર્તા | જીવતીબહેન પીપલિયા | 130 |
| ખિસકોલીઓનો ડાન્સ | સ્વાતિ મેઢ | 120 |
| મમ્મી, આઈ લવ યૂ | દિગ્ગજ શાહ | 120 |
| બાળવાર્તા (પુ. 5) | ગિજુભાઈ બધેકા | 500 |
| ગિજુભાઈનો બાળપ્રસાદ | સંપા. પ્રસાદ બ્રહ્મભટ્ટ | 110 |

## બાળકાવ્યો

| | | |
|---|---|---|
| બાળકાવ્યગ્રંથાવલિ પુ.5 | રમણલાલ સોની | 350 |
| આખી દીવાલ મારી પાટી | જિગર જોષી, 'પ્રેમ' | 60 |
| ચણચણ ચકલી ચણાની દાળ | હરિકૃષ્ણ પાઠક | 100 |
| મોજમજાનાં ગીતો | યશવંત મહેતા | 125 |
| ચોકલેટ ગીતો | યશવંત મહેતા | 125 |
| ચુનમુન ગીતો | યશવંત મહેતા | 125 |
| આનંદી ગીતો | યશવંત મહેતા | 125 |
| બાળ-કાવ્યકુંજ | અરુણિકા મનોજ દરૂ | 70 |
| ઝગમગ ઝગમગ 1-2 | મહેન્દ્ર ત્રિવેદી | 80 |
| મેઘધનુષ (અભિનય ગીતો) | મિત્તલ પટેલ | 60 |
| થનગનાટ (અભિનય ગીતો) | મિત્તલ પટેલ | 60 |
| આવો, દડૂલિયા | ભારતીબેન જી. બોરડ | 60 |

## જોડકણાં

| | | |
|---|---|---|
| બાળજોડકણાં ગ્રંથાવલિ પુ. 5 | રમણલાલ સોની | 325 |
| હસ હસ હસકણાં | ડૉ. નલિની ગણાત્રા | 120 |
| લોકજીભે રમતાં જોડકણાં | સુમન અજમેરી | 90 |
| બાળગીતો અને જોડકણાં | સંપા. જયંત શુક્લ | 50 |
| એન-ઘેન દીવાઘેન | સંપાદન | 180 |

# વર્ષ 2024-25માં પ્રકાશિત વિવિધ સ્વરૂપનાં વસાવવાં જેવાં પુસ્તકો










| | | |
|---|---|---|
| તિલોર (...લુપ્તયોગનું કલ્પવિધાન) (નવલકથા) | ધ્રુવ ભટ્ટ | 350 |
| જીનામ (નવલકથા) | હરેશ ધોળકિયા | 190 |
| દૂરનાં સગપણ (નવલકથા) | ધીરેન્દ્ર મહેતા | 200 |
| વામનરાવ નાઈટ્સ (નવલકથા) | રમેશ ર. દવે | 240 |
| જાણું છું ધર્મ પણ (નવલકથા) | ઇલા આરબ મહેતા | 230 |
| અગોચર મનની ભીતર (નવલકથા) | ભાવના હેમંત વકીલના | 150 |
| ભવચક્ર અને નેહબંધ (નવલકથા) | દીના પંડ્યા | 290 |
| એક મીઠી વંચના (નવલકથા) | જાગૃતિ ત્રિવેદી | 250 |
| ત્રીજી મુલાકાત (નવલકથા) | બાલેન્દુશેખર જાની | 300 |
| હીરો કુંભાર (નવલકથા) | રશ્મિન પ્રજાપતિ | 475 |
| પરગણું (નવલકથા) | કાશીરામ વિ. પ્રજાપતિ | 270 |
| એક ખોબો ઉજાસનો (નવલિકાઓ) | દીના પંડ્યા | 260 |
| મોકળાશ (નવલિકાઓ) | મોના આર. જોશી | 355 |
| ઊઘડતી દિશા (નવલિકાઓ) | સંજય ચૌધરી | 230 |
| એલીહાઉસ (નવલિકાઓ) | ગિરા પિનાકિન ભટ્ટ | 200 |
| મારામાં ક્યાંક તું (નવલિકાઓ) | નરેન્દ્રસિંહ મ. વાઘેલા | 145 |
| વહેતો પવન ખૂલતી દિશા (નવલિકાઓ) | યોગેશ પંડ્યા | 495 |
| અંજળપાણી (નવલિકાઓ) | વાસુદેવ સોઢા | 180 |
| આયામ (નવલિકાઓ) | વાસુદેવ સોઢા | 160 |
| ન હકાર ન નકાર (નવલિકાઓ) | ધર્મેશ ગાંધી | 200 |
| હૃદયરત્નો (ચરિત્રલેખો) | રોહિત શાહ | 400 |
| સાવ કોરો કાગળ (અછાંદસ-કાવ્ય) | લતા હિરાણી | 130 |
| ઊગ્યું રે અજવાળું (ગીતો) | લતા હિરાણી | 100 |
| તાકધિનાધીન (બાળનાટક) | લતા હિરાણી | 120 |
| વહાલનું વાવેતર (બાળ-ઘડતર) | લતા હિરાણી | 250 |
| ભાવધારા (જીવનપ્રેરક) | લતા હિરાણી | 140 |
| શ્વાસ સાથે સંવાદ (જીવનપ્રેરક) | ડૉ. ધર્માંશુ વૈદ્ય | 190 |
| કવન ભણી (કાવ્યો) | નીતા આવસત્થી | 490 |
| ભીતરની સમૃદ્ધિની અનુભૂતિ (લેખો) રાજેશ વાત્તમકાર, અનુ. યોસેફ મેકવાન | | 100 |
| કૈલાશના સાંનિધ્યમાં (કૈલાશ માનસરોવર, આદિ કૈલાશ, શ્રીખંડ કૈલાશ, કિન્નોર કૈલાશ અને મણિમહેશની યાત્રા) | શ્યામકુમાર ભાનુદાસ સોનાર | 350 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com,
website : gspbooksmall.com

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

મંગલ મંદિરને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

## હાર્દિક શુભેચ્છાઓ

સત્ય અને પ્રામાણિકતાના રસ્તા ઉપર
બહુ ઠોકરો વાગશે, બહુ પીડા થશે
અને મંઝીલ પણ જલ્દી નહીં મળે.
પરંતુ જ્યારે મંઝીલે પહોંચશો
તો તમારા જેવી સુખી અને સફળ વ્યક્તિ
દુનિયામાં બીજી કોઈ નહીં હોય.

અગર સફળતા પ્રાપ્ત કરવી હોય તો
ક્યારે પણ સમય અને હાલતથી
પરેશાન થવાની જરૂરત નથી,
મંઝીલ ભલે દૂર હોય
પરંતુ ગભરાવાની જરૂરત નથી
કેમ કે નદી ક્યારે પણ પૂછતી નથી
કે સમુદ્ર હજુ કેટલો દૂર છે.

**સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર**

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

Since 1985

**INDOTEX PAINTS**

• Durable • Decorative • Protective • Anti-fungus
• Heat, Scrub and UV resistant • All weather proof

PRODUCTS • Exterior & Interior Emulsion • Textures • Putty • Distemper • Primers • Enamel • Damp Proof • Satin Enamel • Zinc Yellow • Red Oxide • Wood Primers • Road Marking • Aluminium Paint • Black Board Paint • Touch wood • Epoxy enamels • Thinners

Contact No.: 9825033596 • 9712133596 • 9909444598
Web : www.indotexpaints.com • E-mail : indotexpaints@yahoo.co.in




સ્ટેપલરની એક પીન
કરોડોના દસ્તાવેજ સાચવી રાખે છે.
દુનિયામાં કોઈ પણ વ્યક્તિને એના કદથી નહીં,
એના ગુણથી પારખજો.



જે માણસ સારા વિચારો પકડી શકે છે,.
એ માણસે હાથમાં માળા પકડવાની
જરૂરત રહેતી નથી.


*Bharat B. Gala*
M. : 93270 05460

SHREE
**Raju** ENTERPRISE

RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in



*With Best Compliments From*

**Sathwara Construction**

C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com




સારું કામ અને સારી ભાષા
ફિક્સ ડિપોઝીટ સમાન છે;
સમય જતાં મૂડીની સાથે વ્યાજ પણ આપી જાય છે.



હંમેશાં એટલા નાના બનો કે
કોઈ પણ વ્યક્તિ તમારી સાથે બેસી શકે અને
પોતાના કામો થકી એવા મોટા બનો કે
તમે ઉભા થાવ ત્યારે કોઈ બેસી ન શકે.


૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

**શાંતિનાથ ડેકોરેટર્સ**
(મહાવીર ગ્રુપ - ધામાવાળા)
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર

બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

• શુભેચ્છા સહ •



પ્રભુલાલ એમ. સંઘવી

ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

Chandrakant K. Gada
+91-9825069290

BLUE STAR INDUSTRIES

Stainless Steel Re-Rollers

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

SKYBLUE
STATIONERY MART
EVERY THING THAT YOU THINK



South Bopal : 35, Gala Magnus,
Opp. Safal Parisar-1, Ahmedabad
Krutika Haria : 9099047163

Surdhara : GF Shop No. 26,
Maple Trade Centre, SAL Hospital
Road, Thaltej, Ahmedabad.
Piyush Salva : 9879568027



ફ્યુઝન કિડની કેર પ્રા. લી.
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



ડો.હિમાંશુ શાહ [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

BMCB BANK ESTD 1995
Multi-State Bank
ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ–૬.
Tel. : 26400969 • www.bhujbank.com

બેંકની વિવિધ સગવડો

- FDR વ્યાજ દર upto 8.75% @ with monthly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil*
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : • વર્ષ ૨૦૨૨ : ૧૦% • વર્ષ ૨૦૨૩ : ૧૨%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫

* Conditions apply



ભાઈ, ભાઈબંધ, ભાગીદાર અને ભગવાન –
આ ચારની સાથે ચાલાકી નહીં કરનાર
હંમેશાં ફાયદામાં રહે છે.

પાણી તો દરેકને એક જેવું જ અપાય છે. છતાં શેરડી મીઠી, દ્રાક્ષ ખાટી, કારેલું કડવું અને મરચું તીખું ઉગે છે; એનું કારણ પાણી નહીં પણ બીજ છે. આપણે આપણા મનમાં જેવા વિચારોનું વાવેતર કરીશું એવું જ ઉગી નીકળશે.

*If undelivered please return to :*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**